અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 08 ઓક્ટોબર 2026 ગુરુવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, ભાદરવા વદ - 13 | અંક : 99 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 મમદાનીની જીતે યુરોપની રાજનીતિ બદલી: ડાબેરી પક્ષોએ સસ્તા ઘરો અને ઓછા ભાડાને મુદ્દો બનાવ્યો.....

4  ચૂંટણી કમિશન સામે વિરોધ વચ્ચે રાહુલ-પ્રિયંકાની અટકાયત, રાહુલ ગાંધીનો આકરો પ્રહાર

6 'લોકોનું મનોરંજન કરતાં-કરતાં ખુદ ડ્રામા બની ગયો છું', અભિનેતા રાજપાલ યાદવ 1.15 કરોડ ચૂકવવા રાજી

7  રિલાયન્સ, બેંકિંગ, FMCG શેરોમાં તેજી : સેન્સેક્સ 685 પોઈન્ટ ઉછળી 73068

NEWS BRIEF

દિલ્હીના સીમાપુરીમાં 5 માળની ઈમારત ધરાશાયી

8 થી 10 લોકો કાટમાળમાં દટાયા હોવાની આશંકા, રેસ્ક્યુ ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ

દિલ્હીમાં માછલી બજાર નજીક સીમાપુરી વિસ્તારમાં બુધવારે 5 માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ. ન્યૂઝ એજન્સી આઈએએનએસના જણાવ્યા મુજબ, બિલ્ડિંગ માલિકના પરિવાર સહિત 8થી 10 લોકો કાટમાળમાં દટાયેલા છે. અત્યાર સુધીમાં 2 બાળકો સહિત 5 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. બચાવ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં લાગી છે.

આ ઈમારત ઈદગાહ મસ્જિદ નજીક આવેલી હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું કે દુર્ઘટના બપોરે લગભગ 3:10 વાગ્યે થઈ હતી. તે સમયે બિલ્ડિંગના પહેલા માળે એક પરિવારના ચારથી પાંચ લોકો હાજર હતા. ઘાયલોને રાજીવ ગાંધી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ફાયર કંટ્રોલને બપોરે લગભગ 3:15 વાગ્યે બિલ્ડિંગ ધરાશાયી થવાની જાણકારી મળી હતી, ત્યારબાદ દિલ્હી પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે આ ઈમારત ગલીની અંદર તરફ આવેલી છે. ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાનો અને ઉપર ચાર માળ બનાવવામાં આવ્યા હતા, જેમાં અલગ-અલગ પરિવારો રહેતા હતા. બિલ્ડિંગ માલિક અને તેનો પરિવાર પણ આ જ ઈમારતમાં રહેતો હતો.

સુપ્રીમ કોર્ટ ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગેના નિર્ણયની તપાસ કરશે

સુનાવણી કરી રહેલાં ન્યાયાધીશોમાં સહમતિ નહોતી, કમિશનરોની નિમણૂક પેનલમાંથી CJIને હટાવવાનો મામલો

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે તે ચૂંટણી કમિશનરોની નિમણૂક સાથે જોડાયેલા પોતાના નિર્ણયની ફરીથી તપાસ કરશે. 23 સપ્ટેમ્બરે જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માએ આ મામલાને મોટી બેન્ચ પાસે મોકલવાના મુદ્દે અલગ-અલગ મત વ્યક્ત કર્યા હતા. જસ્ટિસ દત્તાએ કહ્યું હતું કે મામલાને મોટી બેન્ચ પાસે મોકલવાની જરૂર નથી. જ્યારે જસ્ટિસ શર્માએ મામલાને મોટી બેન્ચ પાસે મોકલવાનું સમર્થન કર્યું હતું. પરંતુ આ નિર્ણય અંગે દાખલ કરવામાં આવેલી અરજીમાં જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા સામે પક્ષપાતની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. તેમના પુત્ર મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયાના સ્ટેન્ડિંગ કાઉન્સેલ છે. આ સમગ્ર મામલો 2023ના કેન્દ્ર સરકારના તે નિર્ણય સાથે જોડાયેલો છે, જેમાં કેન્દ્ર સરકારે ચૂંટણી કમિશનરોની નિમણૂક સંબંધિત પ્રક્રિયામાં ફેરફાર કર્યો હતો. વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ અરજી રજૂ કરી હતી. બેન્ચમાં ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહના પણ સામેલ છે. ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે સંસદનો કોઈ અલગ કાયદો નહોતો. કેન્દ્ર સરકાર (કેબિનેટ) પોતાની પસંદગીના નામ નક્કી કરતી હતી અને રાષ્ટ્રપતિની મંજૂરીથી તેમની સીધી નિમણૂક થઈ જતી હતી, એટલે કે સમગ્ર નિર્ણય એકલા સરકારના હાથમાં હતો.

2023 પછી શું બદલાયું: સંસદે નવો કાયદો બનાવ્યો, જેના હેઠળ 3 સભ્યોની પસંદગી સમિતિ નક્કી કરવામાં આવી. હવે આ સમિતિમાં વડાપ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને એક કેબિનેટ મંત્રી મળીને નામ નક્કી કરે છે. તેનાથી નિમણૂકમાં વિરોધ પક્ષની ભાગીદારી તો જોડાઈ, પરંતુ સરકાર પાસે 2 સભ્યોનું બહુમતી સ્થાન યથાવત રહ્યું. ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે સંસદનો કોઈ અલગ કાયદો નહોતો. કેન્દ્ર સરકાર (કેબિનેટ) પોતાની પસંદગીના નામ નક્કી કરતી હતી અને રાષ્ટ્રપતિની મંજૂરીથી તેમની સીધી નિમણૂક થઈ જતી હતી.

ચૂંટણી પંચ સામે વિરોધને લઈને કોકરોચ જનતા પાર્ટીની જાહેરાત

10 ઓક્ટોબરે દિલ્હી કૂચ, જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ તેજ

- સૌરવ દાસનો સરકાર પર ગંભીર આરોપ, કહ્યું-'ભાજપ કાર્યકર્તાઓને પથ્થરમારો અને લાઠીઓ ચલાવવાનું કહી રહી છે'; સ્વતંત્ર તપાસ અને કેસની માગ

નવી દિલ્હી, તા.07

સીજેપીના પ્રવક્તા સૌરવ દાસે કહ્યું કે ભાજપ પોતાના કાર્યકર્તાઓને કહી રહી છે કે દિલ્હી પહોંચીને પથ્થરમારો કરો. લાઠીઓ ચલાવો. શું સરકાર દેશમાં ગૃહયુદ્ધ ઈચ્છે છે? અમે સરકારને ચેતવણી આપીએ છીએ કે સુધરી જાઓ. દેશનો યુવા જવાબદારી માગી રહ્યો છે. અગાઉની ભૂલનું પુનરાવર્તન ન કરો. વાસ્તવમાં, દિલ્હીના પ્રેસ ક્લબમાં કૉક્રોચ જનતા પાર્ટી અને ડાબેરી વિદ્યાર્થી સંગઠનોએ બુધવારે પ્રેસ કૉન્ફરન્સ યોજી હતી.

તેમણે વધુમાં કહ્યું કે જ્ઞાનેશ કુમારને માત્ર હટાવવામાં ન આવે, પરંતુ તેમની સામે કેસ પણ દાખલ કરવામાં આવે અને તેમને સજા મળે. એક સ્વતંત્ર સમિતિ તેમની અને તેમના નિર્ણયો અંગે તપાસ કરે. 10 ઑક્ટોબરે કૉક્રોચ જનતા પાર્ટી દિલ્હીના જંતર-મંતર ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે પ્રદર્શન કરવાની છે. 20 જૂનથી 25 જુલાઈ સુધી કૉક્રોચ જનતા પાર્ટીએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે 36 દિવસ સુધી દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન કાર્યકર્તા સોનમ વાંગચુક પણ ભૂખહડતાળ પર બેઠા હતા.

મહિલા પ્રદર્શનકારીઓ સાથે ગેરવર્તન: સૌરવ દાસે કહ્યું કે દિલ્હી પોલીસના પુરુષ પોલીસકર્મીઓ મહિલા પ્રદર્શનકારીઓ સાથે ગેરવર્તન કરી રહ્યા છે. દિલ્હી પોલીસમાં રહેલા અને પૈસાના જોરે ભરતી કરાયેલા આવા કોઈપણ દરિંદાઓને

છોડવાના નથી.

પોલીસ બર્બરતા આચરી શકે છે: સૌરવ દાસે કહ્યું કે જ્યારે અમે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગી રહ્યા હતા ત્યારે પોલીસે બર્બરતા આચરી હતી. લોકોના માથાં ફોડી નાખ્યાં, છોકરીઓ સાથે ગેરવર્તન કર્યું, પેલેટ ગન ચલાવી, બિહારમાં તો ભાજપ સરકારે એકે-47 સુધી ચલાવી દીધી. અમને આશંકા છે કે આ વખતે દિલ્હીમાં પણ આ લોકો આવું જ કંઈક આયોજન કરી રહ્યા છે.

10 ઓક્ટોબરે દિલ્હીમાં આવવાની અપીલ: મીડિયા સાથે વાત કરતાં સૌરવ દાસે કહ્યું કે સરકારને ડર છે કે જો દેશના યુવાનો એકજૂટ થઈ ગયા તો તેમનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે. હું અપીલ કરું છું કે 10 ઓક્ટોબરે દિલ્હી આવો.

લોકશાહી બચાવવા વિપક્ષ એકસાથે: નેહા બોરાએ કહ્યું કે 4 ઓક્ટોબરે ઈન્ડિયા ગેટથી જંતર-મંતર સુધીની માર્ચમાં લગભગ 3000 લોકો હતા. પરંતુ ત્યાં મને એક ખાનગી ગાડીમાં એકલી બેસાડવામાં આવી હતી. જોકે પ્રદર્શનકારીઓએ તે ગાડીને આગળ વધવા દીધી નહોતી.

2 ઓક્ટોબરથી 7 ઓક્ટોબર સુધી દેશભરમાં જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ માટે 7 મોટા વિરોધ પ્રદર્શન થઈ ચૂક્યાં છે.

ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર, ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ SIR સાથે જોડાયેલા નિર્ણયો અને આદેશો સામે રેકોર્ડમાં ઓછામાં ઓછા 14 વખત વાંધો ઉઠાવ્યો હતો.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક નિર્ણયો બંને ચૂંટણી કમિશનરોની જાણકારી અથવા ભલામણ વિના જારી કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિપક્ષ CEC જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ સાથે દેશભરમાં પ્રદર્શન કરી રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ 2 ઑક્ટોબરની રાત્રે લગભગ 10:46 વાગ્યે 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું હતું કે જો જ્ઞાનેશ કુમારે રાજીનામું નહીં આપ્યું, તો 10 ઑક્ટોબરે સમગ્ર દેશમાંથી કોકરોચ દિલ્હી પહોંચશે.

દીપકેએ લખ્યું, "જો દિલ્હી પોલીસ અમને રોકવાનો પ્રયાસ કરશે, તો જ્યાં તેઓ અમને રોકશે, ત્યાં જ અમારું જંતર-મંતર હશે. અમારું આંદોલન શાંતિપૂર્ણ હશે. અમે મહાત્મા ગાંધી દ્વારા બતાવેલા માર્ગ પર ચાલીશું."

ગુજરાતના CMથી લઈને દેશના PM સુધીના પ્રમુખ પદોએ 25 વર્ષ પૂરા થવા પર PM મોદીએ કહ્યું- દેશની પ્રજાનો આભાર

નવી દિલ્હી, તા.07

પીએમ મોદીએ સરકારના વડા તરીકે 25 વર્ષ પૂરા થવાના અવસર પર 'વિકાસિત ભારત સંકલ્પ સભા'ને સંબોધિત કરતા જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે આ સફળતા જનતાના આશીર્વાદ અને સહયોગનું પરિણામ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, '7 ઓક્ટોબરે જ્યારે મેં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, ત્યારે મેં ક્યારેય વિચાર્યું ન હતું કે એક દિવસ આ પડાવ પણ આવશે. 25 વર્ષની સેવા પૂરી થવી મારા માટે ખુશીનો અવસર છે. આ દેશની જનતાના આશીર્વાદનું પરિણામ છે. જનતાને નમન અને એનડીએ (NDA), તમામ મંત્રીઓ અને નેતાઓનો પણ આભાર. આ 25 વર્ષોમાં યોજાયેલા અનેક ચૂંટણીઓમાં જનતાએ જે વિશ્વાસ મૂક્યો છે તેના માટે પણ આભાર અને 'સેવા જ્યોતિ યાત્રા'માં સામેલ તમામ લોકોને અભિનંદન.'

આજના દિવસની શરૂઆત વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, 'આજે સવારે હું દિલ્હીના વિનાયક મંદિરમાં દર્શન કરવા ગયો હતો. મેં મંદિરમાં દેશ અને 140 કરોડ દેશવાસીઓ માટે પ્રાર્થના કરી હતી, તેમજ પોતાના માટે પણ પ્રાર્થના કરી હતી કે મને દેશ માટે વધુ ઊર્જા સાથે કામ કરવાની શક્તિ અને સામર્થ્ય મળે. આ 25 વર્ષોનો અનુભવ ખૂબ મોટી પૂંજી છે.' જનતાને ઈશ્વરનું રૂપ ગણાવતા તેમણે કહ્યું, 'દેશે મને ઘણું બધું આપ્યું છે, તેથી દેશ પ્રત્યે મારી જવાબદારી પણ ખૂબ વધારે છે. આ 25 વર્ષોનો અનુભવ માત્ર મોદીની નહીં, પરંતુ દેશની મૂડી છે.' તેમણે દેશના નાગરિકોને જ આના સાચા અધિકારી ગણાવ્યા.

પોતાના 25 વર્ષના સફરને યાદ કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, 'મારા જીવનમાં કોઈ પણ ઘટના વ્યર્થ ગઈ નથી. જેણે મને જીતાડ્યો મને વિનમ્ર બનતા શીખવ્યું, જ્યારે જેણે પડકાર્યો કે હાર આપી ત્યારે ફરીથી ઊભા રહેતા શીખવ્યું. શુભચિંતોકોએ પ્રોત્સાહિત કર્યો અને આલોચકોએ મને પોતાની અંદર ડોકિયું કરવાની તક આપી.'

ઉલ્લેખનીય છે કે પીએમ મોદીએ સરકારના વડા તરીકે 25 વર્ષ પૂરા કરી લીધા છે. તેમણે 7 ઓક્ટોબર, 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને ત્યારબાદ 26 મે, 2014ના રોજ પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. આ પ્રકારે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે તેમને જનસેવા કરવામાં 25 વર્ષ પૂરા થયા છે.

રાહુલ-પ્રિયંકાએ પોલીસનો પ્લાન કેવી રીતે નિષ્ફળ બનાવ્યો

- કસ્ટડીમાં લેવા માટે બસમાં બેસાડ્યા, તો ઊતરીને આકાશવાણી ઓફિસમાં ઘૂસી ગયા, 8 કલાક સુધી અડગ રહ્યા

નવી દિલ્હી, તા.07

SIRના વિરોધમાં મંગળવારે વિપક્ષ ચૂંટણી પંચ સુધી સેવ ડેમોક્રેસી માર્ચ કાઢી હતી. પોલીસે રસ્તો રોક્યો, બેરિકેડ લગાવ્યા અને નેતાઓને બસમાં બેસાડીને વિરોધ પ્રદર્શન સમાપ્ત કરાવવાની તૈયારી કરી. ત્યારે અચાનક તસવીર બદલાઈ ગઈ. રાહુલ-પ્રિયંકા ગાંધી અચાનક બસમાંથી નીચે ઉતરી ગયા અને આકાશવાણી ભવનની અંદર ઘૂસી ગયા. બંને પરિસરની અંદર વડના ઝાડ નીચે ધરણા પર બેસી ગયા અને પોલીસની યોજનાને નિષ્ફળ બનાવી દીધી. જે ધરણા થોડા કલાકોમાં સમાપ્ત થવાના હતા, તે રાત્રે 8 વાગ્યા સુધી ચાલ્યા. પોલીસને કોંગ્રેસ કાર્યકરોને હટાવવામાં 8 કલાકથી વધુનો સમય લાગી ગયો. INDIA બ્લોકના વિપક્ષી સાંસદો સંસદ પરિસરમાં મકર દ્વાર પાસે એકત્ર થયા. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ, સુપ્રિયા સુલે સહિતના વિપક્ષી સાંસદો સંસદથી

ચૂંટણી પંચની કચેરી તરફ આગળ વધ્યા. કૂચ થોડે જ અંતર સુધી આગળ વધી શકી હતી. પોલીસે નીતિ આયોગ પાસે બેરિકેડ લગાવીને રસ્તો રોકી દીધો. વિપક્ષી સાંસદોએ આગળ જવાની માગ કરી. તેઓ અહીં રસ્તા પર ધરણા અને સૂત્રોચ્ચાર કરતા રહ્યા. રસ્તો બંધ થઈ ગયા બાદ વિપક્ષી સાંસદો રસ્તા પર બેસી ગયા. જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. રાહુલ પોલીસના બેરિકેડ પર ચઢી ગયા અને તિરંગો લહેરાવ્યો. ત્યારબાદ પોલીસે પ્રદર્શનકારીઓને હટાવવાનું અને નેતાઓને કસ્ટડીમાં લઈને બસોમાં બેસાડવાનું શરૂ કર્યું.

ચોમાસુ સત્ર સ્થગિત થયા બાદ પણ સમાપ્ત થયું નથી: સંસદ 54 દિવસથી બેઠક વિના, 37 વર્ષનો રેકોર્ડ તૂટ્યો, વિશેષ સત્રની અટકળો

નવી દિલ્હી, તા.07

સંસદના ચોમાસુ સત્રની બેઠકો પૂર્ણ થયાને લગભગ બે મહિના થવા આવ્યા છે, પરંતુ સત્રનું સત્તાવાર રીતે સમાપન થયું નથી. ત્યારબાદ વિશેષ સત્રની અટકળો ચાલી રહી છે. લોકસભા અને રાજ્યસભાને 13 ઑગસ્ટે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી. મંગળવાર સુધી સત્રાવસાનની સૂચના જારી કરવામાં આવી નથી. આ રીતે બંને ગૃહો 54 દિવસથી સત્રાવસાન વિના છે. બંને ગૃહો એકસાથે સત્રાવસાન વિના રહેવાની આ સૌથી લાંબી અવધિ છે. આ પહેલાં 1989માં બંને ગૃહો 53 દિવસ સુધી આવી સ્થિતિમાં રહ્યા હતા. ત્યારે 18 ઑગસ્ટે બંને ગૃહો સ્થગિત થયા હતા અને સત્રાવસાન કર્યા વિના 11 ઑક્ટોબરે એ જ સત્રની બેઠક ફરી શરૂ થઈ હતી. આ વખતે 54 દિવસ પૂર્ણ થયા હોવા છતાં ન

તો બેઠક બોલાવવામાં આવી છે અને ન તો સત્રાવસાન થયું છે.

સત્ર સમાપ્ત જાહેર ન થયું હોવાથી જરૂર પડે ત્યારે સરકાર પાસે આ જ સત્રની બેઠક ફરીથી બોલાવવાનો વિકલ્પ ખુલ્લો છે. સત્તારૂઢ ખેમા સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં સંસદની બેઠક બોલાવવાની સંભાવનાઓ અંગે ચર્ચા ચાલી રહી છે.

રાજકીય વર્તુળોમાં સીમાંકન, લોકસભા બેઠકોની સંખ્યા વધારવા અને મહિલા અનામત લાગુ કરવા સંબંધિત આગામી પગલાં અંગે પણ અટકળો ચાલી રહી છે. જોકે સરકારે બેઠક બોલાવવા અથવા તેના એજન્ડા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

સત્રાવસાન ન થવાને કારણે આ સત્રની બેઠક ફરીથી બોલાવી શકાય છે. વર્તમાન સ્થિતિની એક મહત્વપૂર્ણ બંધારણીય અસર અધ્યાદેશ પર છે. અનુચ્છેદ 123 હેઠળ અધ્યાદેશ ત્યારે જ બહાર પાડી શકાય છે, જ્યારે સંસદના બંને ગૃહો સત્રમાં ન હોય. એટલે કે સત્રાવસાન ન થાય ત્યાં સુધી અધ્યાદેશ આવી શકતો નથી.

રાજકીય વિશ્લેષક સંજય કુમારના જણાવ્યા મુજબ, સત્રાવસાન ન થવાને કારણે આ સત્રની બેઠક ફરીથી બોલાવી શકાય છે. વર્તમાન સ્થિતિની એક મહત્વપૂર્ણ બંધારણીય અસર અધ્યાદેશ પર છે. અનુચ્છેદ 123 હેઠળ અધ્યાદેશ ત્યારે જ બહાર પાડી શકાય છે, જ્યારે સંસદના બંને ગૃહો સત્રમાં ન હોય. એટલે કે સત્રાવસાન ન થાય ત્યાં સુધી અધ્યાદેશ આવી શકતો નથી.

પાર્ટી પ્લોટ, ક્લબ કે સોસાયટી અને શેરી ગરબા માટે પોલીસના 44 નિયમ, 12 વાગ્યા સુધી જ માઈક ચાલુ રાખી શકાશે

અમદાવાદ, તા.07

અમદાવાદમાં આગામી તા. 11થી 20 દરમિયાન યોજાનારી નવરાત્રિ અને દશેરાના પર્વને લઈને પોલીસ કમિશનરે સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે. પાર્ટી પ્લોટ, ક્લબ, સોસાયટીઓ અને શેરી ગરબાના આયોજકો માટે પોલીસે કુલ 44 નિયમોની યાદી જાહેર કરી છે. જેમાં પરવાનગી માટે 12 નિયમો અને વ્યવસ્થા માટે 32 નિયમોનો સમાવેશ થાય છે. આ નિયમોનો હેતુ નાગરિકોની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને શાંતિ જાળવવાનો છે.

પોલીસના જાહેરનામા મુજબ, કોઈપણ આયોજનમાં સત્તાવાર રીતે રાત્રે 12 વાગ્યા સુધી જ માઈક સિસ્ટમ, લાઉડ સ્પીકર કે પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. રાત્રે 12 વાગ્યા પછી માઈક ચાલુ રાખી શકાશે નહીં અને નોઈઝ પોલ્યુશનના નિયમોનું સખત પાલન કરવાનું રહેશે. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્ટની આસપાસના સાયલન્ટ ઝોનમાં માઈક કે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

બિનવ્યાવસાયિક એવા સોસાયટીઓ અને શેરી ગરબાઓમાં લાઉડ સ્પીકરની મંજૂરી સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી પી.આઈ. દ્વારા આપવામાં આવશે, જે મોટી રાહતની બાબત છે. જ્યારે ટિકિટ કે પાસ ધરાવતા પાર્ટી પ્લોટ અને ક્લબના વ્યાવસાયિક આયોજનો માટે પોલીસ સ્ટેશનના અભિપ્રાય બાદ એસીપી (ટ્રાફિક) દ્વારા મંજૂરી અપાશે. શેરી ગરબાઓમાં પોલીસ સાથે સંકલન માટે આયોજકોએ ફરજિયાતપણે બે મેન્ટર નિમવાના રહેશે અને પોલીસ સ્ટેશનમાંથી પણ એક અધિકારી કે કર્મચારીને મેન્ટર તરીકે નિમવામાં આવશે. આ પોલીસ અને પબ્લિક મેન્ટર્સ મહિલા સુરક્ષા, ટ્રાફિક નિયંત્રણ અને કેફી દ્રવ્યોના પ્રવેશ પર નજર રાખશે.

ગરબામાં આવનાર તમામ લોકોના ઓળખ પુરાવા મેળવવા અને મહિલા સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મહિલા સુરક્ષા માટે પોલીસની 'શી ટીમ' સાથે સંકલન કરવાનું રહેશે. આ ઉપરાંત સાઉન્ડ સિસ્ટમ ભાડે આપનારની તમામ વિગતો આપવાની રહેશે અને સાઉન્ડ સંબંધી કોઈ ઘટના ઘટે તો તેની

જવાબદારી આયોજકો અને સિસ્ટમ માલિકોની રહેશે.

ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થા માટે ગરબા સ્થળની બંને બાજુએ 200 મીટર સુધી ટ્રાફિક જામ કે અડચણરૂપ પાર્કિંગ ન થાય તેની જવાબદારી આયોજકની રહેશે. કાર્યક્રમ સ્થળે પૂરતા સીસીટીવી કેમેરા ગોઠવવાના રહેશે, એન્ટ્રી અને એક્ઝિટ ગેટ અલગ રાખવાના રહેશે તેમજ અસામાજિક તત્વો પર નજર રાખવા માટે AI બેઝ્ડ કેમેરા લગાવવાના રહેશે.

ગરબા સ્થળે કેફી દ્રવ્યો (નશો) કરીને કોઈ પ્રવેશ ન કરે તે માટે બ્રેથ એનેલાઈઝર, ડોરફ્રેમ અને હેન્ડ મેટલ ડિટેક્ટર રાખવા પડશે. નશાખોરોને અટકાવી પોલીસને જાણ કરવા માટે બે વ્યક્તિઓ ફરજિયાત નિમવાની રહેશે અને તેમની વિગતો પોલીસ સ્ટેશનમાં આપવી પડશે.

લાઉડ સ્પીકર ભાડે આપનારની તમામ વિગતો આપવાની રહેશે. સાઉન્ડ સિસ્ટમ સંદર્ભે કોઈપણ ઘટના બનશે તો તેની જવાબદારી આયોજકો અને સિસ્ટમના માલિકોની રહેશે.

ગરબા આયોજન સ્થળની બન્ને બાજીએ 200 મીટરમાં ટ્રાફિક જામ કે અડચણરૂપ પાર્કિંગ ન થાય તેની જવાબદારી આયોજકની રહેશે. કાર્યક્રમ સ્થળે ઈલેક્ટ્રિક ફિટીંગ, ફાયર સેફ્ટી ઉપરાંત સિક્યુરિટી ગાર્ડ, પાર્કિંગ અને વોલેન્ટિયર્સ વ્યવસ્થા આયોજકોએ કરવી. કાર્યક્રમ અને પાર્કિંગના સ્થળ પૂરતા સીસીટીવી, કેમેરા ગોઠવવા. કાર્યક્રમ સ્થળે એન્ટ્રી-એક્ઝિટ ગેટ અલગ રાખવા. મહિલા સુરક્ષા માટે પોલીસની શી ટીમ સાથે સંકલન કરવું. સોહાર્દપૂર્ણ નવરાત્રિ આયોજન માટે ગરબીની સ્થાપના કોમન પ્લોટ, ખાનગી પ્લોટ કે ખુલ્લી જગ્યાએ કરવી.

ગરબા સ્થળે કેફી દ્રવ્યોનું સેવન કરીને કોઈ પ્રવેશે નહીં તે માટે બ્રેથ એનેલાઈઝર ઉપરાંત ડોરફ્રેમ અને હેન્ડ મેટલ ડીટેક્ટર રાખવા ઉપરાંત નશાખોરોને અટકાવી પોલીસને જાણ કરવા માટે બે વ્યક્તિઓ ફરજિયાત નિમવા અને તેમની વિગતો પોલીસ સ્ટેશને આપવી.

અસામાજીક તત્વોને અટકાવવા એ.આઈ. બેઈઝ્ડ કેમેરા લગાવવા બેગ કે બીજી વસ્તુઓ પ્રવેશદ્વાર ઉપર ટોકન આપી જમા લેવી. ગરબા સ્થળની ક્ષમતા કરતાં વધુ ટિકિટ, પાસનું વિતરણ ન કરવું તેમજ રમનારાં, જોનારાં વચ્ચે અને એન્ટ્રી માટે બેરીકેડિંગ કરવું. પ્રવેશ પાસ જેમને અપાય તેના ઓળખ પુરાવા મેળવવા. શમિયાણા બાબતે સુપ્રિમ કોર્ટના નિર્દેશનું પાલન કરવું અને જરૂરી તમામ સરકારી વિભાગોની લેખિત પરવાનગી મેળવવી. જનસમુહ માટે જરૂરી મેડિકલ સુવિધાઓની વ્યવસ્થા કરવી અને એમ્બ્યુલન્સને આવવા-જવા ઈમરજન્સી ગેટ રાખવા.

અશ્લિલ, ધાર્મિક લાગણી દુભાવતા ગીતો વગાડવા નહીં. ગરબા સ્થળે ચાર વોચટાવર ઉભા કરી વીડિયો રેકોર્ડિંગ કરવું. ક્લોઝ સરકીટ કેમેરાથી પોલીસ સર્વેલન્સ થાય તેવું આયોજન કરવું. કોઈ વીઆઈપી કે સેલિબ્રિટી, પ્રખ્યાત કલાકાર આવવાના હોય તો આયોજકોઓ તેની જાણકારી પોલીસને અગાઉથી આપવી. ફૂડ સેફટી અંગેના નિયમો અને સ્વચ્છતાનું પાલન કરવું.

મકરબા ઓવરબ્રીજ શરૂ થતા બંધ કરાયેલું રેલવે ક્રોસીંગ અંતે ખોલવું પડયું : ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બનતા તંત્રને ભાન થયું

અમદાવાદ, તા.07

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને મકરબાનો ઓવરબ્રીજ બનાવ્યો ત્યારથી મુશ્કેલીઓ ઓછી નથી થઈ રહી અને તેવામાં ઓવરબ્રીજ નીચે આવેલા રેલવે ફાટકને પણ કાયમી ધોરણે બંધ કરવામાં આવતા ટ્રાફિકની સ્થિતિ વધુ વણસી હતી. જેથી સ્થાનિક રાજકારણીઓ અને રેલવે વિભાગે લોકોના રોષનો ભોગ બનવું પડયુ હતું. છેવટે તંત્રએ ભુલ સુધારીને રેલવે ફાટકને ફરીથી શરૂ કરતા હજારો વાહનચાલકોએ રાહત અનુભવી હતી. ત્યારે વેજલપુર રેલવે ક્રોસીંગ પર બની રહેલા ઓવરબ્રીજને શરૂ કરવાની સાથે ત્યાંનું ક્રોસીંગ બંધ ન થાય તે માટે અત્યારથી નિર્ણય જાહેર કરવા માટે સ્થાનિક લોકોએ તંત્રને તાકીદ કરી છે.

અમદાવાદના મકરબાથી કોર્પોરેટ રોડને જોડતો ઓવરબ્રીજ તેની વિવિદાસ્પદ ડિઝાઈન અને તંત્રના અણધડ વહીટવને કારણે ટ્રાફિકની સ્થિતિ સુધરવાને બદલે વધુ વણસી છે. બીજી તરફ ઓવરબ્રીજ શરૂ થતા રેલવેએ સ્થાનિક લોકોએ સેટેલાઈટ, પ્રહલાદનગર અને વેજલપુર તરફ જવા માટેના રસ્તા સાથે જોડતુ રેલવે ક્રોસીંગ બંધ કરતા મકરબા અને વેજલપુર વિસ્તારમાં રહેતા હજારો પરિવારની સ્થિતિ દયાજનક બની હતી અને મકરબા અંડરબ્રીજ પર ટ્રાફિકની સ્થિતિ વધુ વણસી હતી. ત્યારે આ અંગે સ્થાનિક નેતાઓને રજૂઆત કરી ત્યારે તે તંત્રના બચાવમાં આવી ગયા હતા અને દાવો કર્યો હતો કે અમદાવાદને ફાટક ફ્રી બનાવવા માટે રેલવે ઓવરબ્રીજ બનાવવામાં આવ્યા છે. જેથી રેલવે ક્રોસીંગ શરૂ થવાની શક્યતા નથી. તેમના આ નિવેદનના કારણે લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને સ્થાનિક નેતાઓની જીદના કારણે ટ્રાફિકની સ્થિતિ પણ વણસતા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ દરમિયાનગીરી કરીને રેલવે વિભાગના અધિકારીઓને સાચી સ્થિતિ અંગે જાણ કરી હતી અને તેમની રજૂઆત યોગ્ય લાગતા છેવટે મકરબા રેલવે ક્રોસીંગ ફરીથી ખોલવામાં આવ્યું હતું. જેના કારણે ટ્રાફિકની સમસ્યામાં સુધારો થવાની સાથે સ્થાનિક લોકોએ પણ રાહત અનુભવી હતી.

જો કે વેજલપુરનો ઓવરબ્રીજ શરૃ થાય ત્યારે ફરીથી આ ભૂલ કરવામાં આવે તેવી શક્યતા છે. જેથી ટ્રાફિક પોલીસે આ અંગે પણ રેલવે વિભાગને એલર્ટ કરીને ક્રોસીંગ બંધ ન કરવા માટે પણ તાકીદ કરી છે. સાથેસાથે વેજલપુરમાં રહેતા લોકોએ પણ સ્થાનિક નેતાઓને પણ અત્યારથી આ બાબતે રજૂઆત કરી છે.

સનાથલમાં પોલીસે કારનો ફિલ્મીઢબે પીછો કરીને દારૂનો જથ્થો જપ્ત કર્યો

અમદાવાદ, તા.07

સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ સનાથલથી દારૂ ભરેલી કારનો પીછો કરીને ડ્રાઈવરને ઝડપીને વિદેશી દારૂની ૧૨૦૦થી વધારે બોટલો જપ્ત કરીને એક વ્યક્તિની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે દારૂનો જથ્થો ચાંગોદરના દેવેન્દ્ર દરજી અને સંજય ચુનારાએ રાજસ્થાનથી મંગાવ્યો હતો. આ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

કુખ્યાત પ્રકાશ મારવાડી અને સુરેશ મારવાડીએ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનથી મોકલ્યો હતો, સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને બાતમી મળી હતી કે એક એસયુવી કાર સનાથલ સર્કલથી દારૂનો મોટો જથ્થો લઈને ડ્રાઈવર ચાંગોદર તરફ જવાનો છે. જેના આધારે ગત રાત્રીએ પોલીસે વોચ ગોઠવીને એસ પી રીંગ રોડ તરફથી સનાથલ જતી એક કારના ચાલકને ઉભા રહેવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ, તેણે કારને પુરઝડપે હંકારી મુકી હતી. જેથી પોલીસે તેનો પીછો કરીને ચાંગોદર પાસેથી કારને રોકીને તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૧૦૦ જેટલી બોટલો મળી આવી હતી.

આ અંગે પોલીસે ડ્રાઈવર અલ્તાફ વોરા (રહે. છીપાનગર,

મકરબા)ની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે ચાંગોદરમાં રહેતા દેવેન્દ્ર દરજી અને સંજય ચુનારાએ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. આ માટે રાજસ્થાનના બુટલેગર પ્રકાશ મારવાડી અને સુરેશ મારવાડીએ દારૂ અમદાવાદ મોકલ્યો હતો અને પ્રકાશ મારવાડીએ અલ્તાફને કાર લઈને બારકોલ નદીના પટમાં કાર સાથે જવાનું કહ્યું હતું. જ્યા એક મીની બસમાંથી દારૂ કારમાં લોડ કરીને તે ચાંગોદર જતો હતો. એક ફેરાના તેને ૩૫ હજાર રૂપિયા મળવાના હતા. આ અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

આ મામલે એવી પણ વિગતો સામે આવી છે કે અસલાલી પોલીસ સ્ટેશનની હદમાં પોલીસની રહેમનજર હેઠળ દારૂનું કંટીગ કરાવીને ટ્રકમાંથી નાની કારમાં ભરવામાં આવે છે અને ત્યાર બાદ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં પોલીસને જાણ હોવા છતાંય, કોઇ કાર્યવાહી થતી નથી અને દારૂ બેરોકટોક બુટલેગર સુધી પહોંચી જાય છે. આ અંગે પોલીસે ડ્રાઈવર અલ્તાફ વોરા (રહે. છીપાનગર, મકરબા)ની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે ચાંગોદરમાં રહેતા દેવેન્દ્ર દરજી અને સંજય ચુનારાએ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. આ માટે રાજસ્થાનના બુટલેગર પ્રકાશ મારવાડી અને સુરેશ મારવાડીએ દારૂ અમદાવાદ મોકલ્યો હતો અને પ્રકાશ મારવાડીએ અલ્તાફને કાર લઈને બારકોલ નદીના પટમાં કાર સાથે જવાનું કહ્યું હતું. જ્યા એક મીની બસમાંથી દારૂ કારમાં લોડ કરીને તે ચાંગોદર જતો હતો. એક ફેરાના તેને ૩૫ હજાર રૂપિયા મળવાના હતા. આ અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

નવરાત્રિ પહેલાં YMCA થી કર્ણાવતી ક્લબ સુધીનો બ્રિજ નીચેનો રોડ શરૂ થવાની શક્યતા, વાહનચાલકોને મળશે રાહત

અમદાવાદ, તા.07

અમદાવાદના SG હાઈવે પર જતાં આવતા વાહનો ચાલકોને આવનાર સમયમાં મોટી રાહત મળી શકે છે. કર્ણાવતીથી સરખેજ બ્રિજ અને નીચેના રસ્તાનું કામ ઝડપી બનાવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવરાત્રી પહેલાં YMCA ક્રોસ રોડથી પ્રહલાદનગર થઈ કર્ણાવતી જવા માટે ઓવરબ્રિજ નીચેનો રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

થોડા દિવસો પહેલાં ટ્રાફિક JCP દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના અધિકારીઓને સ્થળ પર જઈને આદેશ આપવામાં આવ્યો હતો કે, કર્ણાવતીથી સરખેજ બ્રિજનું કામ વહેલામાં વહેલી તકે એક મહિનામાં પૂરું કરવામાં આવે અને નીચેના રોડ પર પડેલા ખાડા તાત્કાલિક પૂરી દેવામાં આવે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નવરાત્રી પહેલાં YMCA ક્રોસ રોડથી કર્ણાવતી જવા માટે ઓવરબ્રિજ નીચેનો રોડ શરૂ કરાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

જો YMCA ચાર રસ્તાથી પ્રહલાદનગર ચાર રસ્તા અને કર્ણાવતી ક્રોસ રોડ સુધીનો રસ્તો

ખુલ્લો મુકાઈ જાય, તો અત્યાર સુધી વાહનચાલકોને YMCA ક્રોસ રોડથી ભગવાન સર્કલ અને ઝવેરી સર્કલ તરફ ડાયવર્ઝન લઈને 3 કિલોમીટર જેટલો લાંબો ફેરો મારીને કર્ણાવતી ચાર રસ્તા પહોંચવું પડતું હતું, તેમાંથી મુક્તિ મળશે. આ રસ્તો શરૂ થવાથી વાહનચાલકોના 15 થી 20 મિનિટ જેટલા સમયની બચત થશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં બ્રિજ નીચેના રસ્તા પર પડેલા ખાડા કામચલાઉ ધોરણે પૂરવામાં આવ્યા છે. પરંતુ નવો સર્વિસ રોડ તૈયાર કરીને ટ્રાફિક ત્યાં ડાયવર્ટ કર્યા બાદ ખાડાવાળી જગ્યાએ પેવર બ્લોક અને ડામરથી વ્યવસ્થિત કામ કરવામાં આવશે. હાલમાં બ્રિજ નીચેના રસ્તા પર રિસરફેસિંગનું કામ ઝડપથી ચાલી રહ્યું છે, જે આગામી દિવસોમાં પૂર્ણ થતાં જ બ્રિજ નીચેનો આખો રસ્તો વાહનચાલકો માટે ખુલ્લો મુકાશે, જેથી નવરાત્રી પહેલાં જ લોકોને મોટી રાહત મળી શકે છે.

મહત્વનું છે કે, ઓગસ્ટ 2025થી YMCA ક્રોસ રોડથી કર્ણાવતી તરફ જતો રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. આથી YMCA ક્રોસ રોડથી કર્ણાવતી ક્લબ ક્રોસ રોડ જવા માટે ખાસ ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. વાહનચાલકોએ YMCA ક્રોસ રોડથી ભગવાન સર્કલ, ત્યાંથી ઝવેરી સર્કલ અને ત્યારબાદ કર્ણાવતી ક્લબ ક્રોસ રોડ તરફ જવું પડતું હતું, જેમાં લોકોની 15 થી 20 મિનિટ બગડતી હતી. હવે આ બ્રિજ નીચેથી YMCA ક્રોસ રોડથી સીધા પ્રહલાદનગર ક્રોસ રોડ અને ત્યાંથી કર્ણાવતી ક્રોસ રોડ જઈ શકાશે, જેનાથી વાહનચાલકોના સમયમાં અડધાથી વધુ ઘટાડો થશે.

મહત્વનું છે કે ગત 26 સપ્ટેમ્બરના રોજ અમદાવાદ પોલીસ કમિશનરે ગુજરાત સમાચાર ડિજિટલને જણાવ્યું હતું કે, 'અમે અમદાવાદ શહેરના તમામ બ્રિજના કામ, પડેલા ખાડા અને રસ્તાઓની વર્તમાન સ્થિતિની વિગતવાર સમીક્ષા કરી રહ્યા છીએ. કર્ણાવતીથી સરખેજ તરફના બ્રિજ અંગે મારી સૂચનાથી અમારા અધિકારીઓએ NHAIના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જેમાં તેમણે આ બ્રિજનું નિર્માણ કાર્ય આગામી 31 ઓક્ટોબર સુધીમાં પૂરું કરવાનો ટાર્ગેટ આપ્યો છે. બ્રિજના નિર્માણમાં ઘણી ટેકનિકલ બાબતો સામેલ હોવાથી અમે તેમાં કોઈ ઉતાવળ નહીં કરીએ, પરંતુ બ્રિજની નીચે પડેલા ખાડા પુરવાનું અને રસ્તાના સમારકામનું કામ અત્યારથી જ શરૂ કરી દેવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. ચોમાસું પૂરું થઈ ગયું હોવાથી નીચેના રસ્તાઓનું સમારકામ તાત્કાલિક શરૂ થઈ શકે તેમ છે અને જ્યારે બ્રિજ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાય તે પહેલાં નીચેનો તમામ રસ્તો પણ બની જશે.'

અગાઉ NHAIએ એસ. જી. હાઈવે પર કામગીરી પૂરી કરવા અંગે જણાવ્યું હતું કે, 'કર્ણાવતી બ્રિજ શરૂ કરવા અંગે પોલીસ કમિશનર સાથે મારી વાત થઈ હતી અને એમની ટીમે અમારી સાઈટ પર પણ મુલાકાત લીધી હતી. આ બ્રિજનું કામ 15 ઓક્ટોબર સુધીમાં ઓલમોસ્ટ પૂરું થઈ જશે અને જો 30 ઓક્ટોબર સુધીમાં ઉપરનો બ્રિજ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવો હોય તો ખોલી શકાય તેમ છે. હાલમાં નાનું-મોટું ફિનિશિંગ કામ જેમ કે લાઈટિંગ, ટેબલ ચેકિંગ, થર્મોપ્લાસ્ટ પેઈન્ટિંગ અને રોડ ફર્નિચરનું કામ ચાલુ છે, જેમાં થોડા દિવસો જશે અને 31 ઓક્ટોબર સુધીમાં બધું ક્લિયર થઈ જશે. આ સાથે બ્રિજની નીચે પડેલા ખાડા વહેલી તકે પૂરવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આ કામગીરી નવરાત્રિ પહેલાં પૂરી કરવા માટે અમે કામ કરી રહ્યા છીએ.'

લાજપોર જેલમાં 'હોટેલ જેવી' સવલતોનો પર્દાફાશ, 11 મોબાઈલ મળ્યા, 8 કર્મચારી સસ્પેન્ડ, જેલર બદલી દેવાયા

સુરત, તા.07

સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં કેદીઓને કથિત રીતે આપવામાં આવતી ગેરકાયદે સવલતો અને જેલ પરિસરમાં ચાલતા ગેરકાયદે વહીવટ સામે આખરે જેલની વડી કચેરીએ કડક કાર્યવાહી કરી છે. અમદાવાદની સ્પેશિયલ જેલની સરપ્રાઈઝ ઝટતી સ્ક્વોડ દ્વારા લાજપોર જેલમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જેલની અલગ અલગ બેરેકમાંથી એકસાથે 11 એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવતા જેલ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. જેલ જેવી અતિસંવેદનશીલ જગ્યામાં મોટી સંખ્યામાં મોબાઈલ પહોંચ્યા કેવી રીતે અને કેદીઓને આ પ્રકારની સવલતો કોણ પૂરું પાડતું હતું તે અંગે ગંભીર સવાલો ઊભા થયા હતા. સરપ્રાઈઝ તપાસ દરમિયાન મોબાઈલ ફોન મળી આવ્યા બાદ સમગ્ર મામલો ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ વડી કચેરી દ્વારા કરવામાં આવેલી ગુપ્ત તપાસમાં જેલમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓની કામગીરી અને કેદીઓ સાથેની કથિત સાંઠગાંઠ અંગેના આક્ષેપોની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ફરજમાં ગંભીર બેદરકારી અને જેલના નિયમોનો ભંગ થયાનું સામે આવતા તાત્કાલિક અસરથી 2 હવાલદાર, 3 સુબેદાર અને 3 સિપાહી સહિત કુલ 8 કર્મચારીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી જેલ વિભાગમાં ફરજ પર બેદરકારી દાખવનારા કર્મચારીઓમાં પણ ચકચાર મચી ગઈ છે. લાજપોર જેલમાં કેદીઓને નિયમ વિરુદ્ધ સવલતો આપવામાં આવતી હોવાના આક્ષેપો પણ તપાસમાં સામે આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે. કેદીઓને પાન-મસાલા, સિગારેટ સહિતની પ્રતિબંધિત વસ્તુઓ પહોંચાડવામાં આવતી હોવાના આરોપો છે. એટલું જ નહીં, જેલની અંદર કેટલાક કેદીઓ ખુલ્લેઆમ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની વિગતો પણ તપાસ દરમિયાન સામે આવી હતી. જેલમાં મોબાઈલ ફોનનો પ્રવેશ સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત ગંભીર બાબત માનવામાં આવે છે, કારણ

કે આવા ફોન મારફતે કેદીઓ બહારના લોકો સાથે સંપર્ક કરી શકે છે અને જેલની અંદરની માહિતી બહાર પહોંચાડવાની શક્યતા પણ ઊભી થઈ શકે છે.

આ સમગ્ર મામલામાં કેટલાક માથાભારે કેદીઓ સાથે જેલ સ્ટાફના ચોક્કસ કર્મચારીઓની કથિત સાંઠગાંઠ હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જેલની અંદર અમુક કેદીઓ 'કેશિયર કેદી' તરીકે વહીવટ કરતા હોવાની ચર્ચા સામે આવી છે. આવા કેદીઓ મારફતે જેલની અંદર પ્રતિબંધિત વસ્તુઓ અને અન્ય સવલતો પહોંચાડાતી હોવાના આરોપોને ગંભીરતાથી લેવામાં આવ્યા છે. જો જેલ સ્ટાફ અને કેદીઓ વચ્ચે આવી સાંઠગાંઠ સાબિત થાય તો તે જેલની આંતરિક સુરક્ષા અને સમગ્ર વહીવટી વ્યવસ્થા માટે ગંભીર ખતરો બની શકે છે.

આ મામલે સસ્પેન્ડ કરવામાં આવેલા કર્મચારીઓમાં રામ એસ. લાંબડીયા, હવાલદાર, હેડ ક્વાર્ટર, ગોંડલ સબ જેલ અને હેમરાજ વી. પરમાર, હવાલદાર, હેડ ક્વાર્ટર, અમરેલી જિલ્લા જેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ડી.ડી. ભાભોર, સુબેદાર, હેડ ક્વાર્ટર, પોરબંદર ખાસ જેલ, વિજયપુરી આર. બાવા (ગોસ્વામી), સુબેદાર, હેડ ક્વાર્ટર, મોરબી સબ જેલ તથા હેમંત એન. ચૌધરી, સુબેદાર, હેડ ક્વાર્ટર, પાલારા ખાસ જેલ સામે પણ સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે.

સસ્પેન્ડ થયેલા સિપાહીઓમાં શિવભદ્રસિંહ જે. ગોહિલ, હેડ ક્વાર્ટર, છોટા ઉદેપુર સબ જેલ, કરમણ એસ. ભાયકન, હેડ ક્વાર્ટર, ભાવનગર જિલ્લા જેલ અને સંદિપ એન. ચૌધરી, હેડ ક્વાર્ટર, રાજપીપળા જિલ્લા જેલનો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓ સામે ફરજમાં બેદરકારી, જેલની આંતરિક વ્યવસ્થામાં ખામી અને કેદીઓ સાથેની કથિત મિલીભગત જેવા ગંભીર મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કર્મચારીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી પૂરતી ન રાખતા લાજપોર મધ્યસ્થ જેલના જેલર કે.જે. ધારગેની પણ બદલી કરવામાં આવી છે. રાજ્યના જેલરોની વહીવટી બદલીના ભાગરૂપે કે.જે. ધારગેને તાત્કાલિક અસરથી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બદલી કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. લાજપોર જેલની અંદર ચાલી રહેલી કથિત ગેરરીતિઓ અને પ્રતિબંધિત વસ્તુઓના પ્રવેશને રોકવામાં સુપરવિઝન સ્તરે ખામી રહી હોવાના મુદ્દાને ધ્યાનમાં રાખીને ઉચ્ચ કક્ષાએથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. જેલર સામેની બદલીની કાર્યવાહી દ્વારા ઉચ્ચ અધિકારીઓએ જેલની અંદરની કામગીરી પર દેખરેખ રાખવાની જવાબદારી ધરાવતા અધિકારીઓને પણ સ્પષ્ટ સંદેશ આપ્યો છે. જેલમાં કેદીઓ સુધી પ્રતિબંધિત વસ્તુઓ પહોંચે નહીં અને સુરક્ષા વ્યવસ્થા સાથે કોઈ સમાધાન ન થાય તે માટે અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવી રહી છે.

રોગચાળા જેવી સ્થિતિ વચ્ચે AMCની આંકડાની રમત! 3 દિવસમાં લોહીના 89 હજાર સેમ્પલ લીધાનો દાવો!

અમદાવાદ, તા.07

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં રોગચાળો કાબૂમાં હોવાનું દર્શાવવા માટે ચોપડા પર જાદુઈ છડી ફેરવી દેવામાં આવી હોય તેવું સામે આવ્યું છે. ડેન્ગ્યુ અને મલેરિયાની તપાસ માટે માત્ર ત્રણ જ દિવસમાં લોહીના 89 હજાર અને સીરમના 6 હજાર નમૂના લેવાયા હોવાનો દાવો કરતા આંકડા રજૂ કરવામાં આવ્યા છે, જેનાથી વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા રજૂ કરાયેલા આંકડા મુજબ 27 સપ્ટેમ્બર સુધી લોહીના ફક્ત 48,446 અને સીરમના 10,168 નમૂના જ લેવાયા હતા. પરંતુ 30 સપ્ટેમ્બર સુધીના નવા આંકડા જાહેર થયા ત્યારે તેમાં અચાનક વધારો થઈને લોહીના 1.83 લાખ અને સીરમના 16,2900 નમૂના લેવાયા હોવાનો દાવો કરાયો.

સવાલ એ ઊભો થાય છે કે માત્ર ત્રણ જ દિવસમાં મ્યુનિસિપાલિટીએ 89 હજાર લોહીના અને 6 હજાર સીરમના નમૂના કેવી રીતે લઈ લીધા? વાસ્તવમાં આ આંકડાની રમત આરોગ્ય તંત્ર દ્વારા પોતાની કામગીરી સારી દેખાડવા માટે કરવામાં આવી છે.

ગત વર્ષે સપ્ટેમ્બરમાં બે લાખથી વધુ લોહીના નમૂના લેવાયા હતા, જ્યારે આ વર્ષે 27 સપ્ટેમ્બર સુધી માંડ 50 ટકા જ સેમ્પલ લેવાયા હતા. મહિનાના અંતે ચોપડા પર નમૂનાની સંખ્યા વધારીને ગત વર્ષની સમકક્ષ બતાવી દેવાઈ છે, જ્યારે તેની સામે રોગચાળાના કેસોમાં કોઈ મોટો તફાવત જોવા મળ્યો નથી. આંકડાની આ માયાજાળ છતાં વાસ્તવિક રોગચાળાની સ્થિતિ અને દર્દીઓની સંખ્યામાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી, જે મ્યુનિસિપલ તંત્રની પારદર્શિતા પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં રોગચાળો કાબૂમાં હોવાનું દર્શાવવા માટે ચોપડા પર જાદુઈ છડી ફેરવી દેવામાં આવી હોય તેવું સામે આવ્યું છે. ડેન્ગ્યુ અને મલેરિયાની તપાસ માટે માત્ર ત્રણ જ દિવસમાં લોહીના 89 હજાર અને સીરમના 6 હજાર નમૂના લેવાયા હોવાનો દાવો કરતા આંકડા રજૂ કરવામાં આવ્યા છે, જેનાથી વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા રજૂ કરાયેલા આંકડા મુજબ 27 સપ્ટેમ્બર સુધી લોહીના ફક્ત 48,446 અને સીરમના 10,168 નમૂના જ લેવાયા હતા. પરંતુ 30 સપ્ટેમ્બર સુધીના નવા આંકડા જાહેર થયા ત્યારે તેમાં અચાનક વધારો થઈને લોહીના 1.83 લાખ અને સીરમના 16,2900 નમૂના લેવાયા હોવાનો દાવો કરાયો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ભારતીય ક્રૂ વાળા ઓઇલ ટેન્કર પર 48 કલાકમાં ત્રીજો હુમલો: બ્લેક સીમાં 2 હુમલા, યુક્રેનિયન ડ્રોન ઓઇલ ટેન્કર સાથે અથડાયું

મોસ્કો, તા.07

રશિયાના બ્લેક સી કાંઠા નજીક એક તેલ ટેન્કર પર દરિયાઈ ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો. હુમલા બાદ ટેન્કરમાં આગ લાગી ગઈ. ટેન્કર પર 23 લોકોનો ક્રૂ હતો. બધા ભારતીય નાગરિકો હતા અને તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા. રશિયાના પરિવહન મંત્રાલય અનુસાર, લાઈબેરિયાનો ધ્વજ ધરાવતા આ ટેન્કર પર હુમલા બાદ બ્લેક સીના પાણીમાં કાચું તેલ સળગ્યું. તેના કારણે રશિયાના રિસોર્ટ શહેર સોચીના કેટલાક વિસ્તારોમાં આકાશ કાળા ધુમાડાથી ઢંકાઈ ગયું છે. છેલ્લા 48 કલાકમાં ભારતીય નાવિકો ધરાવતા જહાજોને નિશાન બનાવવાની આ ત્રીજી ઘટના છે. આ પહેલા 5 અને 6 ઑક્ટોબરે હોર્મુઝ સ્ટ્રેટ અને બ્લેક સીમાં પણ ભારતીય નાવિકો ધરાવતા જહાજો પર હુમલો થયો હતો. આ હુમલાઓમાં કોઈ ભારતીયનું મૃત્યુ થયું નથી.

6 ઑક્ટોબર: હોર્મુઝ સ્ટ્રેટમાં પનામાના ધ્વજવાળા વેપારી જહાજ પર હુમલો થયો હતો. જહાજમાં કુલ 19 લોકો સવાર હતા. તેમાં 17 ભારતીય નાગરિકો હતા. વિદેશ મંત્રાલય અનુસાર, તેમાં 11 ભારતીય ક્રૂ સભ્યો ઘાયલ થયા હતા. 5 ઑક્ટોબર: બ્લેક સીમાં રોમાનિયા નજીક એક જહાજ પર હુમલો થયો હતો. તેમાં 3 ભારતીય નાવિકો સવાર હતા. દુર્ઘટના બાદ જહાજ ડૂબી ગયું અને 2 વિદેશી નાગરિકોનાં મૃત્યુ થયાં. જ્યારે ભારતીયો સહિત 11 ક્રૂ સભ્યોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ દાવો કર્યો હતો કે જહાજ પર રશિયન ડ્રોનથી હુમલો થયો હતો.

બ્લેક સીમાં લાઈબેરિયાના ધ્વજવાળા તેલના ટેન્કર પર હુમલા પહેલાં મરીનટ્રાફિકે જહાજનું છેલ્લું સ્થાન બ્લેક સીમાં રશિયા-જ્યોર્જિયા સરહદ નજીક હોવાનું જણાવ્યું હતું. રશિયાના પરિવહન મંત્રાલયના જણાવ્યા મુજબ આગની તીવ્રતાને કારણે શરૂઆતમાં ફાયરફાઈટર્સ જહાજની નજીક પહોંચી શક્યા નહોતા.

મંત્રાલયે બાદમાં જણાવ્યું કે આગની તીવ્રતા ઘટ્યા પછી ઈમરજન્સી ટીમો પાસે તેને નિયંત્રિત કરવા માટે પૂરતા સાધનો હતા. ધ કીવ ઈન્ડિપેન્ડન્ટ અનુસાર, આ જહાજ યુક્રેનની પ્રતિબંધિત યાદીમાં સામેલ હતું. તેને રશિયાના કથિત શેડો ફ્લીટનો હિસ્સો ગણાવવામાં આવ્યું હતું.

રશિયાનો શેડો ફ્લીટ એવા ટેન્કરો અને જહાજોનું નેટવર્ક છે, જેનો ઉપયોગ રશિયા પશ્ચિમી પ્રતિબંધોથી બચીને તેલ સહિત અન્ય સામાનની નિકાસ કરવા માટે કરે છે. યુક્રેને ફેબ્રુઆરીમાં જહાજો પર પ્રતિબંધો લગાવ્યા હતા. તેનું કહેવું હતું કે આ નેટવર્કના જહાજો રશિયાને જરૂરી ઊર્જા આવક જાળવી રાખવામાં મદદ કરે છે. આ જ આવકથી રશિયા યુક્રેન વિરુદ્ધના યુદ્ધને ભંડોળ પૂરું પાડે છે.

રશિયા-યુક્રેન યુદ્ધમાં બ્લેક સી હવે યુદ્ધનું મોટું મોરચું બની ગયું છે. છેલ્લા લગભગ 2 મહિનામાં બંને દેશોએ 300થી વધુ જહાજોને નિશાન બનાવ્યાં છે.

આમાં અનાજ લઈ જતાં જહાજો, તેલના ટેન્કરો અને અન્ય માલવાહક જહાજોનો સમાવેશ થાય છે. સતત થઈ રહેલા હુમલાઓની અસર વિશ્વની ખાદ્ય સપ્લાય પર પડવાનો ખતરો છે.

ઘઉં અને મકાઈના ભાવમાં વધારો થઈ શકે છે. રશિયા અને યુક્રેન મળીને વિશ્વના લગભગ 30% ઘઉંની નિકાસમાં ભાગ ધરાવે છે. બંને દેશોનું મોટાભાગનું અનાજ બ્લેક સી માર્ગે અન્ય દેશો સુધી પહોંચે છે.

રશિયન ઘઉં ખરીદનારા દેશોની સંખ્યા 43થી ઘટીને 16 રહી ગઈ છે. બીજી તરફ, રશિયાથી અનાજ મોકલનારા બંદરોની સંખ્યા 47થી ઘટીને 10 રહી ગઈ છે. દેશના સૌથી મોટા બંદર નોવોરોસિસ્કથી શિપમેન્ટ 24.9 લાખ ટનથી ઘટીને 10.4 લાખ ટન થઈ ગયું છે.

બંદરો અને જહાજો પર હુમલા વધવાને કારણે અનાજનો દરિયાઈ વેપાર પ્રભાવિત થયો છે. બંને દેશોના ગોડાઉનોમાં અનાજ ઉપલબ્ધ છે, પરંતુ તેને ખરીદદાર દેશો સુધી પહોંચાડવામાં મુશ્કેલી આવી રહી છે.

આની અસર આંતરરાષ્ટ્રીય બજારમાં પણ જોવા મળી રહી છે. ઘઉંના ભાવ છેલ્લા એક વર્ષમાં લગભગ 30% વધી ચૂક્યા છે.

બ્લેક સીના દરિયાઈ માર્ગને અસર થયા બાદ યુક્રેન માર્ગ અને રેલ નેટવર્ક દ્વારા અનાજ અન્ય દેશો સુધી મોકલી રહ્યું છે. જોકે આ માર્ગોની ક્ષમતા બ્લેક સીના બંદરોની સરખામણીમાં ઘણી ઓછી છે. ડેન્યુબ નદીના માર્ગે પણ મર્યાદિત માત્રામાં અનાજ મોકલવામાં આવી રહ્યું છે. પરંતુ જળસ્તર અને પરિવહન ક્ષમતાને કારણે આ વિકલ્પ દરિયાઈ માર્ગની સંપૂર્ણ ભરપાઈ કરી શકતો નથી. બ્લેક સીમાં વધતા તણાવની અસર માત્ર ઘઉં પર જ નહીં, પરંતુ મકાઈના સપ્લાય પર પણ પડી શકે છે. 2025-26માં યુક્રેને 2.3 કરોડ ટન મકાઈની નિકાસ કરી હતી.

મેલોનીને પોતાનો અવાજ ચોરાઈ જવાની ચિંતા: AIથી બચવા માટે ટ્રેડમાર્ક અરજી કરનાર પ્રથમ વર્લ્ડ લીડર

રોમ, તા.07

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાના અવાજનો ખોટી રીતે ઉપયોગ થતો અટકાવવા માટે તેને ટ્રેડમાર્ક કરાવવા અરજી કરી છે. તેમનું આ પગલું AI ડીપફેકના ખતરાથી બચવા માટે છે. મેલોનીએ યુરોપિયન યુનિયનના બૌદ્ધિક સંપદા કાર્યાલય (EUIPO)માં આ અરજી કરી છે. અરજી સાથે મેલોનીએ આશરે 4 સેકન્ડનું એક ઑડિયો રેકોર્ડિંગ પણ જમા કરાવ્યું છે. તેમાં તેઓ ઈટાલિયન ભાષામાં બે વાર કહે છે–લો સોનો જ્યોર્જિયા એટલે કે હું જ્યોર્જિયા મેલોની છું.

મેલોનીની 2021માં પ્રકાશિત થયેલી આત્મકથાનું નામ પણ લો સોનો જ્યોર્જિયા હતું. આ વાક્ય તેમના રાજકીય પ્રચાર સાથે પણ જોડાયેલું છે. મેલોની પોતાના અવાજને ટ્રેડમાર્ક કરાવનારા પ્રથમ વિશ્વ નેતા છે.

અવાજના રેકોર્ડિંગથી AI શીખે છે: AIને કોઈ વ્યક્તિના અસલી અવાજનું રેકોર્ડિંગ આપવામાં આવે છે. તે તેની બોલવાની રીત, અવાજના ઉતાર-ચઢાવ અને ઉચ્ચારણને સમજે છે.

પછી નવી વાતો એ જ અવાજમાં બોલી શકાય છે: AI આ માહિતીના આધારે તે વ્યક્તિના અવાજ જેવી નવી રેકોર્ડિંગ તૈયાર કરી શકે છે, ભલે તેણે એ વાત ખરેખર ક્યારેય કહી ન હોય. થોડા સેકન્ડનો અવાજ પણ પૂરતો: અવાજની નકલ કરવા માટે થોડા સેકન્ડનું રેકોર્ડિંગ પણ

પૂરતું થઈ શકે છે. જોકે, વધુ સ્પષ્ટ અને અસલી જેવો અવાજ બનાવવા માટે વધુ રેકોર્ડિંગની જરૂર પડે છે.

તેનાથી ખોટા નિવેદનનું જોખમ: આવી ટેક્નોલોજીનો દુરુપયોગ કરીને કોઈ નેતા, કલાકાર અથવા સામાન્ય વ્યક્તિના અવાજમાં ખોટું નિવેદન બનાવી શકાય છે અને તેને અસલી ગણાવીને ફેલાવી શકાય છે.

AIના વધતા ઉપયોગ સાથે અવાજ પણ હવે ડિજિટલ ઓળખનો એક ભાગ બની ગયો છે, જેને સુરક્ષિત રાખવા માટે કલાકારો કાનૂની માર્ગો શોધી રહ્યા છે. મેલોની પોતાનો અવાજ ટ્રેડમાર્ક કરાવનાર પ્રથમ મોટી હસ્તી નથી. વિશ્વભરના ઘણા કલાકારોએ અગાઉ પણ પોતાના અવાજ, નામ અને ઓળખ સાથે જોડાયેલા અધિકારોને કાનૂની સુરક્ષા અપાવવાનો પ્રયાસ કર્યો છે.

જાન્યુઆરીમાં અમેરિકન અભિનેતા મેથ્યુ મેકકોનોઘીએ પોતાના ફોટો અને અવાજને ટ્રેડમાર્ક કરાવવા માટે અરજી કરી હતી. ઑગસ્ટમાં 80થી વધુ કલાકારોએ બ્રિટનના તત્કાલીન વડા પ્રધાન એન્ડી બર્નહેમને એવો કાયદો બનાવવાની માંગ કરી હતી, જેના દ્વારા લોકોને પોતાના અવાજના ઉપયોગ અંગે કાનૂની અધિકાર મળી શકે.

એપ્રિલમાં ગાયિકા ટેલર સ્વિફ્ટે પણ અમેરિકામાં ત્રણ ટ્રેડમાર્ક અરજીઓ કરી હતી. તેમાં એક અરજી તેમની તસવીર અને બે અરજીઓ તેમના અવાજ સાથે સંબંધિત છે. તસવીરવાળી અરજીમાં સ્વિફ્ટના એરસ ટૂર દરમિયાન મંચ પર લેવામાં આવેલી તસવીરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં તેઓ ગુલાબી ગિટાર પકડીને અને ચમકદાર કપડાં પહેરીને જોવા મળે છે. આ જ તસવીર અગાઉ એરસ ટૂરની ફિલ્મના પ્રચારમાં પણ ઉપયોગમાં લેવાઈ ચૂકી છે.

અન્ય બે અરજીઓ તેમના અવાજ સાથે સંબંધિત છે. તેમાં તેમના જૂના આલ્બમના પ્રચાર માટે રેકોર્ડ કરવામાં આવેલા બે ટૂંકા ઑડિયો સામેલ છે. આ રેકોર્ડિંગ્સમાં તેઓ પોતાનો પરિચય આપતાં કહે છે, "હે, ઈટ્સ ટેલર" અને "હે, ઈટ્સ ટેલર સ્વિફ્ટ". મેલોની માટે ડીપફેક કોઈ નવી સમસ્યા નથી. 2024માં તેમના ફોટાનો ઉપયોગ કરીને નકલી અશ્લીલ વીડિયો બનાવવામાં આવ્યા અને તેમને ઈન્ટરનેટ પર ફેલાવવામાં આવ્યા. ત્યારબાદ મેલોનીએ વીડિયો બનાવનારાઓ અને ફેલાવનારાઓ સામે 1 લાખ યુરોના વળતરની માંગ કરી હતી.

ટ્રમ્પની નોકરી છોડીને હવે ફોક્સ ન્યૂઝમાં જોડાશે લેવિટ: બાળકોને કારણે વ્હાઈટ હાઉસમાં પદ છોડ્યું હતું, ટ્રમ્પની આ મનપસંદ ચેનલ

વોશિંગ્ટન, તા.07

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પૂર્વ પ્રેસ સેક્રેટરી કેરોલિના લેવિટ હવે ફોક્સ ન્યૂઝ સાથે જોડાવા જઈ રહી છે. લેવિટે ઓગસ્ટમાં પોતાના બે બાળકો સાથે વધુ સમય વિતાવવા માટે વ્હાઈટ હાઉસનું પદ છોડી દીધું હતું.

હવે તે નવેમ્બરથી ફોક્સ ન્યૂઝમાં ઓન-એર કન્ટ્રિબ્યુટર તરીકે કામ કરશે. ફોક્સ ન્યૂઝને ટ્રમ્પની પસંદગીની ચેનલ માનવામાં આવે છે, જોકે તાજેતરના દિવસોમાં ટ્રમ્પે તેના કવરેજને લઈને નારાજગી પણ વ્યક્ત કરી છે.

લેવિટ 27 વર્ષની ઉંમરે અમેરિકાની સૌથી નાની વયની વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરી બની હતી. તેમણે 12 ઓગસ્ટે આ પદ છોડવાની જાહેરાત કરી હતી. તે સમયે ટ્રમ્પે તેમને પોતાના સૌથી વિશ્વાસુ સહયોગીઓમાંની એક ગણાવી હતી.

લેવિટે 1 મે 2026ના રોજ પોતાના બીજા બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ તેઓ પ્રસૂતિ રજા પર ગયાં હતાં અને 16 જુલાઈએ પ્રેસ બ્રીફિંગમાં પરત ફર્યાં હતાં. તેમનો બે વર્ષનો એક પુત્ર પણ છે.

વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી બનતા પહેલાં લેવિટ ટ્રમ્પના 2024ના રાષ્ટ્રપતિ ચૂંટણી અભિયાનની પ્રેસ સેક્રેટરી હતાં. તે પહેલાં 25 વર્ષની ઉંમરે તેમણે 2022માં પોતાના ગૃહ રાજ્ય ન્યૂ હેમ્પશાયરથી અમેરિકી કોંગ્રેસની ચૂંટણી લડી હતી. જોકે, આ ચૂંટણીમાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.

ફોક્સ ન્યૂઝે સોમવારે જણાવ્યું હતું કે લેવિટ 1 નવેમ્બરથી નેટવર્કમાં ઓન-એર કન્ટ્રિબ્યુટર તરીકે કામ કરશે. નેટવર્કનાં CEO સુઝાન સ્કોટે જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસ અને રાષ્ટ્રપતિ ચૂંટણી અભિયાનમાં લેવિટના સીધા અનુભવથી તેમને આજની રાજનીતિને સમજવામાં વિશેષ મદદ મળે છે.

લેવિટે પણ જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી તરીકેના પોતાના અનુભવથી મળેલી સમજ ફોક્સ ન્યૂઝના કરોડો દર્શકો સુધી પહોંચાડવા અંગે તેઓ ઉત્સાહિત છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ ફોક્સના વિવિધ પ્લેટફોર્મ પર કામ કરશે.

લેવિટ ટ્રમ્પની પ્રથમ પ્રેસ સેક્રેટરી નથી, જે ફોક્સ ન્યૂઝ સાથે જોડાયેલી હોય. તેમની પૂર્વ પ્રેસ સેક્રેટરી કાયલે મેકએનાની 2021માં ફોક્સ ન્યૂઝ સાથે જોડાઈ હતી અને હજુ પણ નેટવર્ક સાથે છે.

આ ઉપરાંત, પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબ્લ્યુ. બુશની પ્રેસ સેક્રેટરી રહી ચૂકેલી ડાના પેરિનો પણ ફોક્સ ન્યૂઝમાં રાજકીય ટિપ્પણીકાર છે. ટ્રમ્પે પણ ફોક્સ ન્યૂઝના ઘણા ચહેરાઓને પોતાની સરકારમાં મોટા હોદ્દા આપ્યા છે. તેમાં સૌથી અગ્રણી નામ રક્ષા મંત્રી પીટ હેગસેથનું છે.

ટ્રમ્પ અને ફોક્સ ન્યૂઝના સંબંધો હાલ સંપૂર્ણપણે સરળ નથી. ટ્રમ્પે તાજેતરમાં નેટવર્કના કવરેજને લઈને નારાજગી વ્યક્ત કરી છે.

ટ્રમ્પે રવિવારે ફોક્સ ન્યૂઝના કાર્યક્રમ 'ફોક્સ એન્ડ ફ્રેન્ડ્સ' પર તેમની રેલીઓને પૂરતું કવરેજ નહીં આપવાનો આરોપ લગાવ્યો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે શનિવારે રાત્રે ઓહાયોમાં યોજાયેલી તેમની મોટી રેલીનું કવરેજ ન થયું તે જોઈને તેમને દુઃખ થયું.

ટ્રમ્પે ફોક્સને ચેતવણી આપતાં કહ્યું કે નેટવર્કે અગાઉ પણ આવું કર્યું હતું અને ત્યારે તે લગભગ ધંધાની બહાર થઈ ગયું હતું. ચૂંટણીના ઠીક પહેલાં આવું ફરી થઈ શકે છે.

ટ્રમ્પનો આ દિવસોમાં અનેક અમેરિકન મીડિયા સંસ્થાઓ સાથે ટકરાવ વધ્યો છે. તાજેતરમાં તેમણે CNN, MS NOW અને Politicoને વ્હાઈટ હાઉસ પરિસરમાં પ્રવેશતા રોકવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે CNNને વ્હાઈટ હાઉસના બ્રોડકાસ્ટ પૂલમાંથી પણ બહાર રાખવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે, અમેરિકન ફેડરલ કોર્ટના જજ ટિમોથી જે. કેલીએ 24 સપ્ટેમ્બરે આ આદેશ સામે અસ્થાયી રોક લગાવી હતી. મીડિયા સંસ્થાઓએ અંતિમ નિર્ણય આવે ત્યાં સુધી રાહતની માગ કરી છે.

મમદાનીની જીતે યુરોપની રાજનીતિ બદલી: ડાબેરી પક્ષોએ સસ્તા ઘરો અને ઓછા ભાડાને મુદ્દો બનાવ્યો, બર્લિનમાં જીત મેળવી

ન્યૂયોર્ક, તા.07

ન્યૂયોર્કમાં ઝોહરાન મમદાનીની જીતની અસર હવે યુરોપની રાજનીતિમાં જોવા મળવા લાગી છે. યુરોપીય નેતાઓ મમદાનીની જેમ મોંઘા ભાડા, વધતી મોંઘવારી અને સામાન્ય લોકોના ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

સૌથી રસપ્રદ મામલો જર્મનીના બર્લિનનો છે. ત્યાં મોંઘા મકાનોને મુદ્દો બનાવીને એલિફ એરાલ્પે ચૂંટણી જીતી લીધી. જર્મન મીડિયા હવે એરાલ્પને 'બર્લિનની મમદાની' કહી રહ્યું છે.

ફ્રાન્સ, સ્પેન અને નેધરલેન્ડના ડાબેરી નેતાઓ પણ મમદાનીની રાજનીતિ પર નજર રાખી રહ્યા છે. આવી સ્થિતિમાં માનવામાં આવે છે કે મમદાનીએ યુરોપના ડાબેરી પક્ષોને ચૂંટણી લડવાની નવી રીત આપી છે.

જો યુરોપમાં કોઈ એક નેતાને મમદાની સાથે સૌથી સીધી રીતે જોડવામાં આવે, તો તે એલિફ એરાલ્પ છે. 45 વર્ષની એરાલ્પ વકીલ છે અને તુર્કીયે મૂળના પરિવારમાંથી આવે છે. તેમના માતા-પિતા 1980ના તુર્કીયે સૈન્ય તખ્તાપલટા બાદ જર્મની આવ્યા હતા. એરાલ્પ 2017માં ધ લિંક સાથે જોડાઈ હતી.

ગયા મહિને યોજાયેલી ચૂંટણીમાં તેમની પાર્ટીનો સૌથી મોટો મુદ્દો રહ્યો- મોંઘું શહેર અને મોંઘું ભાડું. એરાલ્પે બર્લિનમાં



ખાનગી કંપનીઓ પાસે રહેલા આશરે 2.2 લાખ મકાનોને જાહેર નિયંત્રણ હેઠળ લાવવાની માગ કરી.

તેનો ફાયદો ધ લિંકને મળ્યો. ચૂંટણીમાં તેને આશરે 25.7% મત મળ્યા અને તે સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી. હવે સરકાર બનાવવા માટે તેને અન્ય પાર્ટીઓ સાથે ગઠબંધન કરવું પડશે.

બ્રિટનમાં મમદાની સાથે સૌથી વધુ સરખામણી જેક પોલાન્સ્કીની થાય છે. તેઓ ગ્રીન પાર્ટીના નેતા છે. આ પાર્ટી મુખ્યત્વે પર્યાવરણ અને આબોહવા સંબંધિત મુદ્દાઓ પર રાજકારણ કરતી આવી છે. પરંતુ પોલાન્સ્કીએ પાર્ટીના મુદ્દાઓનો વ્યાપ વધાર્યો છે.

પોલાન્સ્કી મોંઘવારી, મોંઘા મકાનો, વધતા ભાડા, રોજિંદા ખર્ચ અને અમીરો પર વધુ કર જેવા મુદ્દાઓને પર્યાવરણના રાજકારણ સાથે જોડે છે. પોલાન્સ્કી તેને 'ઈકો-પોપ્યુલિઝમ' કહે છે.

મમદાનીની જેમ પોલાન્સ્કી પણ સોશિયલ મીડિયાને રાજકારણનું મહત્ત્વનું માધ્યમ બનાવી રહ્યા છે. પોલાન્સ્કીએ જણાવ્યું કે તેમની વીડિયો ટીમ મમદાનીના વીડિયો બનાવતી ટીમ પાસેથી ટિપ્સ લઈ રહી છે.

રસપ્રદ વાત એ છે કે પોલાંસ્કી હાલમાં લંડનની હોલબોર્ન બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મર સાંસદ પદેથી હટી ગયા બાદ 8 ઓક્ટોબરે અહીં પેટાચૂંટણી યોજાઈ રહી છે.

બે વર્ષ પહેલાં યોજાયેલી ચૂંટણીમાં ગ્રીન પાર્ટીને અહીં માત્ર 10 ટકા મત મળ્યા હતા. કેટલાક સર્વેક્ષણોમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે આ વખતે ગ્રીન પાર્ટીને 40 ટકા મત મળી શકે છે.

સ્પેનમાં મોંઘાં મકાનો અને વધતું ભાડું હાલમાં મોટો રાજકીય મુદ્દો બની રહ્યું છે. ગયા મહિને મેડ્રિડમાં 87 વર્ષની મેરિકાર્મેન અબાસ્કલને 70 વર્ષથી રહેતા તેમના ઘરેથી કાઢી મૂકવામાં આવ્યા. ત્યારબાદ સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા. આ મામલો સ્પેનના આવાસ સંકટનું પ્રતીક બની ગયો.

મામલો એટલો વકર્યો કે સરકાર પર આવાસ સંકટનો સામનો કરવા માટેનું દબાણ વધી ગયું. સંસદમાં સરકારના આવાસ સંબંધિત પ્રસ્તાવો ફગાવી દેવામાં આવ્યા બાદ વડાપ્રધાન પેડ્રો સાંચેઝે 29 નવેમ્બરે સમય પહેલાં સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરી દીધી.

એટલે કે સ્પેનમાં પણ ઘર અને ભાડું હવે માત્ર સામાજિક સમસ્યા નથી રહ્યા. તે સીધા ચૂંટણીલક્ષી રાજકારણનો મુદ્દો બની ચૂક્યા છે.

ફ્રાન્સની રાજધાની પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઆર સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા છે. તેઓ આ જ વર્ષે મેયર તરીકે ચૂંટાયા છે. તેમના રાજકારણમાં મોંઘા ઘર અને વધતું ભાડું મોટો મુદ્દો છે.

ગ્રેગોઆર પેરિસમાં વધુ સસ્તાં ઘર બનાવવા, ખાલી પડેલા મકાનોનો લોકો માટે ઉપયોગ કરવા અને ભાડા પર નિયંત્રણ વધારવાની વાત કરે છે. તેમની સરકારનો હેતુ 60 હજાર નવા સસ્તાં ઘર બનાવવાનો છે.

મમદાનીની જીત પહેલાં જ ફ્રાન્સના કેટલાક ડાબેરી નેતાઓ તેમના અભિયાનમાંથી શીખવાની વાત કરી ચૂક્યા હતા. બ્રિટનની જેમ અહીં પણ મમદાનીની ચૂંટણીશૈલી અને સીધા સંદેશા આપવાની રીત પર નજર રાખવામાં આવી હતી.

નેધરલેન્ડ્સમાં મમદાનીની જીત પહેલાં જ ઘર અને ભાડાનો મુદ્દો ચૂંટણીલક્ષી રાજકારણના કેન્દ્રમાં આવી ગયો હતો. 2025ની રાષ્ટ્રીય ચૂંટણીમાં D66ના નેતા રોબ યેટને આવાસ સંકટને મોટો ચૂંટણીલક્ષી મુદ્દો બનાવ્યો.

તે સમયે દેશમાં લગભગ 4 લાખ ઘરોની અછત હતી. ઘર ખરીદવું મોંઘું થઈ ગયું હતું અને ભાડાં સતત વધી રહ્યાં હતાં. એટલે કે લાખો લોકો સામે પ્રશ્ન હતો- સરકાર મોંઘવારી ક્યારે ઘટાડશે એ પહેલાં ઘર ક્યારે મળશે?

યેટનની પાર્ટી D66એ દર વર્ષે 1 લાખ નવા ઘરો બનાવવા અને 10 નવી ટાઉનશિપ વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો. ચૂંટણીમાં તેનો ફાયદો પણ મળ્યો. પાર્ટી 2023ની 9 બેઠકો પરથી વધીને 2025માં 26 બેઠકો પર પહોંચી અને સૌથી મોટી પાર્ટીઓમાં સામેલ થઈ.

એટલે કે નેધરલેન્ડ્સમાં સસ્તું ઘર અને ઓછું ભાડું યુરોપમાં મમદાનીની જીત પહેલાં જ મોટો રાજકીય મુદ્દો બની ચૂક્યો હતો. મમદાનીની જીતે આ ચર્ચાને વધુ વેગ આપ્યો.

PM શહબાઝનું ઇમરાન સમર્થકોને વાતચીતનું આમંત્રણ: સમર્થકો બોલ્યા- પૂર્વ પીએમની મુક્તિની માગ સાથે કોઇ સમાધાન નહીં, લોંગ માર્ચ પેશાવારથી 30 કિમી દૂર

ઈસ્લામાબાદ, તા.07

પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિને લઈને પરિસ્થિતિ બગડતી જઈ રહી છે. ઈમરાન સમર્થકોની લાંબી કૂચ હવે પેશાવરથી માત્ર 30 કિલોમીટર દૂર છે. કૂચને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન શાહબાઝ શરીફે મંગળવારે ઈમરાન સમર્થકોને વાતચીતનું આમંત્રણ આપ્યું. શાહબાઝનું આ નિવેદન એટલા માટે મહત્વનું છે, કારણ કે સોમવારે જ તેમની સરકારે ઈમરાન સમર્થકો સાથે વાતચીત કરવાનો ઈનકાર કર્યો હતો.

જોકે, ઈમરાન સમર્થકોએ શાહબાઝના વાતચીતના પ્રસ્તાવને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. તેમનું કહેવું છે કે તેઓ ઈમરાન ખાનની મુક્તિની માગથી પાછળ નહીં હટે.

ઈમરાન સમર્થકોએ 4 ઓક્ટોબરથી ખૈબર પખ્તૂનખ્વામાંથી કૂચ શરૂ કરી છે. તેઓ આશરે 180 કિલોમીટરનું અંતર કાપીને ઈસ્લામાબાદ પહોંચશે.

શાહબાઝ શરીફ સતત ચેતવણી આપી રહ્યા છે કે લાંબા સમય સુધી ચાલતું પ્રદર્શન પાકિસ્તાનની આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયાસોને નુકસાન પહોંચાડી શકે છે. વડાપ્રધાને કહ્યું કે સરકાર છેલ્લા અઢી વર્ષથી દેશની અર્થવ્યવસ્થાને સ્થિર કરવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે આ પ્રયાસોને રોકવાનો કોઈપણ પ્રયાસ રાજ્ય સાથે દુશ્મની કરવા સમાન હશે.

પાકિસ્તાનમાં ભારતીય ઉચ્ચાયોગમાં રહી ચૂકેલા અવિનાશ મોહનાનીએ કહ્યું કે ઈમરાન સમર્થકોની લોંગ માર્ચ ખૈબરથી પંજાબમાં પહોંચતાં જ શાહબાઝ સરકાર પર દબાણ વધારશે. વ્યાપક સમર્થન મળ્યું તો આર્મી ચીફ મુનીર માટે પણ તેને રોકવું મુશ્કેલ બનશે.

આ જ કારણે માર્ચને રોકવાના

પ્રયાસો તેજ થઈ ગયા છે. ઈમરાનની લોકપ્રિયતા હજુ પણ યથાવત છે અને તેમની મુક્તિની ચાવી મુનીર પાસે છે. બીજી તરફ, સિનિયર ફેલો અને રાજકીય વિશ્લેષક સુશાંત સરીનના મત મુજબ, આસિમ મુનીર લોંગ માર્ચના બહાને શાહબાઝ શરીફને ઘેરી રહ્યા છે.

સરીનના જણાવ્યા મુજબ, મુનીરે પહેલાં માર્ચના માર્ગમાં ખૈબરમાં ફ્રન્ટિયર ફોર્સ તૈનાત કરી. ત્યાર બાદ મંગળવારે શાહબાઝને ઈમરાન સમર્થકોને વાતચીત માટે બોલાવવા કહ્યું. તેમનું કહેવું છે કે મુનીર શાહબાઝને નબળા વડાપ્રધાન તરીકે રજૂ કરવા માગે છે, જેથી લોકોનો સરકાર વિરુદ્ધનો ગુસ્સો વધે. પાકિસ્તાનની રાજનીતિના ઈતિહાસને જોતા શાહબાઝનું સત્તા પરથી જવું નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

73 વર્ષના ઈમરાન ખાન 2023થી રાવલપિંડીની અડિયાલા જેલમાં બંધ છે. તેમના પર 100થી વધુ કેસ નોંધાયેલા છે. ત્રણ કેસમાં સજા સંભળાવવામાં આવી છે.

અલ કાદિર ટ્રસ્ટ કેસમાં 14 વર્ષ, દસ્તાવેજ લીક કેસમાં 10 વર્ષ અને તોશાખાના કેસમાં 3 વર્ષની સજા છે. તોશાખાના કેસમાં ઈમરાનની પત્ની બુશરા પણ જેલમાં છે. સપ્ટેમ્બરમાં ઈમરાનની બહેનો અલીમા, ઉઝમા અને નૂરીનને પણ તકેદારીના ભાગરૂપે કસ્ટડીમાં લેવામાં આવી છે. 18 ઑગસ્ટે સુપ્રીમ કોર્ટે ઈમરાનને તબીબી તપાસ અને સારવાર માટે ઈસ્લામાબાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો.

20 ઑગસ્ટની રાત્રે તેમને ખાનગી હોસ્પિટલને બદલે પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (PIMS) લઈ જવામાં આવ્યા. તપાસ બાદ તેમને ફરી જેલમાં મોકલી દેવામાં આવ્યા.

ખૈબર પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ અફરીદીએ જાહેરાત કરી કે માર્ચ ચાલુ રહેશે. ટાંકી, ડેરા ઈસ્માઈલ ખાન, દક્ષિણ વઝીરિસ્તાન, ઉત્તર વઝીરિસ્તાન, બન્નૂ અને લક્કી મારવતના સમર્થકો ગાંધી ચોકથી માર્ચમાં જોડાયા. વડાપ્રધાન શરીફના રાજકીય સલાહકાર રાણા સનાઉલ્લાહે જણાવ્યું કે પ્રદર્શનકારીઓને ઈસ્લામાબાદમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. કેન્દ્ર સરકારે રાજધાની તરફ જતા રસ્તાઓ પર વધારાના સુરક્ષાદળો તૈનાત કર્યા છે.

પાકિસ્તાનમાં 60 યુવતીઓના ફોન લઈને ઠગો ફરાર: નોકરીની લાલચ આપીને બોલાવી, સૌના મોબાઈલ જમા કરાવ્યા

કરાચી, તા.07

પાકિસ્તાનના કરાચીમાં ઠગો નોકરીની લાલચ આપીને ઓછામાં ઓછી 60 યુવતીઓના મોબાઈલ ફોન લઈને ફરાર થઈ ગયા. ઠગોએ સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપ દ્વારા તેમને એક કાર્યક્રમમાં સ્ટોલ સંભાળવાનું કામ આપ્યું હતું.

30 સપ્ટેમ્બરે તમામ યુવતીઓને કરાચીની બહાર આવેલા એક ફાર્મહાઉસમાં લઈ જવામાં આવી હતી, જ્યાં કંપનીની પોલિસી છે એવો હવાલો આપીને તેમના મોબાઈલ જમા કરાવી લેવામાં આવ્યા હતા. થોડા સમય બાદ ઠગો મોબાઈલથી ભરેલી બેગ લઈને બાઈક પર ફરાર થઈ ગયા.

પોલીસે મંગળવારે જણાવ્યું કે મુખ્ય આરોપી હજુ પણ ફરાર છે. તેના બે ભાઈઓને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા છે, જ્યારે એક મહિલા સાથીદારને પણ કસ્ટડીમાં લેવામાં આવી છે.

સ્થાનિક પોલીસકર્મી મુહમ્મદ અલીએ જણાવ્યું કે તમામ યુવતીઓ નોકરીની શોધમાં હતી અને



મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવતી હતી.

તેમને એક અઠવાડિયા સુધી કામ કરવા માટે દરરોજ 2,000 પાકિસ્તાની રૂપિયા અને અન્ય સુવિધાઓ આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

તેમને જણાવવામાં આવ્યું હતું કે કરાચીની બહાર આવેલી એક ગેટેડ કમ્યુનિટીમાં કાર્યક્રમ યોજાશે, જ્યાં તેમને સ્ટોલ લગાવવાના છે.

30 સપ્ટેમ્બરે છોકરીઓને બેહરિયા ટાઉન લઈ જવાને બદલે કરાચીની બહાર આવેલા એક ફાર્મહાઉસમાં લઈ જવામાં આવી હતી. આથી કેટલીક છોકરીઓ ગભરાઈ ગઈ.

એક પીડિતાએ જણાવ્યું કે મુખ્ય આરોપી અને તેનો સાથી સામાન્ય રીતે વર્ત્યા. તેમણે કહ્યું કે ફાર્મહાઉસમાં મહિલા કો-ઓર્ડિનેટર સાથે મુલાકાત થશે અને બપોરના ભોજન બાદ સૌને બેહરિયા ટાઉન લઈ જઈને સ્ટોલ લગાવવાના છે.

ત્યારબાદ મુખ્ય આરોપીએ કંપનીની નીતિનો હવાલો આપીને તમામ છોકરીઓના મોબાઈલ જમા કરાવી લીધા. તેણે કહ્યું કે કામ પૂરું થયા બાદ ફોન પરત આપી દેવામાં આવશે.

મુહમ્મદ અલીએ કહ્યું કે આટલી મોટી સંખ્યામાં મોબાઈલ ફોન લઈને ફરાર થવાનો આવો મામલો તેમણે પહેલી વાર જોયો છે. પોલીસ મુખ્ય આરોપીની શોધ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી કરાચીથી ભાગીને ગુજરાંવાલા ચાલ્યો ગયો છે. તેના બે ભાઈઓને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. બંનેએ ફોન પર તેની સાથે વાત કરી અને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવા કહ્યું છે.

તંત્રી લેખ

'મતની હેરાફેરીને કારણે બંગાળ ચૂંટણી જીત્યા'

પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. કોંગ્રેસનો દાવો છે કે પશ્ચિમ બંગાળની ચૂંટણી પ્રક્રિયામાં મોટા પાયે હેરાફેરી અને ગેરરીતિ થઈ હતી અને સમગ્ર પ્રક્રિયા દરમિયાન ચૂંટણી વ્યવસ્થાને લઈને અનેક ગંભીર સવાલો ઊભા થયા હતા. કોંગ્રેસે આ સમગ્ર મામલે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ભૂમિકા પર પણ સવાલો ઉઠાવ્યા છે. પક્ષનું કહેવું છે કે ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને જે વિગતો હવે સામે આવી રહી છે તે અત્યંત ચિંતાજનક છે અને ચૂંટણી પંચે તેના પર સ્પષ્ટ જવાબ આપવો જોઈએ. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સોશિયલ મીડિયા પર આ મુદ્દે આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે એક મીડિયા રિપોર્ટનો સ્ક્રીનશોટ શેર કરીને ચૂંટણી પંચની કામગીરી સામે ફરી સવાલો ઉઠાવ્યા હતા. રમેશે પોતાના સંદેશમાં કહ્યું હતું કે હવે 'પૂતળા'ને ધક્કો મારવાનો સમય આવી ગયો છે. તેમના આ નિવેદન દ્વારા તેમણે ચૂંટણી પંચના નેતૃત્વ અને ખાસ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પક્ષની વધતી નારાજગી વ્યક્ત કરી હતી. કોંગ્રેસ અગાઉ પણ ચૂંટણી પંચની કામગીરી, મતદાર યાદીમાં ફેરફાર અને SIR પ્રક્રિયાને લઈને અનેક વખત સવાલો ઉઠાવી ચૂકી છે. જયરામ રમેશે જે મીડિયા રિપોર્ટનો ઉલ્લેખ કર્યો છે તેમાં પશ્ચિમ બંગાળમાં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રચાયેલા અપીલ ટ્રિબ્યુનલના ન્યાયાધીશો દ્વારા ચૂંટણી પંચના ડિજિટલ પોર્ટલને લઈને ગંભીર વાંધા ઉઠાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ 19 ટ્રિબ્યુનલ ન્યાયાધીશોએ ચૂંટણી પંચના ડિજિટલ પોર્ટલમાં એવી ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું જેના કારણે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવેલા લોકોની અપીલોની પ્રક્રિયા અને તેમના નામ પુનઃસ્થાપિત કરવાની કામગીરીમાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી હતી. અહેવાલમાં જણાવાયું છે કે પોર્ટલ દ્વારા નોટિસ આપવી, દસ્તાવેજો અપલોડ કરવા, વર્ચ્યુઅલ સુનાવણી હાથ ધરવી અને મતદારનું નામ પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયા જેવી મહત્વપૂર્ણ કામગીરીમાં સમસ્યાઓ હોવાનું ન્યાયાધીશોએ નોંધ્યું હતું. પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા દરમિયાન આશરે 27.16 લાખ મતદારોના નામ હટાવવામાં આવ્યા હતા. આ પૈકી 22 લાખથી વધુ લોકોએ પોતાના નામ પુનઃસ્થાપિત કરવા માટે અપીલ કરી હોવાનું ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું. કુલ મળીને 38 લાખથી વધુ અપીલો નોંધાઈ હતી, જેમાં મોટી સંખ્યા મતદારોને ફરી મતદાર યાદીમાં સામેલ કરવાની માગ સાથે જોડાયેલી હતી. આ પ્રક્રિયાને લઈને પહેલેથી જ રાજકીય વિવાદ ચાલી રહ્યો હતો અને હવે ટ્રિબ્યુનલના ન્યાયાધીશો દ્વારા પોર્ટલની કામગીરી અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નોથી વિવાદ વધુ ગંભીર બન્યો છે.

કોંગ્રેસનો આક્ષેપ છે કે જો મતદાર યાદીમાંથી લાખો નામ દૂર કરવામાં આવ્યા હોય અને ત્યારબાદ તેમના નામ પુનઃસ્થાપિત કરવા માટે અપીલની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોય, તો સમગ્ર વ્યવસ્થા પારદર્શક અને સરળ હોવી જરૂરી છે. પક્ષનું કહેવું છે કે અપીલ કરનારા મતદારોને યોગ્ય રીતે સાંભળવાની અને તેમના દસ્તાવેજોની ચકાસણી કરવાની પ્રક્રિયામાં કોઈ ટેકનિકલ અથવા વહીવટી અડચણ ન હોવી જોઈએ. કોંગ્રેસે આ મુદ્દાને માત્ર ટેકનિકલ ખામી તરીકે નહીં પરંતુ મતદારોના અધિકારો સાથે જોડાયેલા ગંભીર પ્રશ્ન તરીકે રજૂ કર્યો છે. આ મામલે અગાઉ પણ ચૂંટણી પંચની અંદરથી પ્રક્રિયાઓ અંગે વાંધા સામે આવ્યા હતા. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા દસ મહિનામાં ચૂંટણી પંચના કેટલાક નિર્ણયો અને પ્રક્રિયાઓ અંગે ઓછામાં ઓછા 14 વખત લેખિત વાંધા નોંધાવ્યા હતા. તેમાં મતદાર નોંધણી સંબંધિત ફોર્મમાં ફેરફાર, ચૂંટણીના સોફ્ટવેરનું નિયંત્રણ અને પશ્ચિમ બંગાળની અપીલો સહિતના મુદ્દાઓ સામેલ હતા. જોકે ચૂંટણી પંચે આ મતભેદોને નિર્ણય પ્રક્રિયાનો હિસ્સો ગણાવ્યા હતા અને અગાઉના નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવ્યું હતું.

ચેપ લાગ્યાના માત્ર ૧થી ૩ દિવસમાં અચાનક ધ્રુજારી સાથે સખત તાવ, માથાનો ભયાનક દુખાવો, આખા શરીરમાં નબળાઈ, લોહીવાળી ઉધરસ અને શ્વાસ લેવામાં ભારે તકલીફ શરૂ થઈ જાય છે. ફેફસાંમાં ભરાયેલા પ્રવાહી અને બેક્ટેરિયાના ઝેરને કારણે માત્ર બે થી ચાર દિવસની અંદર શ્વસનતંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે : ૧૪મી સદીમાં યુરોપમાં ત્રાટકેલા આ જ પ્લેગને ઈતિહાસ 'ધ બ્લેક ડેથ' તરીકે ઓળખે છે

ન્યૂમોનિક પ્લેગ : દુનિયા ઉપર તોળાઈ રહેલો બીજી મહામારીનો જીવલેણ ખતરો

ફરી લેબમાંથી માનવજાત ઉપર જોખમ ફેલાવાનો ભય : સાઈબિરિયાની લેબમાં મહિલા સંશોધકનાં મોતથી દુનિયાભરમાં ભયનો માહોલ

ચેપ લાગ્યાના માત્ર ૧થી ૩ દિવસમાં અચાનક ધ્રુજારી સાથે સખત તાવ, માથાનો ભયાનક દુખાવો, આખા શરીરમાં નબળાઈ, લોહીવાળી ઉધરસ અને શ્વાસ લેવામાં ભારે તકલીફ શરૂ થઈ જાય છે. ફેફસાંમાં ભરાયેલા પ્રવાહી અને બેક્ટેરિયાના ઝેરને કારણે માત્ર બે થી ચાર દિવસની અંદર શ્વસનતંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે : ૧૪મી સદીમાં યુરોપમાં ત્રાટકેલા આ જ પ્લેગને ઈતિહાસ 'ધ બ્લેક ડેથ' તરીકે ઓળખે છે. ઈ.સ. ૧૩૪૭માં જ્યારે તાતાર સેનાઓએ ક્રિમીઆ અને એશિયા માઈનોરના વેપારી બંદરો પર આ રોગ ફેલાવ્યો, ત્યારે યુરોપની લગભગ અડધી વસ્તી સાફ થઈ ગઈ હતી. લાખો-કરોડો લોકો કૂતરા-બિલાડાની જેમ શેરીઓમાં મરેલા પડયા હતા : કોરોના મહામારીએ દુનિયાને બતાવી દીધું છે કે એક નાનકડો સૂક્ષ્મજીવ કેવી રીતે આખી વૈશ્વિક અર્થવ્યવસ્થા, આરોગ્ય વ્યવસ્થા અને અબજો લોકોના જીવનને ઠપ કરી શકે છે. જો ન્યુમોનિક પ્લેગ જેવો જીવાણુ કોઈ પણ રીતે લેબમાંથી બહાર નીકળીને સામાન્ય વસ્તીમાં પ્રવેશી જાય, તો તેની વિનાશકતાની કલ્પના કરવી પણ અશક્ય છે

રશિયાના સાઈબિરિયામાંથી આવેલા એક ભયાનક અહેવાલે સમગ્ર માનવજાતના રૂંવાડા ઊભા કરી દીધા છે. ઈર્કુત્સ્કની એક અત્યંત સુરક્ષિત એન્ટિ-પ્લેગ પ્રયોગશાળામાં એક ૨૮ વર્ષીય યુવાન વૈજ્ઞાનિક દારિયા શિપિલોવાના અચાનક અને કરુણ મોતે રશિયા સહિત સમગ્ર વૈશ્વિક શક્તિઓને હચમચાવી દીધી છે. માત્ર એક ટેસ્ટ ટ્યુબ તૂટી જવાની બેદરકારી કે દુર્ઘટનાએ એવા રાક્ષસી જીવાણુને મુક્ત કરી દીધો છે, જે સદીઓ પહેલાં આખી પૃથ્વી પર કરોડો જીવોને ભરખી ચૂક્યો હતો. ક્રેમલિનથી લઈને વોશિંગ્ટન સુધી સાયરનો વાગી રહ્યા છે, ૨૦૦થી વધુ નિર્દોષ લોકોને રાતોરાત ક્વોરેન્ટાઈન કરી દેવાયા છે અને સમગ્ર પ્રદેશમાં કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. આ કોઈ સામાન્ય તાવ કે મોસમી ફ્લૂ નથી, આ ઈતિહાસનો સૌથી લોહિયાળ 'બ્લેક ડેથ' એટલે કે પ્લેગ છે. તેને ન્યૂમોનિક પ્લેગ પણ કહેવામાં આવે છે.

આ જીવલેણ ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે સાઈબિરીયાની સુરક્ષિત લેબમાં કામ કરતી સંશોધક દારિયા શિપિલોવાના હાથમાંથી ૨૫ સપ્ટેમ્બરે ન્યુમોનિક પ્લેગના અત્યંત ઘાતક પેથોજેન ધરાવતી કાચની ટેસ્ટ ટ્યુબ અચાનક પડીને તૂટી ગઈ. લેબના બંધ વાતાવરણમાં ક્ષણાર્ધમાં શ્વાસ મારફતે ફેફસાંમાં ઉતરી ગયેલા બેક્ટેરિયાએ પોતાનું તાંડવ શરૂ કરી દીધું. આ ઘટના બન્યાના થોડા જ કલાકોમાં આ યુવતીના શરીરમાં અસહ્ય પીડા, ઉધરસ અને અતિશય તાવના ચિહ્નો દેખાવા લાગ્યા. ૨૯ સપ્ટેમ્બર સુધીમાં સ્થિતિ એટલી હદે વણસી ગઈ કે તેને ગંભીર ન્યુમોનિયા સાથે આઈસોલેશન વોર્ડમાં ખસેડવી પડી. આધુનિક તબીબી વિજ્ઞાન જ્યારે કશું વિચારે કે સમજે તે પહેલાં જ, માત્ર બે જ દિવસમાં, ૧ ઓક્ટોબરે તેનું દર્દનાક મોત નીપજ્યું. આ મોત જૈવિક સુરક્ષા વ્યવસ્થા પર પડેલો એવો કારમો તમાચો હતો જેણે સમગ્ર વહીવટી તંત્રના પગ નીચેથી જમીન સરકાવી દીધી.

ઉલ્લેખનીય છે કે, આ ઘાતક દુર્ઘટના સામે આવતાં જ રશિયન સત્તાધીશોમાં નાસભાગ મચી ગઈ. ઈર્કુત્સ્ક શહેરમાં આયોજિત તમામ જાહેર કાર્યક્રમો, સભાઓ અને મેળાવડાઓને તાત્કાલિક અસરથી રદ કરી દેવાયા. દારિયાના સંપર્કમાં આવેલા ૨૦૦થી વધુ ડોક્ટરો, નર્સો, પ્રયોગશાળાના સહકર્મીઓ અને સગા-સંબંધીઓને ક્વોરેન્ટાઈનમાં ધકેલી દેવાયા છે. રશિયાની સત્તાવાર તપાસ એજન્સીઓએ આરોગ્ય અને સુરક્ષા પ્રોટોકોલના ઘોર ઉલ્લંઘન બદલ ફોજદારી કેસ નોંધીને તપાસના આદેશ આપ્યા છે. આ આક્રોશ એટલા માટે વાજબી છે કારણ કે બેદરકારી કરનારાઓએ માત્ર પોતાના જીવ જોખમમાં નથી મૂક્યા, પરંતુ હજારો સામાન્ય નાગરિકોના શ્વાસમાં ઝેર ઘોળવાનું પાપ કર્યું છે. આ કટોકટીની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વ્હાઈટ હાઉસે પણ સત્તાવાર નિવેદન બહાર પાડીને કહ્યું છે કે ટ્રમ્પ પ્રશાસન રશિયામાં ફેલાઈ રહેલા આ સંભવિત રોગચાળા પર અત્યંત બારીકાઈથી નજર રાખી રહ્યું છે.

બીજી તરફ, આ મામલે રશિયાના સ્થાનિક તંત્રમાં જૂઠાણાં અને લીપાપોતીની રમત પણ શરૂ થઈ ચૂકી છે. મોંગોલિયા સરહદ નજીકના બુરિયાતિયા પ્રજાસત્તાકની આસપાસથી આ ચેપ આવ્યો હોવાના અહેવાલો વહેતા થતાં જ ત્યાંના વડા અલેક્સી ત્સીદેનોવે તરત જ હાથ અદ્ધર કરી લીધા અને દાવો કર્યો કે આ વૈજ્ઞાનિક ક્યારેય તેમના વિસ્તારમાં આવી જ નહોતી. સ્થાનિક અધિકારીઓ આ ઘાતક રોગને જાહેરમાં ન્યૂમોનિક પ્લેગ કહેવાને બદલે માત્ર ખતરનાક ચેપ તરીકે ખપાવવાનો મરણિયો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે રોગચાળાને છુપાવવાની આ શાસકીય વૃત્તિ હંમેશા વિનાશક સાબિત થઈ છે. જ્યારે વાયરસ કે બેક્ટેરિયા હવામાં વહેતા હોય ત્યારે નિવેદનોની ઢાલ કોઈ કામમાં આવતી નથી. લોકોના જીવ જોખમમાં મૂકીને પોતાની બેદરકારી છુપાવવાનો આ વહીવટી ખેલ અત્યંત શરમજનક અને અક્ષમ્ય છે.

વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો, પ્લેગ એ યર્સિનિયા પેસ્ટિસ નામના અત્યંત ઝેરી બેક્ટેરિયાથી ફેલાતો રોગ છે. પ્લેગના મુખ્ય ત્રણ સ્વરૂપો છે : બ્યુબોનિક, સેપ્ટિસેમિક અને ન્યુમોનિક. આ ત્રણેયમાં ન્યુમોનિક પ્લેગ એ પૃથ્વી પરનો સૌથી વિકરાળ, આક્રમક અને જીવલેણ અવતાર છે. સામાન્ય બ્યુબોનિક પ્લેગમાં દર્દીના લસિકા સૂજી જાય છે અને તે મોટે ભાગે ચાંચડના કરડવાથી ફેલાય છે, પરંતુ ન્યુમોનિક પ્લેગ સીધો માનવ ફેફસાં પર હુમલો કરે છે. આ રોગ હવામાં અત્યંત સૂક્ષ્મ કણો મારફતે ફેલાય છે. દર્દી માત્ર ખાંસી કે છીંક ખાય તો પણ તેની સામે ઊભેલી વ્યક્તિ આ જીવલેણ બેક્ટેરિયાનો શિકાર બની જાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ઉર્લ્ડ) ના સત્તાવાર આંકડા અને ચેતવણીઓ સ્પષ્ટ કરે છે કે જો ન્યુમોનિક પ્લેગના દર્દીને લક્ષણો દેખાયાના પ્રથમ ૨૪ કલાકની અંદર અત્યંત શક્તિશાળી એન્ટિબાયોટિક્સ ન આપવામાં આવે, તો તેનો મૃત્યુદર લગભગ ૧૦૦ ટકા જેટલો રહે છે.

આ રોગનો આક્રમણ દર એટલો ઝડપી છે કે માનવ શરીરને રોગપ્રતિકારક શક્તિ ઊભી કરવાનો સહેજ પણ સમય મળતો નથી. ચેપ લાગ્યાના માત્ર ૧ થી ૩ દિવસમાં અચાનક ધ્રુજારી સાથે સખત તાવ, માથાનો ભયાનક દુખાવો, આખા શરીરમાં નબળાઈ, લોહીવાળી ઉધરસ અને શ્વાસ લેવામાં ભારે તકલીફ શરૂ થઈ જાય છે. ફેફસાંમાં ભરાયેલા પ્રવાહી અને બેક્ટેરિયાના ઝેરને કારણે માત્ર બે થી ચાર દિવસની અંદર શ્વસનતંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે અને દર્દી તરફડીને દમ તોડી દે છે. હવામાં ઝડપથી પ્રસરવાની તેની અસાધારણ ક્ષમતાને કારણે જ તે સામાન્ય વસ્તીમાં સેકન્ડોમાં ફાટી નીકળી શકે છે અને ગણતરીના દિવસોમાં આખા શહેરોને સ્મશાનમાં ફેરવી શકે છે. આ જ કારણ છે કે પ્રયોગશાળામાં ટેસ્ટ ટ્યુબ તૂટવાની ઘટનાને માત્ર અકસ્માત નહીં, પરંતુ આખા પ્રદેશ પર તોળાતી જૈવિક આપત્તિ માનવામાં આવી રહી છે.

આ રોગનો ભયાનક અને જીવલેણ ઈતિહાસ છે. ૧૪મી સદીમાં યુરોપમાં ત્રાટકેલા આ જ પ્લેગને ઈતિહાસ 'ધ બ્લેક ડેથ' તરીકે ઓળખે છે. ઈ.સ. ૧૩૪૭માં જ્યારે તાતાર સેનાઓએ ક્રિમીઆ અને એશિયા માઈનોરના વેપારી બંદરો પર આ રોગ ફેલાવ્યો, ત્યારે યુરોપની લગભગ અડધી વસ્તી સાફ થઈ ગઈ હતી. લાખો-કરોડો લોકો કૂતરા-બિલાડાની જેમ શેરીઓમાં મરેલા પડયા હતા અને શબને અગ્નિદાહ કે દફનાવવા માટે પણ માણસો ખૂટી પડયા હતા. બાયઝેન્ટાઈન દરબારી ઈતિહાસકાર પ્રોકોપિયસ ઓફ સિઝેરિયાએ પોતાના ઐતિહાસિક ગ્રંથ 'હિસ્ટ્રી ઓફ ધ વોર્સ'માં આ રોગની ભયાનકતાનું વર્ણન કરતાં લખ્યું હતું કે, લોકો સવારે સામાન્ય હાલતમાં ઊઠતા, રસ્તા પર ચાલતા કે પોતાના રોજિંદા કામમાં વ્યસ્ત હોત, અને અચાનક તેમના શરીરમાં અજાણ્યો તાવ પ્રવેશતો.

શરીરમાં કોઈ સામાન્ય બળતરા કે ફેરફાર દેખાતો નહોતો, શરૂઆતમાં દર્દી કે તેની સારવાર કરનારા વૈદ્યને પણ ખતરાનો સહેજ પણ અનુભવ ન થતો, પરંતુ સાંજ પડતાં સુધીમાં તો તે અદ્રશ્ય ઝેર આખા શરીરને ભરખી જતું હતું. એ જ મધ્યકાલીન કાળો પડછાયો આજે ૨૧મી સદીના વૈજ્ઞાનિક યુગમાં પણ સજીવન થઈને ઊભો છે.

ઘણા લોકો એવી ભ્રમણામાં જીવે છે કે આધુનિક દવાઓ અને વિજ્ઞાનના યુગમાં પ્લેગ ભૂતકાળ બની ગયો છે, પરંતુ વાસ્તવિકતા અત્યંત ડરામણી અને કડવી છે. પ્લેગ પૃથ્વી પરથી ક્યારેય નાબૂદ થયો જ નથી અને વૈજ્ઞાનિક રીતે તેને જડમૂળથી નાબૂદ કરવો લગભગ અશક્ય છે. સાઈબિરીયાના વિશાળ બર્ફીલા જંગલો, મંગોલિયાના રણ પ્રદેશો અને મધ્ય એશિયાના પહાડોમાં આ યર્સિનિયા પેસ્ટિસ બેક્ટેરિયા કુદરતી રીતે જીવંત છે. જંગલી ખિસકોલીઓ, માર્મોટ્સ (ખાસ પ્રકારના જંગલી ઉંદરો) અને તેમના શરીર પર જીવતા ચાંચડોમાં આ ઝેરી જીવાણુ હજારો વર્ષોથી ટકી રહ્યા છે. જ્યારે પણ કોઈ માનવી આ જંગલી પ્રાણીઓના સીધા સંપર્કમાં આવે છે કે તેમનો શિકાર કરે છે, ત્યારે આ બેક્ટેરિયા પ્રાણીઓમાંથી માણસોમાં પહોંચી જાય છે. આ કુદરતી ચક્ર એટલું મજબૂત છે કે તેને ક્યારેય સંપૂર્ણપણે ખતમ કરી શકાતું નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા મુજબ ૨૦૧૯ થી ૨૦૨૫ દરમિયાન સમગ્ર વિશ્વમાં શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા પ્લેગના ૪,૦૦૦થી વધુ કેસો નોંધાયા છે, જેમાં રશિયાનો પણ સમાવેશ થાય છે. વર્ષ ૧૯૯૦ પછી માનવીઓમાં પ્લેગના મોટાભાગના કેસો આફ્રિકાના દેશોમાંથી સામે આવ્યા હોવા છતાં, સાઈબિરિયા અને એશિયાઈ સરહદો પર તેનો સતત સળવળાટ રહ્યો છે. પરંતુ જ્યારે આ રોગ કુદરતી વાતાવરણમાંથી નીકળીને કોઈ માનવસર્જિત અતિસુરક્ષિત પ્રયોગશાળામાં બેદરકારીના કારણે વિસ્ફોટક રૂપ ધારણ કરે છે, ત્યારે સમગ્ર વિશ્વની ચિંતા બમણી થઈ જાય છે. લેબોરેટરીમાં ઉછેરવામાં આવતા પેથોજેન્સ કુદરતી બેક્ટેરિયા કરતાં અનેક ગણા વધુ એક્ટિવ અને જોખમી હોય છે, અને ત્યાં થયેલી નાની અમસ્તી ભૂલ પણ માનવજાત માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. આ ઘટના માત્ર રશિયા માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે લાલબત્તી સમાન છે.

કોરોના મહામારીએ દુનિયાને બતાવી દીધું છે કે એક નાનકડો સૂક્ષ્મજીવ કેવી રીતે આખી વૈશ્વિક અર્થવ્યવસ્થા, આરોગ્ય વ્યવસ્થા અને અબજો લોકોના જીવનને ઠપ કરી શકે છે. જો ન્યુમોનિક પ્લેગ જેવો જીવાણુ કોઈ પણ રીતે લેબમાંથી બહાર નીકળીને સામાન્ય વસ્તીમાં પ્રવેશી જાય, તો તેની વિનાશકતાની કલ્પના કરવી પણ અશક્ય છે.

વાણી તમારી ભગવાનની લીલાથી પવિત્ર થશે ત્યારે જ તમને શાંતિ મળશે

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવાનમાં મુખ્ય કથા કરવાની છે કનૈયાની. બીજા અવતારોની કથા કહ્યા પછી અધિકાર પ્રાપ્ત થાય. આ વાક્યમાં ભાગવતનું આખું શાસ્ત્ર છુપાયેલું છે.કોઈ સીધું કોલેજના છેલ્લા વર્ષમાં નથી જતું, પહેલા પહેલું ધોરણ પાસ કરવું પડે. તેમ કનૈયાની પ્રેમલક્ષણા ભક્તિ સમજવા માટે પહેલા બીજા અવતારો દ્વારા મનને શુદ્ધ કરવું પડે. તે પછી હરિ,કલ્કિ, બુદ્ધ આદિ મળી ૨૪ અવતારો થયા છે. આ ચોવીસ અવતારોનું રહસ્ય તો પરમાત્મા શબ્દમાંથી જ નીકળે છે. કેવી રીતે? સંસ્કૃતના અંકશાસ્ત્ર મુજબ -પ એટલે પાંચ,ર એટલે બે, મા એટલે સાડા ચાર, અર્ધો ત્ એટલે આઠ અને છેલ્લો મા એટલે સાડા ચાર.આ બધાનો સરવાળો કરો-૫+૨+૪.૫+૮+૪.૫ = ૨૪.એટલે પરમાત્મા કહો એટલે ૨૪ અવતાર વાળો જ સમજવો. ભગવાન વેદ વ્યાસે ભાગવત ચરિત્રોથી પરિપૂર્ણ ભાગવત નામનું પુરાણ બનાવ્યું. આ કોઈ સામાન્ય પુરાણ નથી.તે પુરાણોનો તિલક મણિ છે,વેદરૂપી કલ્પવૃક્ષનું પાકું ફળ છે.

એકવાર શૌનકજીએ સૂતજીને પૂછ્યું કે,વ્યાસજીએ ભાગવતની રચના શા માટે કરી અને રચના કર્યા પછી તેનો પ્રચાર કેવી રીતે કર્યો તે અમને કહો. આ પ્રશ્ન પાછળ મોટું રહસ્ય છે.

વ્યાસજીને અશાંતિ કેમ થઈ? કળિયુગનું દર્શન વ્યાસજીએ વેદોના ચાર ભાગ પાડ્યા, સત્તર પુરાણો લખ્યા, મહાભારત જેવો પાંચમો વેદ લખ્યો,છતાં તેમને શાંતિનહોતી. કેમ? કારણ કે તેમણે ધર્મ, અર્થ, કામ, મોક્ષ બધું લખ્યું પણ પ્રેમ લક્ષણા ભક્તિ -કનૈયાની કથા બાકી હતી. જ્ઞાનથી મગજ ભરાય,હૃદય ન ભરાય.હૃદય તો પ્રેમથી જ ભરાય.

ત્યારે નારદજી આવ્યા અને કહ્યું, તમે ભગવાનના નિર્મળ યશનું ગાન નથી કર્યું. તમારી વાણી ભગવાનની લીલાથી પવિત્ર થશે ત્યારે જ તમને શાંતિ મળશે.પછી વ્યાસજીએ સમાધિમાં કળિયુગના દર્શન કર્યા.

શૌનકજી કહે છે, સાંભળો દ્વાપર યુગની સમાપ્તિનો સમય હતો. વ્યાસ નારાયણ સરસ્વતી નદીના કિનારે વ્યાસાશ્રમમાં બિરાજતા હતા. એવામાં તેમને કળિયુગનાં દર્શન થયાં. પાંચ હજાર વર્ષ પછી દુનિયામાં શું થશે તે તેમણે પ્રત્યક્ષ જોયું. તેમણે બારમા સ્કંધમાં આનું વર્ણન કર્યું છે.

વ્યાસજીએ જોયું કે કળિયુગમાં લોકો વિલાસી થશે, બુદ્ધિહીન થશે, વેદશાસ્ત્રનું અધ્યયન કરી શકશે નહીં. આયુષ્ય ઓછું હશે, પણ ઈચ્છાઓ મોટી હશે. પતિ-પત્નીનો સંબંધ પ્રેમથી નહીં, સ્વાર્થથી ટકશે. માણસ ધનને જ ધર્મ માનશે. જેની પાસે પૈસા હશે તેને જ ન્યાય મળશે. આ બધું જોઈને વ્યાસજીનું હૃદય દ્રવી ગયું. તેથી વેદોનો અર્થ સમજાવવા તેમણે પુરાણોની રચના કરી. સ્ત્રી, શુદ્ર, પતિત, દ્વિજાતિ જે વેદ-શ્રવણના અધિકારી નથી એમનું પણ કલ્યાણ થાય એમ વિચારી મહાભારતની રચના કરી.

મહાભારત એટલે શું? તમારા મનનું અને ઘરનું યુદ્ધ મહાભારત એ સમાજ શાસ્ત્ર છે. મહાભારત એ પાંચમો વેદ છે. ભા નો અર્થ થાય છે જ્ઞાન, રત એટલે રમવું. જ્ઞાન અને ભક્તિમાં રમવાની કળા જે ગ્રંથમાં બતાવી છે તે મહાભારત.

જ્ઞાનમાં જીવ જ્યારે રમણ કરવા જાય છે ત્યારે કૌરવો વિઘ્ન કરે છે. ધર્મક્ષેત્ર કહો કે કુરુક્ષેત્ર કહો તે આ શરીર જ છે. ધર્મ-અધર્મનું યુદ્ધ તેમાં થાય છે. મહાભારત દરેકના મનમાં અને ઘરમાં ભજવાય છે. સવૃત્તિઓ અને અસવૃત્તિઓનું યુદ્ધ એ જ મહાભારત.

જીવ એ ધૃતરાષ્ટ્ર છે. જેને આંખ નથી તે ધૃતરાષ્ટ્ર નથી, પણ જેની આંખમાં કામ છે તે આંધળો ધૃતરાષ્ટ્ર છે. આંધળો કોણ? જે વિષયાનુરાગી તે આંધળો.જેને દીકરા સિવાય બીજું કંઈ દેખાતું નથી તે ધૃતરાષ્ટ્ર છે.

દુઃખરૂપ કૌરવો એકવાર ધર્મને મારવા જાય છે. યુધિષ્ઠિર અને દુર્યોધન રોજ લડે છે.દુર્યોધન આજે પણ જીવે છે.સવારે ચાર વાગે ધર્મ રાજા કહે છે, ઊઠ, સત્કર્મ કર! સ્નાન કર,ધ્યાન કર!ત્યારે દુર્યોધન કહે છે, વહેલા ઊઠવાની શું જરૂર છે? આરામ કર! હજુ તો રાત છે. ધર્મ અને અધર્મ આ પ્રમાણે અનાદિ કાળથી લડે છે.દુષ્ટ વિચારરૂપી દુર્યોધન મનુષ્યને ઊઠવા દેતો નથી.

એક માણસે નક્કી કર્યું કે કાલથી વહેલા ઉઠવું છે.એલાર્મ મૂક્યું. સવારે એલાર્મ વાગ્યું ત્યારે મનમાં બે અવાજ આવ્યા. એક કહે બંધ કર, સૂઈ જા.બીજો કહે ઊઠ,તારો સંકલ્પ યાદ કર.પહેલો અવાજ દુર્યોધનનો છે, બીજો યુધિષ્ઠિરનો. રોજ આપણે આ યુદ્ધ હારીએ છીએ અને ફરી ઊંઘી જઈએ છીએ.

દુર્યોધન એ અધર્મ છે.યુધિષ્ઠિર ધર્મ નું સ્વરૂપ છે.ધર્મ મનુષ્યને પ્રભુ પાસે લઈ જાય છે,અધર્મ તેનો વિનાશ કરે છે.ધર્મરૂપી યુધિષ્ઠિર ઈશ્વરને શરણે જાય તો ધર્મનો વિજય થાય છે અને અધર્મરૂપી દુર્યોધનનો વિનાશ થાય છે.

આ મહાભારત લખ્યા પછી પણ વ્યાસજીને લાગ્યું કે કળિયુગના જીવો માટે કંઈક સરળ,મીઠું અને સીધું હૃદય સુધી પહોંચે તેવું આપવું જોઈએ. એટલે તેમણે ભાગવત લખ્યું. ભાગવત એ વેદોનું ફળ છે, તેમાં છાલ નથી,માત્ર રસ છે.

ભાગવતનો વક્તા કોણ?જેની દૃષ્ટિ બ્રહ્મદૃષ્ટિ છે તે હવે પ્રશ્ન થાય કે આ ભાગવત કોણ કહે? વ્યાસજી પોતે ન કહે,તેમણે પોતાના પુત્ર શુકદેવ જીને આ કથા આપી.શા માટે? અતિશય લોભી પ્રતિ પળ ધનનું ચિંતન કરે છે, તેમ જ્ઞાની પ્રતિપળ ઈશ્વરનું સ્મરણ કરે છે. શુકદેવની વૃત્તિ જન્મથી બ્રહ્મકાર છે. તેઓ ગર્ભમાં જ જ્ઞાની હતા. જન્મતાની સાથે જ વનમાં ચાલ્યા ગયા.

શુકદેવજીની દૃષ્ટિ દેવદૃષ્ટિ હતી, દેહદૃષ્ટિ ન હતી. આનું સૌથી મોટું દ્રષ્ટાંત ભાગવતમાં આવે છે.

એક વખત સરોવરમાં અપ્સરાઓ સ્નાન કરતી હતી ત્યાંથી નિર્વસ્ત્ર શુકદેવજી પસાર થયા. સોળ વર્ષના સુંદર યુવાન,દિગંબર અવસ્થામાં. અપ્સરાઓએ પૂર્વવત્ સ્નાન ચાલુ રાખ્યું અને કાંઈ લજ્જા અનુભવી નહીં. કપડાં પણ પહેર્યાં નહીં. થોડીવાર પછી વ્યાસજી ત્યાંથી પસાર થયા. તેઓ સવસ્ત્ર હતા, વૃદ્ધ હતા,પિતા સમાન હતા,છતાં તેમને જોઈ અપ્સરાઓએ તુરત પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં.

વ્યાસજીએ અપ્સરાઓને તેનું કારણ પૂછ્યું.તેઓએ જણાવ્યું, આપ વૃદ્ધ છો, પૂજ્ય છો,પિતા જેવા છો. પરંતુ આપના મનમાં આ પુરુષ છે, આ સ્ત્રી છે, એવો ભેદ છે. જ્યારે શુકદેવજીના મનમાં તેવો કોઈ ભેદ નથી. શુકદેવજી કેવળ બ્રહ્મજ્ઞાની નથી પણ બ્રહ્મદૃષ્ટિ રાખીને ફરે છે.

શુકદેવજીની અભેદ દૃષ્ટિ સિદ્ધ થઈ છે. તેમને ખબર નથી કે આ સ્ત્રી છે કે પુરુષ છે. તેમને સર્વમાં બ્રહ્મ દેખાય છે. સંતને જોનારો નિર્વિકાર બને છે. શુકદેવજીનાં દર્શન કરી અપ્સરાઓ પણ નિર્વિકાર બની નિષ્કામ થઈ. આ છે બ્રહ્મદૃષ્ટિની તાકાત. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જનક દરબારમાં પરીક્ષા જનક રાજાના દરબારમાં એક વખત શુકદેવજી અને નારદજી પધાર્યા. શુકદેવજી બ્રહ્મચારી છે, જ્ઞાની છે. નારદજી પણ બ્રહ્મચારી છે, ભક્તિમાર્ગના આચાર્ય છે. બંને મહાન પુરુષો છે, પરંતુ આ બેમાંથી શ્રેષ્ઠ કોણ? જનકરાજાની રાણી સુનયનાએ બીડું ઝડપ્યું કે હું બંનેની પરીક્ષા કરીશ. સુનયના રાણીએ બંનેને પોતાના મહેલમાં બોલાવ્યા અને હિંડોળા ઉપર બેસાડ્યા. પછી સુનયના રાણી સોળ શણગાર સજીને આવ્યાં અને બંનેની વચ્ચે હિંડોળા ઉપર બેસી ગયાં.

ચૂંટણી કમિશન સામે વિરોધ વચ્ચે રાહુલ-પ્રિયંકાની અટકાયત, રાહુલ ગાંધીનો આકરો પ્રહાર

મુખ્ય ચૂંટણી કમિશનર સામે ચાલી રહેલા વિરોધ અને આંદોલન વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી તથા પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત વિરોધપક્ષના અનેક સાંસદો ચૂંટણી પંચની કચેરી તરફ જવા માટે આકાશવાણી ભવન ખાતે પહોંચ્યા હતા. ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મુલાકાત કરવાની માગ સાથે વિરોધપક્ષના સાંસદો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. જોકે પોલીસે તેમને આગળ વધતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસની રોકટોક છતાં વિરોધપક્ષના નેતાઓ આગળ વધવાનો પ્રયાસ કરતા સમગ્ર વિસ્તારમાં રાજકીય માહોલ ગરમાયો હતો.

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને રોકવા માટે પોલીસે બેરિકેડિંગ સહિતની કામગીરી હાથ ધરી હતી. જોકે વિરોધપક્ષના સાંસદો અને નેતાઓના સતત વિરોધ વચ્ચે પોલીસ માટે સ્થિતિ સંભાળવી મુશ્કેલ બની હતી. આખરે પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કેટલાક વિરોધપક્ષના સાંસદોની અટકાયત કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધી ભારે આક્રમક અને જુસ્સાદાર અંદાજમાં જોવા મળ્યા હતા. તેમણે સરકાર અને ચૂંટણી પંચ સામે ગંભીર આક્ષેપો કરતાં પોતાના વિરોધને વધુ ઉગ્ર બનાવ્યો હતો.

અટકાયત દરમિયાન રાહુલ ગાંધીએ ઉંચા અવાજે કહ્યું હતું કે, દેશ સાથે જે કરવામાં આવ્યું છે તે દેશદ્રોહ છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આરએસએસના પ્રમુખ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું નામ લેતાં કહ્યું હતું કે આ સમગ્ર મામલે કોઈને પણ છોડવામાં આવશે નહીં. રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા અને મતદારોના અધિકારો સાથે કોઈ પ્રકારની ગેરરીતિ થઈ હોય તો કોંગ્રેસ અને વિરોધપક્ષ આ મુદ્દે પાછળ હટવાના નથી.

રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે દેશના 300થી વધુ સાંસદો ચૂંટણી કમિશનરને મળવા માંગતા હતા. તેમનું કહેવું હતું કે આ સાંસદો દેશના કરોડો લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમના મતવિસ્તારોના લોકોના પ્રશ્નો તથા ચિંતાઓ લઈને ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવા માંગે છે. તેમ છતાં ચૂંટણી કમિશનર તેમને મળવા માટે તૈયાર નથી, જેને લઈને વિરોધપક્ષમાં ભારે નારાજગી છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ એકસાથે ચૂંટણી પંચ પાસે પોતાની વાત રજૂ કરવા માંગે છે ત્યારે તેમને મળવાનો ઈનકાર શા માટે કરવામાં આવી રહ્યો છે.

વિરોધપક્ષના નેતાઓનું કહેવું છે કે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા, મતદાર યાદી અને ચૂંટણી વ્યવસ્થાને લઈને જે પ્રશ્નો ઉભા થયા છે તેનો જવાબ ચૂંટણી પંચે આપવો જોઈએ. આ મુદ્દે સંસદની અંદર અને બહાર સતત વિરોધ કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોનો આરોપ છે કે ચૂંટણી પંચે વિરોધપક્ષ દ્વારા ઉઠાવવામાં આવતા સવાલો અંગે સ્પષ્ટતા કરવી જોઈએ અને ચૂંટાયેલા સાંસદોને મળીને તેમની રજૂઆતો સાંભળવી જોઈએ.

બીજી તરફ, વિરોધ દરમિયાન પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિરોધપક્ષના નેતાઓને અટકાવ્યા હતા. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની અટકાયત બાદ રાજકીય નિવેદનબાજી વધુ તેજ બનવાની શક્યતા છે. કોંગ્રેસે આ કાર્યવાહીને લોકશાહી અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો છે, જ્યારે સમગ્ર મામલે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અને ચૂંટણી પંચની ભૂમિકા અંગે રાજકીય ચર્ચા વધુ ગરમાઈ છે.

આ સમગ્ર ઘટનાએ દિલ્હી સહિત દેશના રાજકીય વર્તુળોમાં ફરી એકવાર ચૂંટણી પંચની કામગીરી અને તેની સામે વિરોધપક્ષ દ્વારા ઉઠાવવામાં આવતા સવાલોને કેન્દ્રસ્થાને લાવી દીધા છે. રાહુલ ગાંધીના આક્રમક નિવેદન બાદ કોંગ્રેસ આ મુદ્દાને વધુ વ્યાપક રીતે જનતા સમક્ષ લઈ જવાની તૈયારીમાં હોવાનું માનવામાં આવે છે. વિરોધપક્ષનું કહેવું છે કે ચૂંટણી વ્યવસ્થા અંગેના પ્રશ્નો માત્ર કોઈ એક પક્ષનો મુદ્દો નથી, પરંતુ દેશના લોકતંત્ર અને મતદારોના અધિકારો સાથે સીધો સંબંધ ધરાવે છે. તેથી ચૂંટણી પંચે તમામ પ્રશ્નોના જવાબ આપીને સમગ્ર પ્રક્રિયા અંગે પારદર્શિતા જાળવવી જોઈએ. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને રોકવા માટે પોલીસે બેરિકેડિંગ સહિતની કામગીરી હાથ ધરી હતી. જોકે વિરોધપક્ષના સાંસદો અને નેતાઓના સતત વિરોધ વચ્ચે પોલીસ માટે સ્થિતિ સંભાળવી મુશ્કેલ બની હતી. આખરે પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કેટલાક વિરોધપક્ષના સાંસદોની અટકાયત કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધી ભારે આક્રમક અને જુસ્સાદાર અંદાજમાં જોવા મળ્યા હતા. તેમણે સરકાર અને ચૂંટણી પંચ સામે ગંભીર આક્ષેપો કરતાં પોતાના વિરોધને વધુ ઉગ્ર બનાવ્યો હતો.

અટકાયત દરમિયાન રાહુલ ગાંધીએ ઉંચા અવાજે કહ્યું હતું કે, દેશ સાથે જે કરવામાં આવ્યું છે તે દેશદ્રોહ છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આરએસએસના પ્રમુખ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું નામ લેતાં કહ્યું હતું કે આ સમગ્ર મામલે કોઈને પણ છોડવામાં આવશે નહીં. રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા અને મતદારોના અધિકારો સાથે કોઈ પ્રકારની ગેરરીતિ થઈ હોય તો કોંગ્રેસ અને વિરોધપક્ષ આ મુદ્દે પાછળ હટવાના નથી.

સાબરમતી વેગન ડેપોમાં મિક્સ્ડ રિયાલિટી વેલ્ડિંગ સિમ્યુલેટરની સ્થાપના

અમદાવાદ મંડળના કેરેજ અને વેગન વેલ્ડરોને આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી પ્રશિક્ષણ આપવાની અભિનવ પહેલ

વાસ્તવિક વેલ્ડિંગ કર્યા વિના 360 ડિગ્રી ઈમર્સિવ વાતાવરણમાં પ્રશિક્ષણ, લાઈવ ફીડબેક તેમજ વેલ્ડ ડિફેક્ટ વિશ્લેષણની સુવિધા

અમદાવાદ, તા.07

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે કેરેજ અને વેગન (C&W) જાળવણી કાર્યો માં કાર્યરત વેલ્ડરોના કૌશલ્ય, તકનીકી દક્ષતા તથા કાર્યની ગુણવત્તાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરતા સાબરમતી (SBI) વેગન ડેપોમાં મિક્સ્ડ રિયાલિટી (MR) આધારિત વેલ્ડિંગ સિમ્યુલેટર સ્થાપિત કરીને તેનું કમિશનિંગ કરવામાં આવ્યું છે.આ અમદાવાદ મંડળમાં પોતાની જાતની એક નવીન તાલીમ સુવિધા છે, જેના માધ્યમથી વેલ્ડરોને વાસ્તવિક વેલ્ડિંગ કામગીરી જેવી પરિસ્થિતિઓમાં આધુનિક અને સુરક્ષિત ટેક્નોલોજી દ્વારા તાલીમ આપી શકાશે.

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ પહેલને કેરેજ અને વેગન જાળવણી કાર્યોમાં તકનીકી કૌશલ્ય અને સુરક્ષાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે. તેમણે નિર્દેશ આપ્યા છે કે મંડળના તમામ C&W ડેપોમાં કાર્યરત સંબંધિત સ્ટાફને આ અત્યાધુનિક સિમ્યુલેટર દ્વારા તબક્કાવાર પ્રશિક્ષણ આપવામાં આવે.તેમણે ખાસ કરીને ભાર મૂક્યો છે કે વાસ્તવિક જાળવણી કાર્યમાં તૈનાત કરતા પહેલાં વેલ્ડરોને સિમ્યુલેટર આધારિત તાલીમ અને મૂલ્યાંકન માટે પૂરતી તક આપવામાં આવે, જેથી તેમના કૌશલ્યનો વધુ સારી રીતે વિકાસ કરી શકાય અને વેલ્ડિંગ કામગીરીમાં ગુણવત્તા તથા વિશ્વસનીયતા સુનિશ્ચિત કરી શકાય.

આ અત્યાધુનિક સિમ્યુલેટર વેલ્ડરને વાસ્તવિક ઔદ્યોગિક વેલ્ડિંગ ટોર્ચનો ઉપયોગ કરીને 360 ડિગ્રી ઈમર્સિવ વર્ચ્યુઅલ વાતાવરણમાં પ્રશિક્ષણ લેવાની સુવિધા પ્રદાન કરે છે. પ્રશિક્ષણ દરમિયાન વાસ્તવિક ઈલેક્ટ્રિક આર્ક ઉત્પન્ન થતો નથી, જેના કારણે ધુમાડો, તણખા અથવા હાનિકારક ફ્યુમનું ઉત્સર્જન થતું નથી તેમજ ઈલેક્ટ્રોડ, વેલ્ડિંગ વાયર અથવા સ્ટીલ પ્લેટ જેવી સામગ્રીનો વપરાશ પણ થતો નથી.આ રીતે વેલ્ડરોને પરંપરાગત પ્રશિક્ષણની તુલનામાં વધુ સુરક્ષિત, નિયંત્રિત અને સંસાધન-કાર્યક્ષમ વાતાવરણ ઉપલબ્ધ થાય છે.

સિમ્યુલેટરમાં અત્યાધુનિક ઓપ્ટિકલ ઈન્ફ્રારેડ ટ્રેકિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જે વેલ્ડિંગ ટોર્ચની દરેક હિલચાલને ચોકસાઈપૂર્વક ટ્રેક કરે છે. પ્રશિક્ષણ દરમિયાન વેલ્ડરને વાસ્તવિક સમયમાં આર્ક લેન્થ, ટોર્ચ એંગલ તેમજ ટ્રાવેલ સ્પીડ જેવા મહત્વપૂર્ણ પેરામીટર્સ અંગે લાઈવ ફીડબેક આપવામાં આવે છે.વેલ્ડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સિસ્ટમ વેલ્ડનો કટ-સેક્શન વ્યૂ દર્શાવે છે તેમજ વેલ્ડની ગુણવત્તાનું વિશ્લેષણ કરીને પોરોસિટી, અન્ડરકટ, સ્પેટર અને પેનેટ્રેશન જેવા સંભવિત ખામીઓની ઓળખ કરે છે. આથી વેલ્ડર પોતાની તકનીકી ખામીઓને તરત સમજીને તેમાં જરૂરી સુધારો કરી શકે છે.

આ સિમ્યુલેટર વિવિધ પ્રકારની વેલ્ડિંગ તથા કટિંગ પ્રક્રિયાઓમાં પ્રશિક્ષણ આપવા માટે સક્ષમ છે. તેમાં SMAW (સ્ટિક વેલ્ડિંગ), MIG/MAG, TIG તેમજ પ્લાઝ્મા કટિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વેલ્ડરોને વિવિધ વેલ્ડિંગ પોઝિશન, જેમ કે ફ્લેટ, હોરિઝોન્ટલ, વર્ટિકલ તેમજ ઓવરહેડ પોઝિશનમાં પણ પ્રશિક્ષણ આપી શકાય છે.આના દ્વારા વાસ્તવિક જાળવણી કામગીરી દરમિયાન આવતી વિવિધ પરિસ્થિતિઓને અનુરૂપ વેલ્ડરોની દક્ષતા વિકસાવવામાં મદદ મળશે.

ખાસ કરીને રેલવે જાળવણી કામગીરીને ધ્યાનમાં રાખીને સિમ્યુલેટરમાં ભારતીય રેલવેનું સમર્પિત તાલીમ પેકેજ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેના અંતર્ગત સંપૂર્ણ કદના વર્ચ્યુઅલ BOXN વેગન, હોપર વેગન તેમજ કવર્ડ વેગન બોડી, ઉપરાંત કોચના એન્ડ અને સાઈડ પેનલ જેવી સંરચનાઓ પર વેલ્ડિંગનો અભ્યાસ કરાવી શકાય છે.આ સુવિધાના માધ્યમથી વેલ્ડરોને વર્કશોપ તથા ડેપોમાં નિયમિત જાળવણી કામગીરી દરમિયાન જે વાસ્તવિક સંરચનાઓ અને જોબ્સ પર તેઓ કાર્ય કરે છે, તેવી જ સંરચનાઓ પર પ્રશિક્ષણ મેળવવાની તક મળશે.

પ્રશિક્ષણ પ્રણાલીમાં બેઝિકથી પ્રોફેશનલ સ્તર સુધીના ગ્રેડેડ કોર્સ ઉપલબ્ધ છે, જેના દ્વારા વેલ્ડરોની ક્ષમતા અનુસાર તબક્કાવાર તાલીમ આપી શકાશે. સોફ્ટવેરમાં અંગ્રેજી અને હિન્દી બંને ભાષાઓનો વિકલ્પ ઉપલબ્ધ છે.દરેક વેલ્ડર માટે અલગ લોગિનની સુવિધા હોવાથી તેના પ્રશિક્ષણ, પ્રદર્શન અને પ્રગતિનો ડિજિટલ રેકોર્ડ સુરક્ષિત રીતે જાળવી શકાય છે. આ ઉપરાંત, સિસ્ટમ દ્વારા ડાઉનલોડ કરી શકાય તેવી ટેસ્ટ રિપોર્ટ ઉપલબ્ધ થાય છે, જેના માધ્યમથી દરેક વેલ્ડરના પ્રદર્શનનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરી શકાય છે.

આ સુવિધા ખાસ કરીને રેલવેના સુરક્ષા-સંવેદનશીલ વેલ્ડિંગ કાર્યો માટે મહત્વપૂર્ણ છે. વાસ્તવિક વેગન અને કોચિંગ સ્ટોક પર કામગીરી કરતાં પહેલાં વેલ્ડરોને સિમ્યુલેટર પર પૂરતી પ્રેક્ટિસ અને મૂલ્યાંકનની તક મળશે.આનાથી વેલ્ડિંગની ગુણવત્તામાં સુધારો, ખામીયુક્ત વેલ્ડની સંભાવનામાં ઘટાડો તેમજ જાળવણી કામગીરીમાં વધુ એકરૂપતા સુનિશ્ચિત કરવામાં મદદ મળશે.

મિક્સ્ડ રિયાલિટી આધારિત આ પ્રશિક્ષણ પ્રણાલી દ્વારા ફ્રેટ વેગનોમાં વેલ્ડ રિપેરની ગુણવત્તા અને વિશ્વસનીયતા વધારવામાં, ફરીથી થતી રિપેરની જરૂરિયાતમાં ઘટાડો લાવવામાં તેમજ વેગનોના બિનજરૂરી ડિટેન્શનને ઘટાડવામાં મદદ મળવાની અપેક્ષા છે.આ ઉપરાંત, પરંપરાગત પ્રશિક્ષણ દરમિયાન ઉપયોગમાં લેવાતી ઈલેક્ટ્રોડ, વેલ્ડિંગ વાયર, ગેસ તેમજ સ્ટીલ પ્લેટ જેવી સામગ્રીના વપરાશમાં પણ ઘટાડો થશે. વાસ્તવિક આર્કના ઉપયોગના અભાવને કારણે પ્રશિક્ષણ દરમિયાન દાઝવાથી થતી ઈજા, ધુમાડો તથા ફ્યુમ સંબંધિત જોખમોમાં પણ ઘટાડો થશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નિર્દેશ અનુસાર આ સુવિધાનો લાભ માત્ર સાબરમતી વેગન ડેપો સુધી મર્યાદિત રાખવામાં આવશે નહીં. મંડળના ગાંધીધામ, ભુજ તથા કાંકરિયા ખાતે આવેલા C&W ડેપોમાં કાર્યરત વેલ્ડરો તેમજ સંબંધિત જાળવણી સ્ટાફને પણ નિર્ધારિત બેચમાં સાબરમતી વેગન ડેપો ખાતે આવેલી આ અત્યાધુનિક પ્રશિક્ષણ સુવિધામાં પ્રશિક્ષણ આપવામાં આવશે.તબક્કાવાર તાલીમના માધ્યમથી વધુમાં વધુ કર્મચારીઓને આ ટેક્નોલોજીથી પરિચિત કરવામાં આવશે તેમજ તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન કરીને જરૂરિયાત અનુસાર આગળનું પ્રશિક્ષણ નક્કી કરવામાં આવશે.

અમદાવાદ મંડળ દ્વારા રેલવે જાળવણી વ્યવસ્થામાં આધુનિક ટેક્નોલોજી, સિમ્યુલેશન આધારિત તાલીમ, કૌશલ્ય વિકાસ તથા સુરક્ષાને પ્રોત્સાહન આપવાની દિશામાં આ પહેલ સુરક્ષિત, ગુણવત્તાસભર અને વિશ્વસનીય રેલવે સંચાલન સુનિશ્ચિત કરવાની સાથે જાળવણી કર્મચારીઓના તકનીકી ઉન્નતીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે.

સુરતમાં 'ઘર સોપ્સ'ના ડુપ્લિકેટ સાબુ વેચવાનું કૌભાંડ

સ્કિન ટેન રિમૂવલ સાબુ લાવી 4 મહિનાથી મીશો પર વેચતા બે વેપારી ₹2.04 લાખના જથ્થા સાથે ઝડપાયા, મુખ્ય સપ્લાયર ફરાર

સુરત, તા.07

સુરત શહેરમાં બનાવટી અને ભેળસેળયુક્ત કોસ્મેટિક ચીજવસ્તુઓનું વેચાણ કરતા તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. લસકાણા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી જાણીતી ઘર સોપ્સ બ્રાન્ડના ડુપ્લિકેટ સાબુના જંગી જથ્થા સાથે બે ઓનલાઈન વેપારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ છેલ્લા ચાર મહિનાથી આ ગોરખધંધો ચલાવતા હતા અને મોટા વરાછાના સપ્લાયર પાસેથી નકલી સાબુ લાવી માત્ર પેકિંગ કરીને ઓનલાઈન પ્લેટફોર્મ 'મીશો' પર ધૂમ વેચાણ કરતા હતા. પોલીસે સ્થળ પરથી 2.04 લાખની કિંમતના 2,000 બોક્સ સાબુ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લસકાણા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, લસકાણા ગઢપુર રોડ પર આવેલી એન.સી. ઠક્કર સ્કૂલ સામેના સહજાનંદ હબની ઓફિસ નંબર-104માંથી ડુપ્લિકેટ સાબુનું વેચાણ થઈ રહ્યું છે. બાતમીના આધારે પોલીસે ઓફિસ પર છાપો મારતાં ત્યાંથી 'GHAR SOAPS AYURVEDA + SCIENCE MAGIC SOAP' નામની બ્રાન્ડના હૂબહૂ ડુપ્લિકેટ સાબુ મળી આવ્યા હતા. સ્થળ પરથી એક બોક્સમાં 3 સાબુ પેક કરેલા હોય તેવા કુલ 2,000 બોક્સ (કુલ 6,000 નંગ સાબુ) જપ્ત કરવામાં આવ્યા હતા. 102 લેખે ગણતરી કરતા કુલ 2,04,000/- ની કિંમતનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

પોલીસ પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ છેલ્લા 4 મહિનાથી આ ડુપ્લિકેટ સાબુનું વેચાણ કરી રહ્યા હતા. આ સાબુ સ્કિન ટેન રિમૂવલ (મેજિક સોપ) તરીકે સોશિયલ મીડિયા પર અત્યંત લોકપ્રિય છે. ઓરિજિનલ કંપનીનું 3 સાબુનું પેકેટ બજારમાં 399 માં વેચાય છે, જેની સામે આ આરોપીઓ ભારે ડિસ્કાઉન્ટ કે ઓફરના નામે ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ મીશો પર માત્ર 102 માં નકલી સાબુ ગ્રાહકોને પધરાવી આર્થિક ફાયદો મેળવતા હતા. કોઈ ગ્રાહક પ્રોડક્ટ રિટર્ન કરે તો તેનું એડ્રેસ પણ પોતાના ઘરનું આપેલું હતું.

આ કેસમાં પકડાયેલા બંને આરોપીઓની ઓળખ ચિરાગભાઈ નાગજીભાઈ રંગાણી (ઉ.વ. 31, રહે. આશિર્વાદ રો-હાઉસ, સરથાણા જકાતનાકા, મૂળ અમરેલી) અને દીપકભાઈ કાળુભાઈ રાદડિયા (ઉ.વ. 34, રહે. શ્યામ એન્ટેલિયા, મોટા વરાછા, મૂળ અમરેલી) તરીકે થઈ છે. આરોપીઓએ જણાવ્યું કે તેમની ઓફિસ માત્ર પેકેજિંગ યુનિટ તરીકે કામ કરતી હતી. નકલી સાબુનો જથ્થો મોટા વરાછા ખાતે રહેતો શખ્સ સપ્લાય કરતો હતો. પોલીસ સપ્લાયરની ઓફિસે પહોંચી ત્યારે તે દુકાન બંધ કરી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

પકડાયેલા વેપારીઓ પાસે જીએસટી કે ડિસ્ટ્રીબ્યુટરશિપ અંગેનું કોઈ જ લાયસન્સ કે બિલ મળ્યું નથી. હાલ લસકાણા પોલીસે આ મામલે જાણવાજોગ ફરિયાદ નોંધી છે. સાથે જ સાચી પ્રોડક્ટ બનાવતી ઓરિજિનલ કંપનીનો સંપર્ક સાધી કોપીરાઈટ ભંગ અંગે ઈ-મેલથી જાણ કરવામાં આવી છે. ઓનલાઈન પેમેન્ટ કયા બેંક એકાઉન્ટમાં જમા થતું હતું અને આ નકલી સાબુ ક્યાં બનાવવામાં આવતા હતા તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 25 વર્ષની અવિરત જનસેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની યાત્રા માટે 'સેવા જ્યોતિ યાત્રા' દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે આયોજિત 'સેવા જ્યોતિ યાત્રા'માં સહભાગી થયા

અમદાવાદ, તા.07

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'જન સેવાથી રાષ્ટ્ર સેવા'ના સંદેશ સાથે 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાયેલી 'સેવા જ્યોતિ યાત્રા'માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનનાં ૨૫ વર્ષ દરમિયાન જનસેવા અને રાષ્ટ્રસેવાના સંકલ્પને ઉજાગર કરતી આ યાત્રા દ્વારા સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું, જેને મુખ્યમંત્રી સહિતના સૌ મહાનુભાવો અને ઉપસ્થિતોએ નિહાળ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત 'સેવા જ્યોતિ યાત્રા'ના માધ્યમથી 'વિકસિત ભારત'ની યાત્રામાં સહભાગી બનવાનો સંદેશ સૌ નાગરિકોને આપ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંબોધન બાદ મહાનુભાવો દ્વારા 'સેવા જ્યોત' પ્રજ્જવલિત કરવામાં આવી હતી અને સૌએ 'વિકસિત ભારત' માટેના શપથ પણ લીધા હતા. ત્યારબાદ 'સેવા જ્યોતિ કળશ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જનસેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની ભાવનાને જન-જન સુધી પહોંચાડતી આ યાત્રામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની અવિરત જનસેવા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ યાત્રા પૂર્ણ થયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટાઉનહોલ નજીક સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ સાથે જ રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાં પણ રાજ્યના મંત્રીઓ તેમજ અગ્રણીઓની ઉપસ્થિતિમાં 'સેવા જ્યોતિ યાત્રા' યોજાઈ હતી.

આ પ્રસંગે પશ્ચિમ બંગાળના મંત્રી અજયકુમાર પોદ્દાર, અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, સ્થાનિક સાંસદ હસમુખભાઈ પટેલ તેમજ દિનેશભાઈ મકવાણા, શહેર-જિલ્લાના તમામ ધારાસભ્યો, શહેર અધ્યક્ષ પ્રેરક શાહ, અધિક મુખ્ય સચિવ મતી જયંતી રવિ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, કલેક્ટર ભવ્ય વર્મા સહિત ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરેન્દ્રનગર સ્ટેશન પર બ્લોકના કારણે કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત થશે

અમદાવાદ, તા.07

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળના સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ (FOB) ના ચોથા સ્પાનના ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે 7 થી 9 ઓક્ટોબર 2026 સુધી ત્રણ દિવસ દરમિયાન દરરોજ 3 કલાકનો ટ્રાફિક બ્લોક અને પાવર બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે પ્રભાવિત થનારી ટ્રેનોની વિગત નીચે મુજબ છે:

માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનો: 1) 07.10.2026 ના રોજ ટ્રેન નંબર 16334 તિરુવનંતપુરમ સેન્ટ્રલ-વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે 2 કલાક રેગ્યુલેટ કરવામાં આવશે.

2) 07.10.2026 ના રોજ ટ્રેન નંબર 19320 ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસને માર્ગમાં આશરે 1 કલાક 20 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

3) 07.10.2026 ના રોજ ટ્રેન નંબર 11464 જબલપુર-વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે 1 કલાક 05 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

4) 08.10.2026 ના રોજ ટ્રેન નંબર 11464 જબલપુર-વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે 1 કલાક 40 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

રીશેડ્યુલ થનારી ટ્રેનો: 1) 09.10.2026 ની ટ્રેન નંબર 19119 ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી, ગાંધીનગર કેપિટલ થી તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક મોડી રવાના થશે.

2) 09.10.2026 ની ટ્રેન નંબર 19120 વેરાવળ-ગાંધીનગર કેપિટલ, વેરાવળ થી તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક મોડી રવાના થશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રેક સંરચના સંબંધિત તાજી માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

માન દરવાજાના મંદિરનું ડિમોલિશન

સ્થાનિક બજરંગ દળના કાર્યકરોએ ગેરકાયદે બાંધકામ કર્યું હતું, સ્થાનિકો અને SMC કર્મચારીઓ વચ્ચે બોલાચાલી

સુરત, તા.07

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન દ્વારા આજે વહેલી સવારે માન દરવાજા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ સામે ડિમોલેશનની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રીંગરોડ સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સામે આવેલી માન દરવાજા રેલ રાહત કોલોની (સ્થાનિક સ્તરે બાખડ મહોલ્લા તરીકે ઓળખાતી) નજીક પાલિકાની માલિકીની ખુલ્લી જમીન આવેલી છે. આ સરકારી જમીન પર સ્થાનિક બજરંગ દળના કાર્યકરો દ્વારા મંજૂરી વિના મંદિરનું બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ અનધિકૃત નિર્માણ અંગે જાણ થતાં જ લિંબાયત ઝોનના અધિકારીઓ અને સ્ટાફની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. સ્થાનિકો અને SMC કર્મચારીઓ વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી.

મળતી વિગતો અનુસાર, જાહેર જમીન પર ધીમે ધીમે મંદિરનું માળખું ઊભું કરવામાં આવી રહ્યું હતું. જોકે, આ બાંધકામ પૂર્ણ થાય અને મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ પાલિકા તંત્રએ સ્થળ તપાસ કરીને કડક પગલાં લીધાં હતાં. આજે સવારે ટીમે ઘટનાસ્થળે પહોંચીને અનધિકૃત રીતે ચણાયેલા હિસ્સાને તોડી પાડી જમીન સંપૂર્ણપણે ખુલ્લી કરાવી દીધી હતી. જાહેર તેમજ સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું અનધિકૃત દબાણ ચલાવી લેવામાં નહીં આવે તેવા ઉદ્દેશ સાથે આ કાર્યવાહી સંપન્ન કરવામાં આવી હતી.

સ્થાનિક રીતે સંવેદનશીલ અને મહત્વના ગણાતા આ વિસ્તારમાં મંદિરનું બાંધકામ શરૂ થતાં જ ચર્ચાનો વિષય બન્યો હતો, પરંતુ લિંબાયત ઝોને કોઈ પણ વિવાદ વકરે તે પહેલાં જ કાર્યવાહી પૂરી કરી લીધી હતી. પાલિકા દ્વારા સમયાંતરે શહેરમાં સરકારી પ્લોટ પર થતા દબાણો દૂર કરવામાં આવે છે. હાલ સ્થળ પરથી કાટમાળ હટાવી જમીન સુરક્ષિત કરાઈ છે, ત્યારે હવે આગામી દિવસોમાં આ પ્લોટ પર ફરીથી ગેરકાયદેસર પ્રવૃત્તિ કે દબાણ ન થાય તે માટે તંત્ર ફેન્સિંગ કે ચોકી જેવી તકેદારી રાખશે કે કેમ તે જોવું રહ્યું.

નિર્માણાધીન મંદિરના ડિમોલેશન માટે પહોંચેલી સુરત મહાનગરપાલિકા (SMC)ની ટીમને સ્થાનિક લોકોના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પાલિકાના કાફલાની ગાડીઓ સ્થળ પર પહોંચતાં જ સ્થાનિક રહીશો ચારેય તરફથી એકઠા થઈ ગયા હતા અને વાહનોને રોકી દીધા હતા. ખાસ કરીને સ્થાનિક મહિલાઓ ગાડીઓની સામે આડી આવી જતાં તંત્રના વાહનો આગળ વધી શક્યા નહોતા. અધિકારીઓની ગાડીઓનો ઘેરાવો કરી ડિમોલેશનની કામગીરી અટકાવવાનો પ્રયાસ થતાં ઘટનાસ્થળે ભારે ઉત્તેજના અને અરાજકતાનો માહોલ સર્જાયો હતો.

મંદિરનું બાંધકામ તોડવાની કામગીરી શરૂ થતાં જ સ્થળ પર હાજર સ્થાનિકો અને SMC કર્મચારીઓ વચ્ચે તીખી બોલાચાલી બાદ ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. વિરોધ કરી રહેલા લોકો મંદિર સામે જમા થઈ જતાં મામલો વધુ તંગ બન્યો હતો. આખરે વધતા વિવાદ અને અધિકારીઓના ઘેરાવને પગલે સ્થાનિક પોલીસનો કાફલો બોલાવવો પડ્યો હતો. પોલીસે સ્થિતિ નિયંત્રણમાં લેવા માટે હળવા બળનો ઉપયોગ કરી વિરોધ કરી રહેલા લોકોને ત્યાંથી હટાવ્યા હતા, જેના પગલે સમગ્ર વિસ્તારમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી.

સુરતમાં 500 મહેસૂલી કર્મીઓ હડતાળ પર ઉતર્યા: 8 જનસેવા કેન્દ્રો પર કામગીરી ઠપ

PG એડમિશનના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓ અટવાયા



સુરત, તા.07

સુરત જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ પડતર પ્રશ્નોના ઉકેલ માટે આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે, જેના કારણે શહેરના તમામ 8 જનસેવા કેન્દ્રો પર કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. સૌથી ગંભીર સ્થિતિ પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) એડમિશન મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓની થઈ છે.

આજે પ્રવેશ પ્રક્રિયાનો છેલ્લો દિવસ હોવા છતાં, છેલ્લા ચાર દિવસથી ધક્કા ખાતા વિદ્યાર્થીઓને નોન-ક્રિમિલેયર અને આવકના દાખલા મળી રહ્યા નથી. જનસેવા કેન્દ્રો પર કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ અને સામાન્ય અરજદારોને કોઈ પણ કામ વગર ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે.

રાજ્ય સરકાર સાથેની વાટાઘાટો નિષ્ફળ રહેતા આખરે કર્મચારી મંડળે આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. આ હડતાળમાં સુરતના નાયબ મામલતદાર, ક્લાર્ક તેમજ તલાટી સહિત 500 જેટલા કર્મચારીઓ પેન ડાઉન કરી કામગીરીથી અળગા રહ્યા છે. આ બહિષ્કારને પગલે સુરત કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી અને તાલુકા મામલતદાર કચેરીઓમાં સામાન્ય પ્રજાના કામો ખોરવાઈ ગયા છે. આ ઉપરાંત ઈ-ધરા કેન્દ્રો, વારસાઈ નોંધ, જમીનના દસ્તાવેજો અને સિટી સરવે વિભાગની સેવાઓ અટકી જતાં સામાન્ય નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

કર્મચારી આગેવાનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો સરકાર દ્વારા તેમની લાંબા સમયની વાજબી માંગણીઓનો તાત્કાલિક અને સંતોષકારક ઉકેલ લાવવામાં નહીં આવે તો આ આંદોલનને આગામી દિવસોમાં વધુ ઉગ્ર અને વ્યાપક બનાવાશે. કર્મચારીઓની ગેરહાજરીના કારણે વહીવટી તંત્ર પર કામગીરીનું ભારણ અતિશય વધી ગયું છે અને સરકારી કચેરીઓમાં ફાઈલોના ઢગલા ખડકાઈ રહ્યા છે.

ભારત-વેસ્ટ ઈન્ડિઝ T20માં મોટો વિવાદ: કેચ પકડ્યો છતાં આઉટ ન થયો ઈશાન કિશન, અમ્પાયરના નિર્ણયથી ભડક્યા કોચ ડેરેન સેમી

નવી દિલ્હી, તા.07

લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી પાંચ મેચોની T20 શ્રેણીના પ્રથમ મુકાબલામાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટથી કારમી હાર આપી છે. ભારતે 172 રનનો ટાર્ગેટ માત્ર 14.4 ઓવરમાં ચેઝ કરીને શ્રેણીમાં 1-0ની લીડ મેળવી લીધી છે. કેપ્ટન શ્રેયસ ઐયરે 43 બોલમાં 10 ચોગ્ગા અને 6 સિક્સર સાથે અણનમ 102 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. જોકે, આ મેચ દરમિયાન ઈશાન કિશનના એક વિવાદાસ્પદ કેચને કારણે મેદાન પર ભારે હોબાળો જોવા મળ્યો હતો.

અભિષેક શર્મા (21 રન) અને સંજુ સેમસન (11 રન) આઉટ થયા બાદ ઈશાન કિશન અને શ્રેયસ ઐયર રનચેઝ આગળ વધારી રહ્યા હતા. 11મી ઓવરમાં શમર સ્પ્રિંગરના પાંચમા બોલ પર ઈશાન કિશને ઑફ-સ્ટમ્પ બહાર શોટ મારવાનો પ્રયાસ કર્યો. બોલ બેટની કિનારી લઈને ડીપ કવર તરફ ગયો, જ્યાં ફિલ્ડર મેથ્યુ ફોર્ડે આગળ દોડીને ડાઈવ લગાવી જમીનથી અત્યંત નજીક કેચ પકડી લીધો હતો. વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ વિકેટ મળ્યાની ખુશી મનાવવા લાગ્યા, પરંતુ ઓન-ફિલ્ડ અમ્પાયરોએ નિર્ણયની ચકાસણી માટે મામલો થર્ડ અમ્પાયર રોહન પંડિત પાસે મોકલ્યો હતો.

રિપ્લેમાં ફોર્ડની આંગળીઓ બોલ નીચે દેખાતી હતી, પરંતુ બોલ પકડતી વખતે હાથ અને જમીન વચ્ચે બોલ ઘાસને અડકી ગયો હોવાનું ઘણા એંગલ પરથી સ્પષ્ટ થયું હતું. થર્ડ અમ્પાયરે બેનિફિટ ઑફ ડાઉટ આપીને ઈશાન કિશનને 'નોટ આઉટ' જાહેર કર્યો. આ નિર્ણય આવતાં જ મેથ્યુ ફોર્ડ મેદાન પર જ બેસીને માથું પકડી રડમસ ચહેરે જોવા મળ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમી ડગઆઉટમાં થર્ડ અમ્પાયરના આ નિર્ણયથી અત્યંત નારાજ અને ગુસ્સે જોવા મળ્યા હતા.

14મી ઓવરમાં 24 રન: નોટ આઉટ મળ્યા બાદ ઈશાન કિશન અને શ્રેયસ ઐયરે આક્રમક વલણ અપનાવ્યું. ખાસ કરીને 14મી ઓવરમાં બંનેએ મેથ્યુ ફોર્ડના બોલ પર 24 રન ઝૂડી કાઢ્યા હતા. ઐયરનો પણ કેચ છૂટ્યો: આ પછી તરત જ શમર જોસેફે શ્રેયસ ઐયરનો સરળ કેચ છોડી દીધો હતો. આ જીવનદાનનો ભરપૂર ફાયદો ઉઠાવીને ઐયરે છેલ્લી ઓવરમાં સિક્સર સાથે પોતાની યાદગાર સદી પૂર્ણ કરી હતી અને વેસ્ટ ઈન્ડિઝની વાપસીની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

BCCIમાંથી અગરકરની વિદાય પર ગંભીર ભાવુક, કહ્યું- ઈતિહાસ તમારા પ્રત્યે વધુ દયાળુ રહેશે

નવી દિલ્હી, તા.07

ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર (મુખ્ય પસંદગીકાર) ના પદેથી અજિત અગરકરના રાજીનામા બાદ ક્રિકેટ જગતમાંથી વિદાય સંદેશાઓનો સિલસિલો શરૂ થઈ ગયો છે. ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે અગરકર સાથે કામ કરવાના અનુભવો યાદ કરીને સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવુક અને અર્થસભર સંદેશ શેર કર્યો છે. ગંભીરે અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતે જીતેલી 3 આઈસીસી (ICC) ટ્રોફીઓને તેમની 'ટીમ ફર્સ્ટ' (સૌથી પહેલા ટીમ) વિચારસરણીનું પરિણામ ગણાવ્યું છે. ગૌતમ ગંભીરે પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, 'પ્રિય અજિત ભાઈ, તમારી સાથે કામ કરવું મારા માટે અત્યંત સન્માનની વાત રહી છે. તે 3 આઈસીસી ટ્રોફીઓ તમારા એ વિશ્વાસની સાક્ષી પૂરે છે, જેમાં ટીમને હંમેશા વ્યક્તિગત સ્વાર્થથી ઉપર અને આગળ રાખવામાં આવી હતી. મારે ચોક્કસપણે કહેવું પડશે કે 'ઈતિહાસ તમારા પ્રત્યે વધુ દયાળુ રહેશે'. દરેક વસ્તુ માટે તમારો આભાર અને ભવિષ્યની સફર માટે મારી દિલથી શુભેચ્છાઓ.' અગરકરના કાર્યકાળ દરમિયાન ટીમના ખેલાડીઓની પસંદગી અને કેટલાક સીનિયર ખેલાડીઓને ટીમમાંથી બહાર કરવા અંગે અવારનવાર વિવાદો અને સવાલો ઊભા થયા હતા. ગંભીરનો આ ઈશારો એ તરફ હતો કે સમય વિતવાની સાથે અગરકરના નિર્ણયોને પરિણામોના આરીસામાં જોવામાં આવશે અને ત્યારે તેમની ટીકા કરનારાઓને પણ તેમના નિર્ણયોની સાચી કિંમત સમજાશે. ગૌતમ ગંભીરે અગરકરને માત્ર આભાર માનીને અલવિદા નથી કહ્યું, પરંતુ પસંદગીકાર તરીકે તેમના આકરા નિર્ણયો પર મંજૂરીની મોહર પણ મારી છે. ગંભીરે લખ્યું કે, અગરકરનું લક્ષ્ય ક્યારેય ચાહકોમાં લોકપ્રિય નિર્ણયો લેવાનું નહોતું, પરંતુ ભારતીય ક્રિકેટ ટીમ માટે યોગ્ય નિર્ણયો લેવાનું હતું. અગરકર અને ગંભીરની જોડીએ ભારતીય ક્રિકેટમાં આક્રમકતા અને સ્પષ્ટતા સાથે નિર્ણયો લેવાનો એક નવો યુગ શરૂ કર્યો હતો. હવે અગરકરની વિદાય સાથે આ સફળ જોડીનો એક મહત્ત્વપૂર્ણ અધ્યાય પૂર્ણ થયો છે.

'5 કરોડ રૂપિયા લઈને પ્રેમાનંદ મહારાજને મળ્યાની વાત ખોટી...' વિવાદિત દાવા વચ્ચે વિરાટ કોહલીનો જવાબ

નવી દિલ્હી, તા.07

શિષ્ય રસિક દુહારીના શંકાસ્પદ સંજોગોમાં થયેલા મોત બાદ વૃંદાવનમાં આવેલા પૂજ્ય પ્રેમાનંદ મહારાજનો 'કેલીકુંજ આશ્રમ' ચર્ચા અને વિવાદોના વંટોળમાં ઘેરાયો છે. આ વિવાદ વચ્ચે ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી પર એક સનસનાટીભર્યો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તે 5 કરોડ ચાર્જ કરીને પ્રેમાનંદ મહારાજના આશ્રમે ગયો હતો. આ ગંભીર અને સનસનીખેજ આરોપો સામે હવે વિરાટ કોહલીની ટીમે સત્તાવાર નિવેદન જારી કરીને વળતો પ્રહાર કર્યો છે. વિરાટ કોહલીના પ્રવક્તા દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં આક્ષેપોને સખત શબ્દોમાં ફગાવી દેવામાં આવ્યા છે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'ફલાહારી મહારાજ દિનેશ શર્મા દ્વારા વિરાટ કોહલી અંગે કરવામાં આવેલા તમામ દાવા સંપૂર્ણપણે અસત્ય, નિરાધાર અને તથ્યવિહીન છે. વિરાટ કોહલી પૂજ્ય પ્રેમાનંદ મહારાજ પ્રત્યેની પોતાની વ્યક્તિગત શ્રદ્ધા અને અસીમ આસ્થાના કારણે જ તેમની મુલાકાતે જાય છે, કોઈ વ્યાવસાયિક લેણદેણ માટે નહીં.' આ સાથે જ કોહલીની ટીમે મીડિયાને અપીલ કરી છે કે આવા ભ્રામક અને તથ્યહીન નિવેદનોને અહેવાલ તરીકે દર્શાવતા પહેલા સત્યતાની પૂરેપૂરી તપાસ કરવી અને જવાબદારીપૂર્વક રિપોર્ટિંગ કરવું.

નોંધનીય છે કે, 'શ્રી કૃષ્ણ જન્મભૂમિ સંઘર્ષ ન્યાસ' ના અધ્યક્ષ અને 'ફલાહારી મહારાજ' તરીકે ઓળખાતા દિનેશ શર્માએ એક ટીવી ચેનલ પર દાવો કર્યો હતો કે રાજસ્થાનની એક ખાનગી કંપની અને પ્રોપર્ટી બિલ્ડર લોબીએ વિરાટ કોહલીને પ્રેમાનંદ મહારાજના આશ્રમે લાવવા માટે 5 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. રસિક દુહારીના રહસ્યમય મોત બાદ ફલાહારી મહારાજના આ દાવાથી ધાર્મિક અને ક્રિકેટ જગતમાં મોટો ખળભળાટ મચી ગયો હતો. વિરાટ કોહલી અને તેની પત્ની તથા બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા જાન્યુઆરી 2023 માં પ્રથમ વખત વૃંદાવન ખાતે પ્રેમાનંદ મહારાજના આશ્રમે આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. ત્યાર બાદ પણ આ દંપતી અવારનવાર મહારાજજીના સત્સંગ અને દર્શન માટે આવતું રહે છે. પરંતુ આશ્રમ સાથે જોડાયેલા વિવાદમાં અચાનક નાણાકીય આક્ષેપો થતાં વિરાટ કોહલીની ટીમે કડક વલણ અપનાવી સમગ્ર મામલે સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે.

સ્ટાર બેટર ટીમ ઈન્ડિયા માટે બન્યો માથાનો દુ:ખાવો, વૈભવને ફરી રમાડવાનો માર્ગ મોકળો!

નવી દિલ્હી, તા.07

ભારતીય વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનનું ખરાબ ફોર્મ ચાલુ છે અને તે સતત રન બનાવવા માટે સંઘર્ષ કરતો જોવા મળી રહ્યો છે. લખનઉના એકાના સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી પ્રથમ T20 મેચમાં ભારતીય ટીમે કેપ્ટન શ્રેયસ ઐયરની અણનમ પ્રથમ T20 સદી (છેલ્લા બોલ પર સિક્સર)ની મદદથી 8 વિકેટથી ભવ્ય વિજય નોંધાવ્યો હતો. જોકે, ટીમની આ જીત છતાં સંજુ સેમસનના નબળા પ્રદર્શને ક્રિકેટ ચાહકોને ભારે નિરાશ કર્યા છે.

વેસ્ટ ઈન્ડિઝ સામેની આ પ્રથમ T20 મેચમાં પણ સંજુ માત્ર 9 બોલમાં 1 સિક્સર અને 1 ચોગ્ગાની મદદથી 11 રન બનાવીને પેવેલિયન ભેગો થઈ ગયો હતો.

T20 વર્લ્ડ કપ 2026માં દમદાર પ્રદર્શન કરનાર સંજુ સેમસનનું બેટ છેલ્લી કેટલીક મેચોથી સંપૂર્ણ શાંત રહ્યું છે: 6 ઓક્ટોબર (વિ. વેસ્ટ ઈન્ડિઝ): 11 રન, 3 ઓક્ટોબર (વિ. પાકિસ્તાન): 2 રન, 1 ઓક્ટોબર (વિ. શ્રીલંકા): 7 રન, 22 સપ્ટેમ્બર (વિ. જાપાન): 9 રન 17 સપ્ટેમ્બરે અફઘાનિસ્તાન સામે રમેલી 50 રન (35 બોલ)ની અડધી સદી બાદ તે સતત મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યો છે.

સંજુ સેમસનની સતત નિષ્ફળતા બાદ સોશિયલ મીડિયા પર ફેન્સનો ગુસ્સો ફૂટી નીકળ્યો છે. ઘણા યુઝર્સે હેડ કોચ ગૌતમ ગંભીર અને સિલેક્ટર્સ સામે સવાલ ઉઠાવતાં બેન્ચ પર બેઠેલા 15 વર્ષીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ 11માં રમાડવાની માંગણી શરૂ કરી દીધી છે: ફેન્સની પ્રતિક્રિયા: એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું કે, હવે સંજુ સેમસનથી આગળ વિચારવાનો સમય આવી ગયો છે; વર્લ્ડ કપ જીતાડવા બદલ તેનું સન્માન છે, પરંતુ હવે તેનાથી રન નથી બની રહ્યા.

અન્ય એક યુઝરે નારાજગી વ્યક્ત કરતાં પૂછ્યું કે, કોચ ક્યાં સુધી પોતાના કોઈ માનીતા ખેલાડીના ચક્કરમાં 15 વર્ષના પ્રતિભાશાળી વૈભવ સૂર્યવંશીની કારકિર્દી અને તકોની ઉપેક્ષા કરશે? હવે જોવું એ રહેશે કે ટીમ મેનેજમેન્ટ આગામી મેચોમાં પણ સંજુ સેમસન પર ભરોસો કાયમ રાખે છે કે પછી પ્લેઈંગ 11માં મોટો ફેરફાર કરીને યુવા વૈભવ સૂર્યવંશીને ડેબ્યૂ કરવાની તક આપે છે.

'લોકોનું મનોરંજન કરતાં-કરતાં ખુદ ડ્રામા બની ગયો છું', અભિનેતા રાજપાલ યાદવ 1.15 કરોડ ચૂકવવા રાજી

મુંબઈ, તા.07

કરોડો રૂપિયાના ચેક બાઉન્સ મામલે ઘેરાયેલા લોકપ્રિય બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવના કેસમાં એક નવો વળાંક સામે આવ્યો છે. રાજપાલ યાદવ બુધવારે સુપ્રીમ કોર્ટમાં હાજર થયો હતોઅને તે દેવાની કુછ રકમ ચૂકવવા માટે તૈયાર થયો છે. તેના હાથમાં 1.15 કરોડ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ હતો, જ્યારે બાકીના 85 લાખ રૂપિયા જમા કરાવવા માટે તેણે 13 ઓક્ટોબર સુધીનો સમય માંગ્યો છે. ન્યાયાધીશ સમક્ષ સુનાવણી દરમિયાન રાજપાલ યાદવનું દર્દ છલકાયું હતું અને તેણે પોતાની ફિલ્મ 'અતા પતા લાપતા'ને લઈને ડૂબી ગયેલા નાણાં વિશે વાત કરી હતી.

સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ દ્વારા મજાકમાં કહેવામાં આવ્યું કે, 'તમારી ફિલ્મોની જેમ તમારા પૈસા પણ અતા-પતા લાપતા (ગાયબ) છે.' તેના જવાબમાં રાજપાલ યાદવે નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે, 'લોકોનું મનોરંજન કરતાં-કરતાં હું ખુદ એક ડ્રામા બની ગયો છું.'

ચીફ જસ્ટિસ (CJI) એ પૂછ્યું કે શું તેઓ કોઈ ધારાવાહિક કે ફિલ્મ બનાવી રહ્યા છે કે પછી આમ જ ફરી રહ્યા છે? આના પર રાજપાલ યાદવે કોર્ટમાં જણાવ્યું કે, 'મારા ઘણા પૈસા ડૂબી ગયા છે. આ ફિલ્મમાં મને 17 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. છેલ્લા 13 વર્ષથી સામેવાળા લોકોએ મારી ફિલ્મ બનવા દીધી નથી અને સ્ટે ઓર્ડર મેળવી લીધો હતો. તેમણે બદલાની ભાવનાથી પોતાના 5 કરોડ રૂપિયાના ચક્કરમાં મારું 22 કરોડ રૂપિયાનું નુકસાન કરાવી દીધું છે.'

રાજપાલ યાદવે વધુમાં જણાવ્યું કે, 'શરૂઆતમાં મને કહેવામાં આવ્યું હતું કે હું 100 કરોડ રૂપિયાનો માણસ છું અને પછી મને ધમકી આપવામાં આવી કે તે મને કોર્ટમાં ઘસડી જશે. હું વર્ષોથી લોકોનું મનોરંજન કરતો આવ્યો છું, પરંતુ હવે મારી જિંદગી બરબાદ કરી દેવામાં આવી છે. મેં 200 ફિલ્મો કરી છે અને હવે મને ફરીથી કામ મળવા લાગ્યું છે, હું તેમનું સમગ્ર દેવું ચૂકવી દઈશ.'

ચીફ જસ્ટિસે રાજપાલ યાદવને સલાહ આપતા કહ્યું કે, 'તમે કેટલીક સારી ફિલ્મો બનાવો અને લોકોનું મનોરંજન કરો.' આ અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટના CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે અભિનેતાને બે અઠવાડિયાની મોહલત આપી છે. આ સમયગાળા દરમિયાન રાજપાલ યાદવ નાણાં ચૂકવવાની વ્યવસ્થા કરશે.

ઉલ્લેખનીય છે કે આ મામલો મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે જોડાયેલા ચેક બાઉન્સના કેસનો છે. દિલ્હી હાઈકોર્ટે રાજપાલ યાદવને દોષી ઠેરવતા આ મામલામાં 3 મહિનાની સજા સંભળાવી હતી. અગાઉની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવના વલણ સામે સખત નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે વારંવાર કોર્ટના આદેશ છતાં રકમ જમા કરાવવામાં આવી નથી.

'કિંગ'માં શાહરુખ સાથે કરીનાનો ખાસ ડાન્સ

'ડેડી કૂલ' નામના ગીતમાં શાહરુખ અને કરીના બંને ફરી સાથે જોવા મળવાના હોવાનો અહેવાલ

મુંબઈ, તા.07

શાહરુખ ખાનની આગામી મેગા બજેટ ફિલ્મ 'કિંગ'માં વધુ એક મોટું નામ જોડાયું હોવાના અહેવાલો છે. આ અંગેના અહેવાલ મુજબ કરીના કપૂર ખાન ફિલ્મમાં ખાસ ભૂમિકામાં જોવા મળી શકે છે અને તે શાહરુખ ખાન સાથે એક ખાસ ડાન્સ કરશે. આ ગીતનું સંભવિત નામ 'ડેડી કૂલ' હોવાનું કહેવાય છે અને તેનું સંગીત સચિન-જિગર આપશે.

રિપોર્ટ અનુસાર, આ ગીતને ભવ્ય સ્તરે તૈયાર કરવામાં આવી રહ્યું છે અને તે ફિલ્મના મુખ્ય આકર્ષણોમાંનું એક બની શકે છે. ગીતમાં ભારતીય કલાકારોની સાથે કેટલાક આંતરરાષ્ટ્રીય કલાકારોને પણ સામેલ કરવાની યોજના હોવાનું કહેવાય છે. જોકે, આ અંગે ફિલ્મના નિર્માતાઓ તરફથી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

શાહરુખ અને કરીના અગાઉ 'કભી ખુશી કભી ગમ', 'અશોકા' અને 'રા.વન' જેવી ફિલ્મોમાં સાથે જોવા મળ્યા છે. કરીનાએ 'ડોન' અને 'બિલ્લુ'માં પણ ખાસ હાજરી આપી હતી. 'રા.વન'ના 'છમક છલ્લો' અને 'ક્રિમિનલ' બાદ બંનેને ફરી એકસાથે ડાન્સ કરતાં જોવાની સંભાવનાએ ચાહકોમાં ઉત્સુકતા જગાવી છે.

'કિંગ'નું દિગ્દર્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે અને શાહરુખ સાથે તેમની 'પઠાણ' બાદ બીજી ફિલ્મ છે. ફિલ્મમાં સુહાના ખાન મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે અભિષેક બચ્ચન વિલનની ભૂમિકામાં જોવા મળશે. દીપિકા પાદુકોણ, અનિલ કપૂર, જેકી શ્રોફ, રાની મુખર્જી અને જયદીપ અહલાવત પણ કલાકારોમાં સામેલ છે. 'કિંગ' 24 ડિસેમ્બર, 2026ના રોજ વિશ્વભરમાં રિલીઝ થવાની છે.

સારા જેસિકા પાર્કર હવે ક્યારેય એ કપડાં પહેરતી નથી

મુંબઈ, તા.07

'સેક્સ એન્ડ ધ સિટી'માં કેરી બ્રેડશો પોતાની અનોખી ફેશન સેન્સ, મૅનોલો બ્લાનિક શૂઝ, ફેન્ડી બેગ્સ અને ક્રિશ્ચિયન દિયોરના ડ્રેસ માટે જાણીતી હતી. જોકે કેરીનું પાત્ર ભજવનાર અભિનેત્રી સારા જેસિકા પાર્કર કહે છે કે તે શોમાં પહેરેલાં આ આઈકોનિક આઉટફિટ્સને વાસ્તવિક જીવનમાં ક્યારેય પહેરતી નથી.

તાજેતરની એક વાતચીતમાં સારાએ જણાવ્યું કે શોનો આખો વૉર્ડરોબ તેની પાસે આર્કાઈવ તરીકે સચવાયેલો છે, પરંતુ તેમાંથી કોઈ કપડું તેણે અંગત જીવનમાં પહેર્યું નથી. તેનાં મતે આ કપડાં પહેરવાથી એવું લાગશે જાણે તે કોઈ પાત્રનાં કોસ્ચ્યુમ પહેરીને ફરતી હોય.

સારાએ પોતાનાં અને કેરી બ્રેડશો વચ્ચેના અંતર વિશે વાત કરતાં કહ્યું કે બંનેને અલગ રાખવું તેનાં માટે જરૂરી છે. તેણે 'હોકસ પોકસ'માં ભજવેલાં સારા સેન્ડરસનના પાત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું કે કૅરીનાં કપડાં પહેરવા તેનાં માટે સારા સેન્ડરસનનાં કોસ્ચ્યુમ પહેરીને ફરવા જેવું હશે. તેથી આ વૉર્ડરોબ તેનાં વર્તમાન જીવન સાથે સુસંગત લાગતું નથી.

સારા જેસિકા પાર્કરે 1998થી 2004 સુધી 'સેક્સ એન્ડ ધ સિટી'માં કૅરી બ્રેડશોનું પાત્ર ભજવ્યું હતું. ત્યારબાદ બે ફિલ્મો અને 2021થી 2025 સુધી પ્રસારિત થયેલી સ્પિન-ઑફ સિરીઝ 'એન્ડ જસ્ટ લાઈક ધેટ...'માં પણ તેણે આ પાત્રને ફરી રજુ કર્યું હતું.

શોની સમાપ્તિ બાદ સારાએ સોશિયલ મીડિયા પર કૅરીને ભાવનાત્મક વિદાય આપી હતી. તેણે લખ્યું હતું કે કૅરી બ્રેડશો તેનાં વ્યાવસાયિક જીવનનો 27 વર્ષ સુધી મહત્વપૂર્ણ હિસ્સો રહી છે અને તેનાં પ્રત્યેનો પ્રેમ તેનાં માટે સૌથી વિશેષ રહ્યો છે.

'સૌ એક સમાન છે એમ માનવું જ બકવાસ...', જાવેદ અખ્તરે ફરી ધર્મ-આસ્થા સામે ઊઠાવ્યા સવાલ

મુંબઈ, તા.07

પ્રખ્યાત લેખક અને ગીતકાર જાવેદ અખ્તર તેમના સ્પષ્ટ, નિડર અને ખુલ્લો અભિપ્રાય માટે જાણીતા છે. તેઓ એવી બાબતો પર સવાલ ઉઠાવે છે, જેને લોકો વગર વિચારે સાચી માની લેતા હોય છે. તાજેતરમાં એક વાતચીતમાં તેમણે ધર્મ, આસ્થા અને નાસ્તિકતાને લઈને ખુલીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે સ્વીકાર્યું કે મુશ્કેલ સમયમાં ધર્મ અને આસ્થા માનવીને માનસિક સહારો આપી શકે છે, પરંતુ તેમનો સવાલ એ છે કે કોઈ બાબતથી માનસિક શાંતિ મળવી એ વાતનો પુરાવો કઈ રીતે બની શકે કે તે બાબત વાસ્તવમાં સાચી પણ છે? જાવેદ અખ્તરે જણાવ્યું કે, 'ઘણા લોકો મુશ્કેલ સમયમાં કોઈ મોટી શક્તિ કે ભગવાન પર એટલા માટે ભરોસો કરે છે કારણ કે તેનાથી તેમને ભાવનાત્મક સહારો મળે છે. તેમને લાગે છે કે કોઈ છે જે તેમની સંભાળ રાખી રહ્યું છે. પરંતુ, માત્ર આ ભરોસાના આધારે કોઈ ધાર્મિક વિશ્વાસને સાચો માની શકાય નહીં. આ એક એવો આધાર છે જે માનવીને માનસિક રાહત તો આપી શકે છે, પરંતુ તે હકીકત હોય તે જરૂરી નથી.' પોતાની વાત સ્પષ્ટ કરવા માટે જાવેદ અખ્તરે દુનિયાના જાણીતા ઉદ્યોગપતિ ઈલોન મસ્કનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'જો કોઈ વ્યક્તિ પૂરા દિલથી એવું માની લે કે ઈલોન મસ્ક તેનો ભાઈ છે અને આગામી મહિને તેને અબજો ડૉલર મળવાના છે, તો આ વિચાર તેને ખુશી અને સુરક્ષાનો અહેસાસ કરાવી શકે છે. જો કોઈ સતત એમ કહ્યા કરે કે પૈસા આવવાના છે, તો તે આ આશાના સહારે ખુશ રહી શકે છે. પરંતુ તેનાથી એ સાબિત નથી થઈ જતું કે ખરેખર ઈલોન મસ્ક તેનો ભાઈ છે કે તેને પૈસા મળવાના છે.'

જાવેદ અખ્તરે એવો સવાલ પણ ઉઠાવ્યો કે શું ધર્મ વાસ્તવમાં મોટાભાગના લોકોની પોતાની પસંદગીની ચીજ છે? તેમણે કહ્યું કે, 'દુનિયામાં મોટાભાગના લોકો તે જ ધર્મને માનતા મોટા થાય છે જેમાં તેમનો જન્મ થયો હોય છે. આશરે 99 ટકા લોકો તે જ ધર્મમાં મૃત્યુ પામે છે જેમાં તેઓ જન્મ્યા હતા. એવી સ્થિતિમાં એ વિચારવું જરૂરી છે કે આપણી ધાર્મિક માન્યતાઓ આપણે જાતે તર્ક અને વિચાર-વિમર્શથી બનાવી છે કે પછી તે આપણને બાળપણથી જ મળી છે?'

જાવેદ અખ્તરે જણાવ્યું કે, 'કોઈ વ્યક્તિની વાતને માત્ર એટલા માટે સાચી ન માની લેવી જોઈએ કારણ કે આપણે તે વ્યક્તિ પર ભરોસો કરીએ છીએ. તેમના મતે, સમય સાથે વ્યક્તિ પોતાના અભિપ્રાય બદલી શકે છે. એટલા માટે કોઈ વ્યક્તિના બદલે તેના વિચારોને પારખવા જોઈએ. કોણ કહી રહ્યું છે, તેના કરતા એ વધારે મહત્ત્વનું છે કે તે જે કહી રહ્યો છે તેમાં કેટલો દમ છે. દુનિયાના તમામ ધર્મોને માત્ર એટલા માટે એક સરખા ન કહી શકાય કે બધા ધર્મો માનવીને સારા બનવાની વાત કરે છે; જુદા-જુદા ધર્મોની માન્યતાઓ અને વિચારો એકબીજાથી અલગ હોય છે.'

રિલાયન્સ, બેંકિંગ, FMCG શેરોમાં તેજી : સેન્સેક્સ 685 પોઈન્ટ ઉછળી 73068

મુંબઈ, તા.07

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનીટરી પોલિસી કમિટી (એમપીસી)ની મીટિંગ પૂર્વે રેપો રેટમાં આ વખતે ૦.૨૫ ટકાનો વધારો થવાની બેંકરો, સમીક્ષકોની અપેક્ષા અને મોંઘવારીને અંકુશમાં લેવા પગલાંની અપેક્ષા સાથે બેંકોની ત્રિમાસિક મજબૂત કામગીરી અને રિલાયન્સના જિયો પ્લેટફોર્મ્સના મેગા આઈપીઓની તૈયારી વચ્ચે આજે સપ્તાહના સતત બીજા દિવસે શેરોમાં રિકવરીનો મજબૂત રાઉન્ડ જોવાયો હતો. વર્લ્ડ બેંક દ્વારા ભારતના આર્થિક વિકાસ માટેનો નાણા વર્ષ ૨૦૨૭નો અંદાજ મજબૂત માંગને લઈ ૭.૧ ટકા મૂકાતાં અને ક્રુડ ઓઈલના ભાવ બે ટકા જેટલા ઘટી આવતાં શેરોમાં તેજીને વેગ મળ્યો હતો. ફંડોએ બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં કોટક મહિન્દ્રા બેંક, ઈન્ડસઈન્ડ બેંકની આગેવાનીમાં તેજી કર્યા સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં સતત ફંડો લેવાલ રહેતાં અને એફએમસીજી શેરોમાં હિન્દુસ્તાન યુનિલિવર, નેસ્લે ઈન્ડિયા સહિતમાં તેજી અને ફાર્માસ્યુટિકલ્સ-હેલ્થકેર શેરોમાં ઘટાડો અટકી ફંડો લેવાલ રહેતાં અને મેટલ-માઈનીંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો શેરોમાં પણ પસંદગીની ખરીદી રહી હતી. સેન્સેક્સ ૬૮૫.૩૪ પોઈન્ટ ઉછળીને ૭૩૦૬૭.૮૧ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૨૨૦.૩૫ પોઈન્ટ વધીને ૨૨૭૭૬.૧૦ બંધ રહ્યા હતા. પાવર-કેપિટલ ગુડ્ઝ શેરોમાં ફંડોએ આજે આક્રમક ખરીદી કરી હતી. ભેલ રૂ.૨૩.૯૦ ઉછળીને રૂ.૪૫૧.૫૦, જ્યોતી સીએનસી રૂ.૫૧.૨૦ ઉછળીને રૂ.૧૦૭૩.૧૫, સુપ્રિમ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૩૯.૯૦ વધીને રૂ.૩૫૧૬.૭૦, સિમેન્સ રૂ.૧૪૨.૬૦ વધીને રૂ.૩૮૫૦, સીજી પાવર રૂ.૩૦ વધીને રૂ.૯૧૧.૧૦, એબીબી ઈન્ડિયા રૂ.૨૨૭.૬૦ વધીને રૂ.૭૧૦૯.૧૦, હિન્દુસ્તાન એરોનોટિક્સ રૂ.૧૪૭.૬૦ વધીને રૂ.૪૮૧૮, એસ્ટ્રલ રૂ.૪૩ વધીને રૂ.૧૪૦૩, વારી એનર્જી રૂ.૫૭ વધીને રૂ.૨૩૯૯, કમિન્સ ઈન્ડિયા રૂ.૯૪.૯૦ વધીને રૂ.૪૯૨૩, પ્રીમિયર એનર્જી રૂ.૧૬.૩૫ વધીને રૂ.૯૦૪.૩૫ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સ ૧૩૩૩.૧૩ પોઈન્ટની છલાંગે ૭૫૭૪૯.૮૬ બંધ રહ્યો હતો.

એફએમસીજી શેરોમાં પણ ફંડોની આજે પસંદગીના શેરોમાં વેલ્યુબાઈંગ વધ્યું હતું. પરાગ મિલ્ક રૂ.૨૮.૦૫ વધીને રૂ.૩૦૮.૭૫, લોટસ ચોકલેટ રૂ.૪૪.૪૦ વધીને રૂ.૫૮૦.૮૦, હોનાસા રૂ.૩૬.૩૦ વધીને રૂ.૪૭૮.૧૦, બજાજ હિન્દુસ્તાન રૂ.૧.૩૮ વધીને રૂ.૨૧.૩૩, ધામપુર સુગર રૂ.૧૨.૧૫ વધીને રૂ.૧૮૮.૯૫, દ્વારકેશ સુગર રૂ.૨.૯૨ વધીને રૂ.૪૬.૯૩, દાલમિયા સુગર રૂ.૨૫.૪૦ વધીને રૂ.૪૫૩.૮૦,નેસ્લે ઈન્ડિયા રૂ.૩૭.૧૦ વધીને રૂ.૧૩૩૫.૪૦, હિન્દુસ્તાન યુનિલિવર રૂ.૫૨.૧૦ વધીને રૂ.૧૮૯૨.૧૦, બલરામપુર ચીની રૂ.૧૯.૮૫ વધીને રૂ.૬૯૧.૦૫, બજાજ કન્ઝ્યુમર રૂ.૧૩.૧૦ વધીને રૂ.૪૯૩.૬૦, અવધ સુગર રૂ.૨૯ વધીને રૂ.૮૭૨.૬૦, મગધ સુગર રૂ.૧૮ વધીને રૂ.૫૫૨.૯૫ રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૨૬૪.૪૫ પોઈન્ટ વધીને ૧૭૧૫૭.૧૪ બંધ રહ્યો હતો.

આરબીઆઈની પોલિસી નિર્ણય પૂર્વે આજે બેંકિંગ શેરોમાં ફંડોની તેજી રહી હતી. બેંકોની ત્રિમાસિક મજબૂત કામગીરીના સથવારે ફંડો બેંક શેરોમાં લેવાલ રહ્યા હતા. કોટક મહિન્દ્રા બેંકમાં ત્રિમાસિક ધિરાણમાં ૨૫ ટકા વૃદ્ધિ અને થાપણોમાં ૨૩ ટકા વૃદ્ધિ થતાં શેરમાં આકર્ષણે રૂ.૧૪.૯૫ વધીને રૂ.૪૩૧.૨૫ રહ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૪.૬૫ વધીને રૂ.૯૦૬.૯૫, એક્સિસ બેંક રૂ.૨૪.૫૫ વધીને રૂ.૧૨૪૮.૫૦, એચડીએફસી બેંક રૂ.૫.૨૦ વધીને રૂ.૭૧૦.૨૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૮.૬૦ વધીને રૂ.૧૩૪૧.૬૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૩૨૯.૮૨ પોઈન્ટ વધીને ૬૨૧૧૮.૩૪ બંધ રહ્યો હતો.

હેલ્થકેર-ફાર્મા શેરોમાં ત્રણ દિવસના ઘટાડાને આજે ફરી બ્રેક લાગી ફરી ફંડોએ સિલેક્ટિવ શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. ક્લિચ ડ્રગ રૂ.૨૭.૮૦ વધીને રૂ.૨૬૧.૩૦, મોરપેન લેબ. રૂ.૮.૪૫ વધીને રૂ.૧૧૨.૫૦ ઉછળીને રૂ.૨૧૭૪.૧૦, સાંઈ પેરન્ટ રૂ.૨૬.૪૦ વધીને રૂ.૫૨૫.૭૫, ગુજરાત થેમીસ રૂ.૧૭.૫૫ વધીને રૂ.૩૯૦.૫૫, લૌરસ લેબ રૂ.૯૦ વધીને રૂ.૨૦૫૪, એનથમ રૂ.૩૭.૬૦ વધીને રૂ.૮૮૯.૫૫, નોવાર્ટિસ રૂ.૮૨.૩૫ વધીને રૂ.૨૦૪૯.૦૫, પેનેશિયા બાયોટેક રૂ.૧૪.૪૫ વધીને રૂ.૩૬૩.૮૦ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૫૫૧.૮૬ પોઈન્ટ ઉછળીને ૪૯૮૮૬.૫૪ બંધ રહ્યો હતો.

ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ બે ટકા જેટલા ઘટીને સાંજે બ્રેન્ટના ૯૮ ડોલર અને ન્યુયોર્ક-નાયમેક્ષ ક્રુડના ૮૭ ડોલર નજીક આવી જતાં ઓઈલ-ગેસ શેરોમાં ફંડોની પસંદગીની ખરીદી રહી હતી. જિયો પ્લેટફોર્મ્સના આઈપીઓની તૈયારીના આકર્ષણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૩૨.૯૦ વધીને રૂ.૧૨૧૯ રહ્યો હતો. ગેઈલ ઈન્ડિયા રૂ.૪ વધીને રૂ.૧૭૧.૫૦, પેટ્રોનેટ એલએનજી રૂ.૬.૮૫ વધીને રૂ.૨૯૭.૧૦, એચપીસીએલ રૂ.૭.૫૫ વધીને રૂ.૩૫૦.૬૫, બીપીસીએલ રૂ.૩.૫૦ વધીને રૂ.૩૦૦ રહ્યા હતા. બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૨૯૮.૯૪ પોઈન્ટ વધીને ૨૪૯૩૫.૧૬ બંધ રહ્યો હતો. મેટલ-માઈનીંગ શેરોમાં ફંડોની પસંદગીની ખરીદી રહી હતી. લોઈડ્સ મેટલ રૂ.૫૭.૪૦ વધીને રૂ.૧૮૬૦.૨૫, એપીએલ અપોલો રૂ.૪૮.૦૫ વધીને રૂ.૨૧૪૫, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૨૬.૬૫ વધીને રૂ.૧૨૫૯, સેઈલ રૂ.૨.૯૫ વધીને રૂ.૧૭૮.૭૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૨૨૭.૧૨ પોઈન્ટ વધીને ૩૯૯૦૪.૦૭ બંધ રહ્યો હતો.

SME IPOમાં નકારાત્મક વળતર : લિસ્ટ થયેલા 161 SME શેરોમાંથી 81 શેરો ઈસ્યુ ભાવથી નીચે

મુંબઈ, તા.07

દેશના પ્રાઈમરી-આઈપીઓ માર્કેટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી અનેક કંપનીઓના પ્રમોટરો, બુક રનીંગ લીડ મેનજરો-મર્ચન્ટ બેંકરો રોકડી કરી લેવાની દોટ મૂકી છે. આ પ્રાઈમરી માર્કેટની બૂમમાં રોકાણકારોને તાણી લાવવા અપનાવાઈ રહેલા અનેક હથકંડા પૈકી ફેક ગ્રે માર્કેટ પ્રીમિયમ, કંપનીઓ વિશે રોકાણકારોને આંજી નાખે એવા કંપનીઓ વિશેના વાસ્તવિકતાથી વિપરીત ગેરમાર્ગે દોરનારા રોઝી-ફુલગુલાબી અહેવાલો-રિપોર્ટનો પ્રચાર-પ્રસાર કરી રિટેલ રોકાણકારોને ઈસ્યુઓ ભરવા લલચાવી મૂકવામાં આવ્યા હોવાનું સ્પષ્ટ જોવાયું છે. રિટેલ રોકાણકારો ભરાઈ પડયા હોવાના સ્પષ્ટ પૂરાવા હવે સામે આવવા લાગ્યા છે. વળતરમાં રોકાણકારોને નાહી નાખવું પડે એવી નિરાશા હાથ લાગી છે.

બીએસઈ અને એનએસઈના એસએમઈ પ્લેટફોર્મ પર અસંખ્ય એસએમઈ આઈપીઓ લાવીને પ્રમોટરોએ અબજો રૂપિયા ઉઘરાવી લીધા અને રોકાણકારોને શેરો પધરાવી દીધા છે. ભારતના સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈસીઝ (એસએમઈ)ના આઈપીઓનું પ્રદર્શન નોંધપાત્ર નબળું રહ્યું છે. આ વર્ષે નોંધાયેલા મોટાભાગના એસએમઈ આઈપીઓ તેમના ઈસ્યુ ભાવથી નીચે ટ્રેડ થઈ રહ્યા છે અને મધ્યમ-મીડિયન વળતર પણ નકારાત્મક રહ્યું છે. આ સ્થિતિ એવી છે જ્યારે સપ્ટેમ્બર મહિનો એસએમઈ આઈપીઓ માટે અત્યંત વ્યસ્ત રહ્યો હતો.

આ વર્ષે અત્યાર સુધીમાં ૧૬૧ એસએમઈ આઈપીઓ શેરબજારમાં લિસ્ટ થયા છે, જેમાંથી કુલ રૂ.૭૧૭૧ કરોડ જેટલું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું. જો કે, તેમાંથી ૮૧ આઈપીઓ હાલમાં તેમના ઈસ્યુ ભાવથી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. ખાસ કરીને ૨૪ આઈપીઓમાં ૫૦ ટકા કે તેથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન લિસ્ટ થયેલા એસએમઆઈ આઈપીઓનું મધ્યમ વળતર ૫, ઓકટોબર સુધીમાં માઈનસ ૦.૭ ટકા રહ્યું હતું. આ સમયગાળામાં લિસ્ટ થયેલા એસએમઈ આઈપીઓમાંથી ૫૨ ટકા શેર તેમના ઈસ્યુ ભાવથી નીચે ટ્રેડ થઈ રહ્યા હતા. વર્ષના પ્રથમ છ મહિનામાં પણ સ્થિતિ બહુ અલગ નહોતી. જાન્યુઆરીથી જૂન દરમિયાન લિસ્ટ થયેલા ૭૬ એસએમઈ આઈપીઓમાંથી ૪૯ ટકા આઈપીઓ તેમના ઓફર પ્રાઈસથી નીચે ટ્રેડ થઈ રહ્યા હતા. આ આઈપીઓનું મીડિયન વળતર ૦.૯ ટકા રહ્યું હતું.

છેલ્લા એક વર્ષ દરમિયાન નિફટી એસએમઈ ઈમર્જ ઈન્ડેક્સમાં ૨.૬૩ ટકાનો ઘટાડો થયો છે, જેની સામે નિફટી આઈપીઓ ઈન્ડેક્સમાં ૧૦.૫ ટકાનો વધારો નોંધાયો છે. નિફટી એસએમઈ ઈમર્જ ઈન્ડેક્સમાં કુલ ૫૩૯ શેર સામેલ છે.

નિષ્ણાતો-સમીક્ષકોનું કહેવું છે કે, નાના કદની કંપનીઓમાં કેટલીક સારા વેલ્યુએશન સાથે મૂડી બજારમાં પ્રવેશે છે, પરંતુ ઈસ્યુ ભાવથી અનેક શેરો નીચા ટ્રેડ થવા લાગ્યા હોઈ ઘણી કંપનીઓમાં વેલ્યુએશન અને આઈપીઓ ભાવ નિર્ધારણ શંકા ઉપજાવે છે.

કંપનીઓના આઈપીઓ ભાવ નિર્ધારણ અને વાસ્તવિક બજાર ભાવને જોતાં કૃત્રિમ ભાવ નિર્ધારણ થયું હોવાની પણ શંકા જાય છે. આ સાથે ગ્રે માર્કેટ પ્રીમિયમ માર્કેટમાં અવાસ્તવિક ઊંચા પ્રીમિયમ બોલાવીને રોકાણકારોને ભોરમાવી ઈસ્યુઓ ભરાવી તો દેવાયા હોય, પરંતુ વાસ્તવિક વેલ્યુએશન હવે ઈસ્યુ ભાવથી અનેક કંપનીઓના શેરોના ભાવો નીચા આવી ગયા હોવાનું જોવાઈ રહ્યું છે, ત્યારે એસએમઆઈ આઈપીઓ સેગ્મેન્ટમાં મોટાપાયે પોલમપોલ હોવાની પણ શંકા પ્રબળ બની રહી છે.

ટાટા ટ્રસ્ટ્સમાં ગેરરીતિના આરોપો, ચેરિટી કમિશનરની નોટિસ, 12 ઓક્ટોબર સુધી જવાબ માગ્યો.....

મુંબઈ, તા.07

મહારાષ્ટ્રના ચેરિટી કમિશનરે ટાટા ટ્રસ્ટ્સને નોટિસ પાઠવીને 12 ઓક્ટોબર સુધીમાં સમગ્ર મામલે જવાબ રજૂ કરવા જણાવ્યું છે. સર દોરાબજી ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી વેણુ શ્રીનિવાસન દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. શ્રીનિવાસને 24 સપ્ટેમ્બરે ચેરિટી કમિશનર સમક્ષ ફરિયાદ કરીને ટ્રસ્ટના કામકાજ અને તેની કામગીરી અંગે તપાસ કરવાની માગ કરી હતી. ફરિયાદમાં ટ્રસ્ટની વર્તમાન કામગીરી, ટ્રસ્ટીઓની નિમણૂક અને ટાટા જૂથની કંપનીઓના વ્યાવસાયિક નિર્ણયોમાં ટ્રસ્ટની કથિત દખલગીરી સહિતના અનેક મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે.

વેણુ શ્રીનિવાસનનો મુખ્ય આરોપ છે કે ટાટા ટ્રસ્ટ્સ ધીમે ધીમે સમાજસેવા અને પરોપકારના પોતાના મૂળ હેતુથી દૂર જઈ રહ્યું છે અને ટાટા જૂથની કંપનીઓના વ્યવસાયિક નિર્ણયો પર તેની સીધી અસર વધી રહી છે. તેમના કહેવા મુજબ, ટ્રસ્ટીઓ હવે માત્ર ચેરિટેબલ પ્રવૃત્તિઓ અને સામાજિક કાર્યો પૂરતા સીમિત રહેવાને બદલે મોટા વ્યાવસાયિક સોદાઓ અંગે નિર્ણય લેવાની, વાટાઘાટ કરવાની અને સોદાને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં પણ સામેલ થઈ રહ્યા છે. શ્રીનિવાસને આ પ્રકારની કામગીરીને ચેરિટેબલ ટ્રસ્ટના નિયમો અને તેના મૂળ હેતુ સાથે સુસંગત છે કે નહીં તે અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

ફરિયાદમાં ખાસ કરીને ટાટા સન્સ સાથે જોડાયેલા કેટલાક કોમર્શિયલ સોદાઓમાં ટાટા ટ્રસ્ટ્સની કથિત સીધી ભૂમિકા અંગે પ્રશ્નો કરવામાં આવ્યા છે. શ્રીનિવાસનનો દાવો છે કે ટાટા ટ્રસ્ટ્સે ટાટા સન્સના કેટલાક વ્યવસાયિક નિર્ણયો અને સોદાઓમાં દખલગીરી કરી હતી. હવે સવાલ એ છે કે ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે નોંધાયેલા સંગઠનના ટ્રસ્ટીઓ વ્યાપારી કંપનીઓના વ્યવસાયિક સોદાઓમાં કેટલી હદ સુધી સીધી ભૂમિકા ભજવી શકે. આ મુદ્દે ચેરિટી કમિશનર સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે અને હવે ટાટા ટ્રસ્ટ્સનો જવાબ મળ્યા બાદ સમગ્ર મામલાની આગળની પ્રક્રિયા નક્કી થવાની છે.

ફરિયાદમાં ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓની નિમણૂકને લઈને પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે. નવા ટ્રસ્ટીઓની પસંદગી કયા નિયમો અને કયા માપદંડોના આધારે કરવામાં આવી રહી છે તે અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે. ટ્રસ્ટની નિર્ણય પ્રક્રિયામાં પારદર્શિતા કેટલી છે અને ટ્રસ્ટીઓની નિમણૂક તથા તેમની ભૂમિકાને લઈને લાગુ પડતા નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તે અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા છે. શ્રીનિવાસનની ફરિયાદમાં ટ્રસ્ટના વહીવટી માળખા અને નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે વધુ પારદર્શિતાની જરૂરિયાત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. આ ઉપરાંત નોએલ ટાટાને આજીવન ટ્રસ્ટી બનાવવાના મુદ્દે પણ વાંધો વ્યક્ત કરવામાં આવ્યો છે. ફરિયાદમાં એવો સવાલ કરવામાં આવ્યો છે કે ટ્રસ્ટના નિયમો હેઠળ કોઈ વ્યક્તિને કાયમી અથવા આજીવન ટ્રસ્ટી બનાવવાની જોગવાઈ કેવી રીતે લાગુ પડે છે અને આવી નિમણૂક નિયમસર કરવામાં આવી છે કે નહીં. આ મુદ્દો પણ હવે ચેરિટી કમિશનર સમક્ષ તપાસના દાયરામાં આવી શકે છે. જોકે, ફરિયાદમાં કરવામાં આવેલા આ તમામ આક્ષેપો અંગે અંતિમ નિર્ણય હજુ આવ્યો નથી અને ટાટા ટ્રસ્ટ્સને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી છે.

સોના-ચાંદીના ભાવમાં ફરી ઘટાડો, સોનું ₹1.48 લાખ અને ચાંદી ₹2.22 લાખે પહોંચી

નવી દિલ્હી, તા.07

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 7 ઓક્ટોબરે ફરી ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA)ના જણાવ્યા મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આજે રૂ.498 ઘટીને રૂ.1.48 લાખની આસપાસ પહોંચી ગયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. એક કિલો ચાંદી રૂ.1,245 સસ્તી થઈને રૂ.2.22 લાખની આસપાસ પહોંચી છે. કિંમતી ધાતુઓના ભાવમાં સતત જોવા મળી રહેલા ઉતાર-ચઢાવને કારણે રોકાણકારો અને જ્વેલરી ખરીદનારાઓ બંનેની નજર હવે આગામી દિવસોમાં બજાર કઈ દિશામાં આગળ વધે છે તેના પર છે. છેલ્લા કેટલાક સમયથી સોના-ચાંદીના ભાવમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી રહી છે. સપ્ટેમ્બર મહિનામાં પણ બંને કિંમતી ધાતુઓના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો હતો. 31 ઓગસ્ટે 10 ગ્રામ સોનાનો ભાવ આશરે રૂ.1.56 લાખ હતો, જે 30 સપ્ટેમ્બર સુધીમાં ઘટીને રૂ.1.48 લાખ થઈ ગયો હતો. એટલે કે માત્ર એક મહિનામાં સોનાના ભાવમાં આશરે રૂ.8 હજારનો ઘટાડો થયો હતો. ચાંદીમાં પણ આ સમયગાળા દરમિયાન મોટો ઘટાડો જોવા મળ્યો હતો. 31 ઓગસ્ટે એક કિલો

ચાંદીનો ભાવ આશરે રૂ.2.37 લાખ હતો, જે સપ્ટેમ્બરના અંત સુધીમાં ઘટીને રૂ.2.22 લાખ થઈ ગયો હતો. આમ ચાંદીમાં પણ આશરે રૂ.15 હજારનો ઘટાડો નોંધાયો હતો. સોના-ચાંદીના ભાવમાં ઘટાડા પાછળ વૈશ્વિક બજારમાં વ્યાજદર, ડોલરની સ્થિતિ, રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા અને ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ જેવા અનેક પરિબળો અસર કરે છે. ખાસ કરીને અમેરિકાની કેન્દ્રીય બેન્ક ફેડરલ રિઝર્વની વ્યાજદર નીતિ પર સમગ્ર વિશ્વના સોના બજારની નજર રહે છે. વ્યાજદરમાં વધારો થવાથી સામાન્ય રીતે સોના જેવી વ્યાજ ન આપતી સંપત્તિ તરફ રોકાણકારોનું આકર્ષણ ઘટી શકે છે. બીજી તરફ જ્યારે બજારમાં અનિશ્ચિતતા વધે છે ત્યારે રોકાણકારો સોનાને સલામત રોકાણ તરીકે પસંદ કરતા હોવાથી તેના ભાવને ટેકો મળી શકે છે. હાલમાં વૈશ્વિક સ્તરે આર્થિક અને ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતા પણ સોના માટે મહત્વનું પરિબળ બની રહી છે. અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવ અને સંભવિત સંઘર્ષને કારણે બજારમાં અનિશ્ચિતતા વધે તો સોનાની માંગમાં ફરી વધારો થઈ શકે છે. આવા સંજોગોમાં રોકાણકારો શેરબજાર જેવી જોખમી સંપત્તિમાંથી નાણાં કાઢીને સોના તરફ વળે તેવી શક્યતા રહે છે. આ કારણે નિષ્ણાતો માને છે કે આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં સીધી દિશામાં સતત ચાલ કરતાં વધુ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. બજારના જાણકારોના મતે હાલ રોકાણકારોએ સોના-ચાંદીમાં એકસાથે મોટી રકમ લગાવવાને બદલે બજારની સ્થિતિ પર નજર રાખવી જોઈએ. કિંમતી ધાતુઓના ભાવમાં જો મોટો ઘટાડો જોવા મળે તો લાંબા ગાળાના રોકાણકારો માટે ખરીદીની તક ઊભી થઈ શકે છે. જોકે ટૂંકા ગાળામાં ભાવ કઈ દિશામાં જશે તે અંગે ચોક્કસ અનુમાન લગાવવું મુશ્કેલ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ, ડોલર ઈન્ડેક્સ, અમેરિકાના બોન્ડ યીલ્ડ અને કેન્દ્રીય બેન્કોની નીતિ જેવા પરિબળો ભારતીય બજારમાં પણ ભાવને અસર કરી શકે છે. સોનું ખરીદતી વખતે ગ્રાહકોએ માત્ર બજારભાવ પર જ ધ્યાન આપવું પૂરતું નથી. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે હંમેશા BIS હોલમાર્ક ધરાવતી જ્વેલરી ખરીદવી જોઈએ. હોલમાર્ક સોનાની શુદ્ધતા અંગે મહત્વપૂર્ણ માહિતી આપે છે. જ્વેલરી પર આપવામાં આવેલા હોલમાર્ક અને સંબંધિત ઓળખ નંબરની તપાસ કરીને ગ્રાહક સોનાની ગુણવત્તા અંગે વધુ ખાતરી મેળવી શકે છે. સોનાની ખરીદી કરતી વખતે બિલમાં સોનાનું વજન, શુદ્ધતા, મેકિંગ ચાર્જ, GST અને અન્ય ચાર્જ અલગથી દર્શાવવામાં આવ્યા છે કે નહીં તે પણ તપાસવું જરૂરી છે.

સોનાની કિંમતની પણ ખરીદી કરતા પહેલાં ચકાસણી કરવી મહત્વપૂર્ણ છે. 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ અલગ હોય છે. તેથી ગ્રાહકે જ્વેલર દ્વારા જણાવવામાં આવેલા ભાવને IBJA જેવા વિશ્વસનીય સ્ત્રોતોના ભાવ સાથે ક્રોસચેક કરવો જોઈએ. ખાસ કરીને દાગીના ખરીદતી વખતે માત્ર પ્રતિ 10 ગ્રામના સોનાના ભાવને આધારે અંતિમ કિંમત નક્કી થતી નથી, કારણ કે તેમાં મેકિંગ ચાર્જ અને અન્ય લાગુ પડતા ચાર્જનો સમાવેશ થઈ શકે છે.

ચાંદી ખરીદતી વખતે પણ તેની શુદ્ધતા અંગે સાવચેતી રાખવી જરૂરી છે. બજારમાં ચાંદીના નામે વિવિધ ધાતુઓનું મિશ્રણ ધરાવતી વસ્તુઓ પણ મળી શકે છે. પરંપરાગત રીતે ચાંદીની ઓળખ માટે મેગ્નેટ ટેસ્ટ, બરફ ટેસ્ટ અને અન્ય ઘરેલુ પદ્ધતિઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. જોકે માત્ર આવા ઘરેલુ ટેસ્ટના આધારે ચાંદી અસલી છે કે નકલી તે અંગે અંતિમ નિર્ણય લેવો યોગ્ય નથી. ચાંદીની શુદ્ધતા જાણવા માટે પ્રમાણિત હોલમાર્ક અથવા વિશ્વસનીય ટેસ્ટિંગ પદ્ધતિનો ઉપયોગ કરવો વધુ યોગ્ય છે. મેગ્નેટ ટેસ્ટમાં ચાંદી સામાન્ય રીતે ચુંબક સાથે ચોંટતી નથી, પરંતુ માત્ર ચુંબક સાથે ન ચોંટે એટલે ધાતુ શુદ્ધ ચાંદી છે એવું સાબિત થતું નથી. તેવી જ રીતે બરફ ઝડપથી પીગળવાનો ટેસ્ટ પણ ચાંદીની ઓળખ માટે સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રમાણ માનવો યોગ્ય નથી. ચાંદીના દાગીના અથવા વસ્તુની ખરીદી વખતે શુદ્ધતાનું પ્રમાણપત્ર, હોલમાર્ક અને વિશ્વસનીય વેપારી પાસેથી મળતું બિલ વધુ મહત્વનું છે.

મોંઘવારીના ભડકતા જોખમ વચ્ચે RBIનો મોટો નિર્ણય, રેપો રેટ વધારીને 5.50% કર્યો

નવી દિલ્હી, તા.07

દેશમાં મોંઘવારીનું દબાણ આગામી સમયમાં વધુ વધી શકે તેવી ચિંતા વચ્ચે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)એ વ્યાજદરમાં મોટો ફેરફાર કર્યો છે. RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)એ રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરીને તેને 5.25 ટકાથી વધારીને 5.50 ટકા કરી દીધો છે. આ નિર્ણય સાથે હવે બેન્કો માટે RBI પાસેથી નાણાં ઉધાર લેવાનું મોંઘું બનશે અને તેની અસર ધીમે ધીમે ગ્રાહકોને મળતી હોમ લોન, કાર લોન, પર્સનલ લોન સહિતની વિવિધ લોનના વ્યાજદર અને EMI પર જોવા મળી શકે છે.

RBIનો આ નિર્ણય એટલા માટે પણ મહત્વનો છે કારણ કે ફેબ્રુઆરી 2023 પછી પહેલીવાર રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો છે. એટલે કે લગભગ સાડા ત્રણ વર્ષથી વધુ સમય બાદ કેન્દ્રીય બેન્કે વ્યાજદરમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. ખાસ વાત એ છે કે આ વધારો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે દેશમાં તહેવારોની મોસમ ચાલી રહી છે અને સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન લોકો ઘર, વાહન, ઈલેક્ટ્રોનિક્સ, કપડાં સહિત વિવિધ વસ્તુઓની ખરીદી માટે મોટી રકમ ખર્ચે છે. વ્યાજદરમાં વધારો થવાથી લોન આધારિત ખરીદી મોંઘી બનવાની શક્યતા હોવાથી ગ્રાહકોના ખર્ચ પર પણ તેની અસર પડી શકે છે.

રેપો રેટને સરળ ભાષામાં સમજીએ તો આ તે દર છે જેના આધારે RBI બેન્કોને નાણાં ઉપલબ્ધ કરાવે છે. જ્યારે RBI આ દરમાં વધારો કરે છે ત્યારે બેન્કો માટે નાણાં મેળવવાની કિંમત વધી શકે છે. ત્યારબાદ બેન્કો પોતાના ગ્રાહકોને આપવામાં આવતી લોનના વ્યાજદરમાં વધારો કરી શકે છે. પરિણામે નવા લોનધારકો માટે EMIનો બોજ વધવાની શક્યતા રહે છે અને ફ્લોટિંગ રેટ પર લોન લેનારા હાલના ગ્રાહકોને પણ આગામી સમયમાં વધુ વ્યાજ ચૂકવવું પડી શકે છે. આ રીતે વ્યાજદર વધારવાનો મુખ્ય હેતુ બજારમાં નાણાંનો પ્રવાહ અને માંગને નિયંત્રિત કરીને મોંઘવારીના દબાણને કાબૂમાં રાખવાનો હોય છે. RBIએ રેપો રેટ વધારવાની સાથે પોતાની મોનેટરી પોલિસીના વલણમાં પણ મોટો ફેરફાર કર્યો છે. અગાઉનું 'ન્યુટ્રલ' વલણ બદલીને હવે 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરવામાં આવ્યું છે. આ ફેરફાર બજાર માટે મહત્વપૂર્ણ સંકેત

માનવામાં આવી રહ્યો છે, કારણ કે તેનો અર્થ એ છે કે નજીકના સમયમાં વ્યાજદરમાં ઘટાડાની શક્યતા ઘણી ઓછી થઈ ગઈ છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું છે કે આગળના સમયમાં RBIનો નિર્ણય મોંઘવારી અને અન્ય આર્થિક પરિસ્થિતિઓ પર આધારિત રહેશે અને આગામી પગલું વ્યાજદરમાં વધુ વધારો અથવા દરોને યથાવત રાખવાનો હોઈ શકે છે.

મોંઘવારી અંગે પણ RBIએ પોતાનું અનુમાન વધાર્યું છે. નાણાકીય વર્ષ 2026-27 માટે CPI મોંઘવારીનો અંદાજ અગાઉના અંદાજ કરતાં વધારીને 5.2 ટકા કરવામાં આવ્યો છે. RBIએ ખાદ્ય અને ઈંધણના ભાવમાં વધતા દબાણ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવ, હવામાન સંબંધિત જોખમો અને વૈશ્વિક ભૌગોલિક-રાજકીય સ્થિતિને મોંઘવારી માટેના મુખ્ય જોખમો ગણાવ્યા છે. ઓગસ્ટમાં છૂટક મોંઘવારી 4.8 ટકા સુધી પહોંચી હતી, જે જુલાઈના 4.5 ટકા કરતાં વધુ હતી.

RBIના અંદાજ પ્રમાણે મોંઘવારીનો દબાણ આગામી ત્રિમાસિક ગાળાઓમાં પણ યથાવત રહી શકે છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં મોંઘવારી 4.9 ટકા, ત્રીજા ત્રિમાસિક ગાળામાં 6 ટકા અને ચોથા ત્રિમાસિક ગાળામાં 5.7 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ આંકડાઓ દર્શાવે છે કે RBI હાલ મોંઘવારીના જોખમને ગંભીરતાથી લઈ રહ્યું છે અને ભાવવધારાને વધુ વ્યાપક બનતા અટકાવવા માટે વ્યાજદરના સાધનનો ઉપયોગ કરી રહ્યું છે.

આ નિર્ણયની બીજી તરફ દેશના આર્થિક વિકાસ માટે સારા સમાચાર પણ આવ્યા છે. RBIએ નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના વાસ્તવિક GDP વૃદ્ધિદરનો અંદાજ 6.7 ટકાથી વધારીને 7.1 ટકા કર્યો છે. એટલે કે એક તરફ મોંઘવારીના વધતા જોખમને લઈને RBI સાવચેત છે, પરંતુ બીજી તરફ તેને દેશની આર્થિક ગતિવિધિઓમાં મજબૂતાઈ જોવા મળી રહી છે. બીજા ત્રિમાસિક ગાળામાં GDP વૃદ્ધિ 7.2 ટકા, ત્રીજા ત્રિમાસિક ગાળામાં 6.9 ટકા અને ચોથા ત્રિમાસિક ગાળામાં 6.8 ટકા રહેવાનો અંદાજ છે.

RBIના જણાવ્યા મુજબ મેન્યુફેક્ચરિંગ અને સર્વિસિસ ક્ષેત્રમાં પ્રવૃત્તિ ચાલુ છે અને સ્થાનિક માંગ તથા રોકાણને કારણે અર્થતંત્રની ગતિ મજબૂત રહી છે. જોકે વૈશ્વિક વેપાર અંગેની અનિશ્ચિતતા, ઊંચા કોમોડિટી ભાવ, ભૌગોલિક તણાવ અને હવામાન સંબંધિત જોખમો વિકાસના અંદાજ સામે પડકાર ઊભો કરી શકે છે. ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા ભારત જેવી ઊર્જા આયાત આધારિત અર્થવ્યવસ્થા માટે મોંઘવારી અને ચાલુ ખાતાની ખાધ બંને પર અસર કરી શકે છે.

રેપો રેટ વધારાની અસર સામાન્ય ગ્રાહક પર સૌથી વધુ લોનના વ્યાજ અને EMI મારફતે જોવા મળી શકે છે. હોમ લોન, કાર લોન અને અન્ય ફ્લોટિંગ રેટવાળી લોનના વ્યાજદરમાં બેન્કો ફેરફાર કરે તો ગ્રાહકોની માસિક EMI વધી શકે છે અથવા લોનની અવધિ લંબાઈ શકે છે. બીજી તરફ બચતકર્તાઓ માટે વ્યાજદર વધવાથી ફિક્સ્ડ ડિપોઝિટ જેવી કેટલીક બચત યોજનાઓમાં વધુ વ્યાજ મળવાની શક્યતા ઊભી થઈ શકે છે.

તમારી લોન મોંઘી થઈ ગઈ, RBIએ રેપો રેટ 0.25 ટકા વધાર્યો, દર મહિનાના EMI પણ વધી જશે

મુંબઈ, તા.07

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી) ત્રણ દિવસની બેઠકના અંતે રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરી દીધો છે. ઊંચા ફુગાવા, રૂપિયામાં નબળાઈ, ઊંચા વૈશ્વિક બોન્ડ યીલ્ડસ તથા ક્રુડ ઓઈલના ભાવમાં ફરી ઉછાળાને ધ્યાનમાં રાખી લગભગ સાડા ત્રણ વર્ષના ગાળા બાદ વ્યાજ દરમાં પહેલી જ વખત વધારો જોવા મળ્યો છે. આરબીઆઈના રેપો રેટમાં 0.25% ના વધારા સાથે નવો રેપો રેટ 5.25% થી વધીને 5.50% પર પહોંચી ગયો છે. તેની સીધી અસર તમારા હોમ લોનની ઈએમઆઈ અને એફડીના રિટર્ન પર થવાની છે. તમારા ઈએમઆઈ વધી શકે છે. ઉલ્લેખનીય છે કે અગાઉની ત્રણ બેઠકમાં રેપો રેટ યથાવત્ રાખવામાં આવ્યો હતો.

આ સાથે SDF રેટ (સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી) પણ 5.25% પર પહોંચી ગયો છે. જ્યારે MSF રેટ (માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ) પણ વધીને 5.75% પર પહોંચાડી દેવાયો છે. ઊંચા ફુગાવાને પરિણામે એશિયાના વિવિધ દેશોએ પણ તાજેતરમાં વ્યાજ દરમાં વધારો કર્યો છે. વ્યાજ દરમાં વધારો કરીને એમપીસી ન્યુટ્રલ પોલિસિ સ્ટાન્સ જાળવી રાખી નજીકના ભવિષ્યમાં પણ રેપો રેટમાં વધારો કરવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. એમપીસીની ઓગસ્ટની બેઠક બાદ ફુગાવામાં વધુ વધારો થયો છે અને ક્રુડ ઓઈલના ભાવ પણ બેરલ દીઠ ફરી 100 ડોલર નજીક પહોંચી ગયા છે. રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી 2023માં રેપો રેટ 0.25 ટકા વધારી 6.50 ટકા કર્યો હતો અને ત્યાર બાદ તેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. દેશમાં ફુગાવો હાલમાં પાંચ ટકાની નજીક છે અને ટૂંક સમયમાં રિઝર્વ બેન્કની છ ટકાની મહત્તમ રેન્જ સુધી પહોંચી જવા સંભવ છે.

'આરબીઆઈ (RBI) દ્વારા ઓક્ટોબરમાં કરવામાં આવેલો રેટ હાઈક એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે ચક્રીય મોંઘવારી (Cyclical Inflation) ના જોખમો હવે સામાન્ય નથી રહ્યા. વલણમાં ફેરફાર (Change in Stance) એ પણ દર્શાવે છે કે આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટી (MPC) નો ઈરાદો સખત (Hawkish Intent) છે.' ઊંચા તેલના ભાવો, વૈશ્વિક સ્તરે કડક પરિસ્થિતિઓ અને પ્રતિકૂળ હવામાનને કારણે ખાદ્ય ફુગાવા પર તોળાતા જોખમોની પૃષ્ઠભૂમિમાં, નીતિઘડવૈયાઓએ જોખમો વધુ ઊંડા ઉતરે તે પહેલાં મોંઘવારી અંગેની વિશ્વસનીયતાને મજબૂત કરવાનું પસંદ કર્યું છે.' રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ એ વાતની પણ જાહેરાત કરી છે કે એમપીસી (MPC) નું નીતિગત વલણ હવે તટસ્થ (Neutral) થી ખસીને 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' (મપાયેલું અને કડક વલણ) તરફ શિફ્ટ થઈ ગયું છે.' આરબીઆઈના આ નિર્ણય સાથે હોમ લોન, કાર લોન લેનારા ગ્રાહકોના ઈએમઆઈ વધી શકે છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ તેમના સંબોધનમાં વેસ્ટ એશિયાના સંઘર્ષ, ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારાનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે ગ્લોબલ સ્તરે મોંઘવારી વધવા, એનર્જીની કિંમતો મોંઘી થવા અને ખાણી-પીણી વસ્તુઓના ભાવ પણ વધવા સામે ચિંતા વ્યક્ત કરી હતી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ વ્યાજદરો (રેપો રેટ) માં વધારો કરવાની સાથે નાણાકીય વર્ષ 2026-27 (FY27) માટે મોંઘવારી દરના અંદાજમાં પણ વધારો કર્યો છે. રિઝર્વ બેંકે કોર ફુગાવાનો અંદાજ અગાઉના 4.3% થી વધારીને 4.4% કર્યો છે.

અમરેલીના રાજકારણનો 'ઠુમ્મર યુગ' પૂરો? વીરજી ઠુમ્મરના નિધનથી સૌરાષ્ટ્રમાં શોકની લહેર

ખેડૂતોના સવાલોથી લઈને સંસદ અને વિધાનસભા સુધી... વીરજી ઠુમ્મરની દાયકાઓ લાંબી રાજકીય સફર કેવી રહી? અને તેમના નિધનથી સૌરાષ્ટ્રના રાજકારણમાં શું અસર પડશે?

અમરેલી, તા.07

ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને અમરેલીના પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મરનું અમરેલી ખાતે નિધન થયું છે. લાંબા સમયથી બીમાર રહેલા વીરજી ઠુમ્મરે ટૂંકી બીમારી બાદ અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનના સમાચારથી અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રના રાજકીય અને સહકારી ક્ષેત્રમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાત દ્વારા તેમના નિધનની માહિતી આપવામાં આવી છે. વીરજી ઠુમ્મરની અંતિમયાત્રા આજે સાંજે 5 વાગ્યે અમરેલી ખાતે તેમના નિવાસસ્થાનેથી નીકળશે. અંતિમયાત્રામાં કોંગ્રેસના નેતાઓ, કાર્યકરો ઉપરાંત સૌરાષ્ટ્રના વિવિધ રાજકીય આગેવાનો અને સમર્થકો જોડાય તેવી શક્યતા છે.

વીરજી ઠુમ્મરની રાજકીય કારકિર્દી લાંબી અને મહત્વપૂર્ણ રહી છે. 1990માં તેઓ બાબરા બેઠક પરથી જનતા દળના ધારાસભ્ય તરીકે પ્રથમ વખત ગુજરાત વિધાનસભામાં પહોંચ્યા હતા. 1995માં બાબરા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે તેઓ ફરી ધારાસભ્ય બન્યા હતા. 1990થી 1998 દરમિયાન તેમણે વિધાનસભામાં વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. 2004ની લોકસભા ચૂંટણીમાં વીરજી ઠુમ્મર અમરેલી બેઠક પરથી કોંગ્રેસના સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેઓ 2004થી 2009 સુધી અમરેલીના સાંસદ રહ્યા હતા. ત્યારબાદ 2017ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં તેઓ લાઠી-બાબરા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને 2017થી 2022 સુધી ધારાસભ્ય તરીકે સેવા આપી હતી. રાજકીય ક્ષેત્ર ઉપરાંત વીરજી ઠુમ્મર વિવિધ સહકારી સંસ્થાઓ સાથે પણ જોડાયેલા રહ્યા હતા.

સૌરાષ્ટ્રના પાટીદાર સમાજમાં પણ તેમની આગવી ઓળખ હતી.

વીરજી ઠુમ્મર ખેડૂતોના પ્રશ્નો, મોંઘવારી અને જનહિતના મુદ્દાઓને લઈને સરકાર સામે અવાજ ઉઠાવવા માટે જાણીતા હતા. વિપક્ષમાં રહીને તેઓ ભાજપ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરતા હતા. તેમના નિવેદનો અને ભાષણોમાં આક્રમક રાજકીય શૈલી જોવા મળતી હતી. જમીન સાથે જોડાયેલા નેતા તરીકે અમરેલી અને સૌરાષ્ટ્રના રાજકારણમાં તેમની અલગ ઓળખ બની હતી. ખેડૂતો અને સ્થાનિક લોકોના પ્રશ્નોને વિધાનસભા તથા સંસદ સુધી પહોંચાડવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.

વીરજી ઠુમ્મરના નિધન પર કોંગ્રેસના નેતા લલિત વસોયાએ શોક વ્યક્ત કરતાં કહ્યું કે તેમના અવસાનથી સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને મોટી ખોટ પડી છે. તેમણે જણાવ્યું કે વીરજી ઠુમ્મર હંમેશા ખેડૂતો અને સમાજ માટે લડતા રહ્યા હતા અને કોંગ્રેસમાં તેમની લડાયક નેતા તરીકે છાપ હતી. લલિત કગથરાએ વીરજી ઠુમ્મરને જમીન સાથે જોડાયેલા નેતા અને પાટીદાર સમાજના મોભી ગણાવ્યા હતા. તેમણે સહકારી ક્ષેત્રમાં વીરજી ઠુમ્મરની સેવાઓને પણ યાદ કરી હતી. ભાજપના પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ પણ દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે પાટીદાર સમાજને મોટી ખોટ પડી છે. અમરેલીના ભાજપ સાંસદ ભરતભાઈ સુતરિયાએ પણ વીરજી ઠુમ્મરના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે વીરજી ઠુમ્મર હંમેશા લોકોના પ્રશ્નો માટે લડતા હતા. તેમના નિધનથી કોંગ્રેસ પરિવારને મોટી ખોટ પડી છે. તેમણે વીરજી ઠુમ્મરની સાદગી, સમર્પણ અને જાહેર સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને યાદ કરી હતી.

વીરજી ઠુમ્મરનો રાજકીય વારસો તેમની પુત્રી જેની ઠુમ્મર પણ આગળ ધપાવી રહ્યા છે. જેની ઠુમ્મર ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ રહી ચૂક્યા છે અને 2024ની લોકસભા ચૂંટણીમાં અમરેલી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. વીરજી ઠુમ્મરના નિધનથી અમરેલી કોંગ્રેસ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના રાજકીય ક્ષેત્રમાં શોકની લાગણી છે. આજે સાંજે 5 વાગ્યે નીકળનારી અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો, કાર્યકરો અને સમર્થકો જોડાય તેવી શક્યતા છે.

અમદાવાદમાં સ્કૂલ સહિત દિલજીત દોસાંઝના કાર્યક્રમ વખતે મોદી સ્ટેડિયમમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી

અમદાવાદ, તા.07

અમદાવાદમાં ફરી એકવાર બોમ્બ બ્લાસ્ટની ધમકી આપતા ઈમેલ મોકલાતા ખળભળાટ મચીગયો છે. આ વખતે 10 જેટલી સ્કૂલો, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તથા દિલજીત દોસાંઝના કાર્યક્રમમાં જ બોમ્બ બ્લાસટ કરવાની ધમકી આપવામાં આવી છે.

ખાસ કરીને વેજલપુરની ઝાયડસ, સેટેલાઈટની બોડકદેવ સ્કૂલ ફોર ચિલ્ડ્રન, છારોડીની એસજીવીપી તથા સંત કબીર અને ડ્રાઈવ ઈન રોડ પર આવેલી એશિયા સ્કૂલ સહિત વિવિધ 10 જેટલી સ્કૂલ તેમજ મોદી સ્ટેડિયમ તથા દિલજીત દોસાંજના કાર્યક્રમમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી.

બોમ્બ બ્લાસ્ટની ધમકી મળતાં જ ઝાયડસ સ્કૂલ દ્વારા વાલીઓને જાણ કરીને તેમના બાળકોને છોડી મૂકવામાં આવ્યા હતા. આ રીતે જ અન્ય સ્કૂલોમાં પણ વાલીઓને જાણ કરીને બાળકોને લઈ જવા કહી દેવામાં આવ્યુ હતું. આ પહેલા પણ અનેક સ્કૂલો અને ગુજરાત હાઈકોર્ટ સહિત અમદાવાદની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી ચૂકી છે.

જોકે આ વખતે ખાલિસ્તાનીઓના નામે મળેલી ધમકીઓમાં દિલજીત દોસાંઝના કોન્સર્ટ વખતે જ બોમ્બ બ્લાસ્ટ

કરવાની ધમકી ઉચ્ચારવામાં આવી છે. તેની સાથે નરેન્દ્ર મોદી સ્ટેડિયમને નિશાન બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

DEO અધિકારી તરફથી પણ જણાવવામાં આવ્યું હતું કે તમામ સ્કૂલોને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આ બાબતે જાણ કરી દેવા અને સ્કૂલમાં પેનિક ન ફેલાય તે રીતે વિદ્યાર્થીઓને ઘરે રવાના કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ઈ-મેઈલમાં ગાયક દિલજીત દોસાંઝ (Daljit Dosanjh) ના આગામી કોન્સર્ટ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત અન્ય સ્ટેડિયમને નિશાન બનાવીને બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી છે, જેમાં 1 નવેમ્બરે દિલ્હીના જે.એલ.એન. સ્ટેડિયમ (JLN Stadium) અને 21 નવેમ્બરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ (Modi Stadium) ખાતે ધમકી આપવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતની શાળાઓ અને અન્ય સ્થળોને પણ નિશાન બનાવવાની ધમકીનો ઉલ્લેખ છે.

આ ધમકી 'ખાલિસ્તાન નેશનલ આર્મી - બબ્બર ખાલસા' (Khalistan National Army - Babbar Khalsa (Parmar-Canada)) ના નામે આપવામાં આવી છે. મેઈલના અંતે તેના સભ્યો તરીકે કેટલાક નામ દર્શાવવામાં આવ્યા છે: એન્જિનિયર ગુરનખ સિંહ (રુકાન શાહવાલા), ડૉ. ગુરનિરવૈર સિંહ (ખાન રાજદા), પ્રોફેસર ગુરકાળ સિંહ, પી.એચ.ડી. (ખેમ કરણ), પ્રોફેસર ગુરંગાર સિંહ (જંડિયાલા ગુરુ).

અમદાવાદમાં ફરી બોસ સ્કેમ: માલિકના નંબર પરથી મેસેજ કરી એકાઉન્ટન્ટ પાસે 95.80 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

અમદાવાદ, તા.07

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા અને એલિસબ્રિજની ખાનગી ફાઈનાન્સ કંપનીમાં છેલ્લા છ મહિનાથી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા 51 વર્ષીય કર્મચારી સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ગત 6 જુલાઈએ તેમના WhatsApp પર અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. ઠગોએ કંપનીના માલિકના નામે આ નંબર રાખ્યો હતો અને પ્રોફાઈલ પિક્ચરમાં પણ માલિકનો ફોટો રાખ્યો હતો.

મેસેજમાં એક બેંક ખાતાની વિગતો મોકલી તેમાં 95.80 લાખ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. મેસેજ માલિક તરફથી જ આવ્યો હોવાનું માનીને એકાઉન્ટન્ટે કોઈ શંકા કરી નહોતી. કંપનીના નાણાકીય વ્યવહારો સંભાળતા હોવાથી તેમણે સૂચન મુજબ તરત જ ઓનલાઈન માધ્યમથી 95.80 લાખ રૂપિયા સંબંધિત ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા.

ઠગોએ એકાઉન્ટન્ટને બીજા દિવસે ફરી એ જ નંબર પરથી મેસેજ કર્યો હતો. આ વખતે અન્ય એક બેંક ખાતામાં 1.26 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે કહેવામાં આવ્યું હતું. અગાઉની રકમ કરતાં પણ મોટી રકમ હોવાથી એકાઉન્ટન્ટને શંકા ગઈ હતી. તેથી તેમણે સીધા ઓફિસમાં જઈને માલિક સાથે આ વ્યવહાર અંગે વાત કરી હતી.

ઓફિસમાં માલિક સાથે વાત કરતાં સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. માલિકે સ્પષ્ટતા કરી હતી કે તેમણે એકાઉન્ટન્ટને અગાઉ કે તે દિવસે આવો કોઈ મેસેજ કર્યો જ નહોતો. આ સાંભળીને એકાઉન્ટન્ટને પોતાની સાથે સાયબર ઠગાઈ થઈ હોવાનું સમજાયું હતું. ઠગોએ માલિકના નામ અને ફોટાનો ઉપયોગ કરીને તેમને વિશ્વાસમાં લીધા હતા.

ઠગાઈની જાણ થતાં એકાઉન્ટન્ટે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તેમાં 95.80 લાખ રૂપિયાની રકમ ઓનલાઈન ટ્રાન્સફર થઈ હોવાની વિગતો આપવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ હવે મેસેજ મોકલનાર નંબર, બેંક ખાતું અને નાણાકીય વ્યવહારોની વિગતોના આધારે આરોપીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર તાત્કાલિક પગલાં લેવા આદેશ: સરકારે બનાવી SOP, બેદરકાર અધિકારીઓ સામે થશે કાર્યવાહી!

અમદાવાદ, તા.07

ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાઓના સમયબદ્ધ પાલન અંગે વહીવટી વ્યવસ્થાને વધુ સ્પષ્ટ અને જવાબદાર બનાવવાની દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે. સરકાર દ્વારા રાજ્યના તમામ વહીવટી વિભાગો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર(SOP) નક્કી કરવામાં આવી છે, જેના હેઠળ અદાલતનો નિર્ણય મળ્યા બાદ વિભાગોએ નિયત પ્રક્રિયા અને સમયમર્યાદા મુજબ કાર્યવાહી કરવાની રહેશે. ચુકાદાઓના અમલમાં થતો બિનજરૂરી વિલંબ અટકાવવા અને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એટલે કે અદાલતી અવમાનનાની ઊભી થતી સ્થિતિને રોકવાનો SOPનો મુખ્ય હેતુ છે.

કાયદા વિભાગના તાજેતરના પરિપત્ર મુજબ, ન્યાયાલયના નિર્ણય બાદ સમયસર કાર્યવાહી ન થવાથી આદેશના અમલમાં વિલંબ થઈ શકે છે. નવી SOP આ વહીવટી વિલંબને ઘટાડવા માટે પ્રક્રિયાને ટાઈમ-બાઉન્ડ બનાવે છે.

જો સંબંધિત વહીવટી વિભાગ હાઈકોર્ટના ચુકાદાને સ્વીકારે છે, તો નાણાં વિભાગે નક્કી કરેલી પ્રક્રિયા અનુસાર જરૂરી કાર્યવાહી કરવી પડશે. જ્યારે વિભાગને ચુકાદા સામે અપીલ કરવી યોગ્ય લાગે, ત્યારે વિભાગીય અભિપ્રાય સાથે કાયદા વિભાગની સલાહ લઈને નિયત સમયમર્યાદામાં લિટિગેશનની કાર્યવાહી શરૂ કરવાની રહેશે. આ સાથે કાયદા વિભાગ દ્વારા 29 જૂન 2024ના રોજ જાહેર કરાયેલા નિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત વહીવટી વિભાગની રહેશે. એટલે કે ચુકાદો આવ્યા બાદ તેને પડતર રાખવાને બદલે વિભાગે સમયબદ્ધ રીતે એ નક્કી કરવાનું રહેશે કે નિર્ણય સ્વીકારવો છે કે તેની સામે કાનૂની

પ્રક્રિયા હાથ ધરવી છે.

અપીલ સંબંધિત દરખાસ્ત તૈયાર કરતી વખતે ઈ-ફાઈલમાં નોંધાયેલી નોંધ સાથે તેમાં સંદર્ભિત દસ્તાવેજોને ઈ-સરકાર પ્રણાલીમાં અપલોડ કરવા અનિવાર્ય રહેશે. સંબંધિત દસ્તાવેજો અને સંદર્ભોને સ્પષ્ટ હાઈપરલિંક સાથે નોંધવા પડશે તથા પ્રસ્તાવમાં જરૂરી વિગતો ઉપલબ્ધ કરાવવી પડશે. સક્ષમ અધિકારીની સહીવાળી ચેકલિસ્ટમાં વિલંબના કારણો સહિત જરૂરી માહિતી નોંધવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આથી અપીલની દરખાસ્તોમાં દસ્તાવેજી સંપૂર્ણતા અને પ્રક્રિયાની સ્પષ્ટતા સુનિશ્ચિત થશે તથા બિનજરૂરી પત્રવ્યવહાર અથવા દસ્તાવેજોની અછતને કારણે થતા વિલંબને ઘટાડવામાં મદદ મળશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે, સમયમર્યાદાના અંતિમ તબક્કામાં કાયદા વિભાગ સમક્ષ દરખાસ્ત મોકલવાથી થતો બિનજરૂરી વિલંબ અટકાવવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે. જો કોઈ કિસ્સામાં નિયત સમયમર્યાદાના ઉલ્લંઘન માટે કોઈ અધિકારી જવાબદાર જણાશે, તો લાગુ નિયમો અનુસાર જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવાની જવાબદારી વિભાગના વડાની રહેશે.

કેટલાક કિસ્સાઓમાં વ્યવહારુ કારણોસર હાઈકોર્ટના આદેશનો નિયત સમયગાળામાં અમલ કરવો શક્ય ન પણ બને. ઉદાહરણ તરીકે રેકોર્ડ ઉપલબ્ધ ન હોવા, સેવા સંબંધિત જરૂરી માહિતીનો અભાવ અથવા ચુકાદા અનુસાર નિર્ણય લેવાની પ્રક્રિયા પડતર હોવી. આવી પરિસ્થિતિમાં સંબંધિત વિભાગે હાઈકોર્ટમાં મિસ્લેનિયસ સિવિલ એપ્લિકેશન ફોર ટાઈમ એક્સટેન્શન દાખલ કરીને વધારાનો સમય માગવાની કાર્યવાહી કરવાની રહેશે. મહત્ત્વપૂર્ણ રીતે વધારાના સમય માટેની આ અરજી હાઈકોર્ટ દ્વારા મૂળ ચુકાદામાં નિર્ધારિત સમયમર્યાદાની અંદર જ દાખલ કરવાની રહેશે. તેને અંતિમ સમય સુધી પડતર રાખવાને બદલે સમયસર કોર્ટ સમક્ષ રજૂ કરવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે. નવી SOPથી હાઈકોર્ટના આદેશો બાદ અમલ, અપીલ અથવા સમયવધારો, આ ત્રણેય પરિસ્થિતિઓ માટે સ્પષ્ટ વહીવટી માર્ગ નક્કી થયો છે. આથી ન્યાયિક આદેશોના અમલમાં સમયબદ્ધતા વધારવા, બિનજરૂરી વિલંબ ઘટાડવા અને જવાબદારી નક્કી કરવાની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવામાં મદદ મળશે.

વૈભવ શિંદે નામના ઠગે વિદેશ મોકલવાના બહાને આચર્યું લાખો રૂપિયાનું કૌભાંડ

અમદાવાદ, તા.07

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા નવરંગપુરામાં વિદેશ મોકલવાના નામે નિર્દોષ લોકો સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હોવાની અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. નવરંગપુરા ખાતે કાર્યરત 'ફોર્ચ્યુન ઈન્ટરનેશનલ વિઝા કન્સલ્ટન્સી'ના માલિક વૈભવ શિંદે વિરુદ્ધ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. આ કૌભાંડમાં લક્ઝમબર્ગ, નોર્વે અને આયર્લેન્ડ જેવા દેશોમાં વર્ક વિઝા અપાવવાની લાલચ આપીને ભોગ બનનાર નાગરિકો પાસેથી કુલ 12.25 લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે.

શાસ્ત્રીનગરમાં રહેતી અને એચઆર (HR) તરીકે નોકરી

કરતી 28 વર્ષીય કૃપા જોશીએ વર્ષ 2024ના એપ્રિલ મહિનામાં ઓનલાઈન જાહેરાત જોઈને આ કન્સલ્ટન્સી ઓફિસનો સંપર્ક કર્યો હતો. કંપનીના માલિક વૈભવ શિંદે અને કર્મચારી ગણેશ સોનવણેએ લક્ઝમબર્ગના વર્ક વિઝા અને ત્યાં રહેવાની ઉત્તમ વ્યવસ્થા કરી આપવાનો વિશ્વાસ આપી 9 લાખ રૂપિયાનો કુલ ખર્ચ જણાવ્યો હતો. યુવતીએ ચેક, ઓનલાઈન ટ્રાન્સફર અને રોકડ મારફતે ટુકડે ટુકડે કુલ 5.10 લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. ત્યારબાદ વૈભવે નોર્વે અને આયર્લેન્ડના લેટર આપીને ફાઈલો મૂકી હતી.

આ તમામ દેશોની વિઝા ફાઈલ રિજેક્ટ થવા છતાં આરોપીઓએ અલગ-અલગ બહાના બનાવીને પીડિતોને ગોથે ચડાવ્યા હતા અને પૈસા પરત આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ કૌભાંડમાં માત્ર કૃપા જોશી જ નહીં, પરંતુ અન્ય બે વ્યક્તિઓ પણ ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. વૈભવ શિંદેએ ગાંધીનગરના અમિતભાઈ દવે પાસેથી 1.50 લાખ રૂપિયા અને નારોલના અમીષાબેન પટેલ પાસેથી 5.65 લાખ રૂપિયા વિદેશ મોકલવાના બહાને પડાવ્યા હતા. આમ, કુલ 3 લોકો પાસેથી 12.25 લાખ રૂપિયા પડાવીને ગંભીર વિશ્વાસઘાત કરાયો છે.

ભોગ બનનાર યુવતીની હિંમતભરી ફરિયાદના આધારે નવરંગપુરા પોલીસે કન્સલ્ટન્સીના માલિક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ આરોપી વિરુદ્ધ અગાઉ પણ વિઝા ફ્રોડ અને છેતરપિંડીની આવી ફરિયાદો નોંધાઈ ચૂકી છે. પોલીસે નાગરિકોને ખાસ અપીલ કરી છે કે કોઈપણ એજન્ટ કે કન્સલ્ટન્સીને વિઝા માટે નાણાં આપતા પહેલા તેની સત્તાવાર માન્યતા અને દસ્તાવેજોની પૂરી ચકાસણી અવશ્ય કરવી જોઈએ, જેથી આ પ્રકારે થતી છેતરપિંડીથી સુરક્ષિત રહી શકાય.

અમદાવાદમાં શ્રમિક દંપતીના 37 દિવસના બાળકને 6 લાખમાં વેચવા જતા 4 આરોપી ઝડપાયા.....

અમદાવાદ, તા.07

અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં ફૂટપાથ પર માતા-પિતા સાથે સૂઈ રહેલા માત્ર 37 દિવસના શ્રમિક દંપતીના માસૂમ બાળકનું અપહરણ કરનાર ગેંગનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આ કેસમાં મુખ્ય મહિલા આરોપી જીનલ પરમાર, ઉત્તર પ્રદેશના ભુવનેશ અને બે સગીર સહિત કુલ 4 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અપહરણ થયાના 37 કલાકની અંદર જ આ માસૂમ બાળકને સહીસલામત તેના પરિવારને પરત સોંપવામાં આવ્યું છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે મહિલા આરોપી જીનલ ગોવિંદભાઈ પરમારે આ ઘટનાને અંજામ આપવા માટે ન્યુ રાણીપ અને સોલા સિવિલ હોસ્પિટલ સહિતના વિવિધ સ્થળોએ અગાઉથી રેકી કરી હતી. ન્યુ રાણીપના તળાવ પાસે ફૂટપાથ પર રહીને કડિયા કામ કરતા શ્રમિક દંપતી સાથે સૂતેલા એક માસ અને 7 દિવસના બાળક પર નજર રાખીને તેનું અપહરણ કરવાનું નક્કી કરાયું હતું. પોલીસ રિમાન્ડ અને બાળ તસ્કરીના રેકેટની તપાસક્રાઈમ બ્રાન્ચે મુખ્ય આરોપી જીનલ પરમારના રિમાન્ડ મેળવીને સઘન પૂછપરછ હાથ ધરી છે. આ બાળ તસ્કરીના નેટવર્કમાં વિદેશી ગેંગ કે અન્ય કોઈ આંતરરાજ્ય કનેક્શન છે કે કેમ તેની દિશામાં પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. નિસંતાન દંપતીઓને ગેરકાયદેસર રીતે બાળકો વેચવાના આ રેકેટના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ પકડાયેલા આરોપીઓની કડક પૂછપરછ કરી રહી છે.

ગોતામાં માર્બલના બિઝનેસમેન દંપતી સાથે 47.28 લાખ રૂપિયાની છેતરપિંડી, કમિશન એજન્ટે ડમી કંપની બનાવી આચર્યું કૌભાંડ

અમદાવાદ, તા.07

અમદાવાદના ગોતા વિસ્તારમાં માર્બલ અને સ્ટોનનો વ્યવસાય કરતા દંપતી સાથે તેમના જ કમિશન એજન્ટે 47.28 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી જય કાર્તિકભાઈ રાવલે વેપારી દંપતીની કંપનીના નામ સાથે મળતું આવતું નામ ધરાવતી ડમી કંપની બનાવી હતી. ત્યારબાદ પોતે કંપનીનો ભાગીદાર હોવાનું જણાવી ગ્રાહક પાસેથી બાકી રહેલા 47,28,596 રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. જગતપુરમાં રહેતા મેઘાબેન અને તેમના પતિ રાહુલ અગ્રવાલ ગોતામાં હિમાલયા ગ્રેનાઈટ નામથી માર્બલ અને સ્ટોનનો વ્યવસાય કરે છે. જાન્યુઆરી 2025માં તેમની મુલાકાત જય રાવલ સાથે થઈ હતી. જય રાવલે કમિશનના બદલામાં ડી.એન.એમ. ઈન્ટીરીયર પાસેથી ટાઈલ્સ અને ગ્રેનાઈટના ઓર્ડર અપાવવાની વાત કરી હતી. ત્યારબાદ એપ્રિલ 2025થી જૂન 2026 સુધી હિમાલયા ગ્રેનાઈટ દ્વારા ડી.એન.એમ. ઈન્ટીરીયરને માલ સપ્લાય કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં જય રાવલને નક્કી કરેલું કમિશન પણ ચૂકવવામાં આવતું હતું. દરમિયાન માર્ચ 2026માં મેઘાબેનની

સાસુનું અવસાન થતાં દંપતી મરણવિધિ સહિતની કામગીરીમાં વ્યસ્ત હતું. ઓગસ્ટ 2026માં કંપનીના હિસાબો તપાસતાં ડી.એન.એમ. ઈન્ટીરીયર તરફથી મોટી રકમનું પેમેન્ટ બાકી હોવાનું ધ્યાનમાં આવ્યું. આથી રાહુલ અગ્રવાલે કંપનીના માલિક ધર્મેશભાઈનો સંપર્ક કરી ઉઘરાણી કરી હતી. ત્યારે ધર્મેશભાઈએ ચોંકાવનારી માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે 47,28,596 રૂપિયાનું પેમેન્ટ અગાઉ જ કરી દેવામાં આવ્યું છે. જય રાવલે પોતે હિમાલયા ગ્રેનાઈટનો ભાગીદાર હોવાનું કહીને નવું બેંક એકાઉન્ટ આપ્યું હતું અને તેમાં પેમેન્ટ કરવાનું જણાવ્યું હતું. આ વાત સામે આવ્યા બાદ રાહુલ અગ્રવાલે સ્પષ્ટતા કરી કે જય રાવલ તેમની કંપનીનો ભાગીદાર નહીં, પરંતુ માત્ર કમિશન એજન્ટ છે. ત્યારબાદ વોટ્સએપ સંદેશાઓ અને બેંકની વિગતો તપાસતાં સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું. પોલીસ ફરિયાદ મુજબ, જય રાવલે માત્ર ઉદ્યમ સર્ટિફિકેટના આધારે હિમાલયા ગ્રેનાઈટના નામ સાથે મળતી આવતી ડમી કંપની ઊભી કરી હતી અને આ કંપનીના નામે IDBI બેંકની ગોતા શાખામાં કરંટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ફેબ્રુઆરીથી જુલાઈ 2026 દરમિયાન ડી.એન.એમ. ઈન્ટીરીયર પાસેથી હિમાલયા ગ્રેનાઈટને મળવાપાત્ર કુલ 47,28,596 રૂપિયા આ ખાતામાં ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. મામલો સામે આવ્યા બાદ મેઘાબેન અને રાહુલ અગ્રવાલે જય કાર્તિકભાઈ રાવલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599